

75
આઝાદી કા
અમૃત મહોત્સવ
વર્ષ : ૬૨ ■ અંક : ૧૫ ■ તા.૧-૯-૨૦૨૨
ગુજરાત
ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક
ગીફ્ટ સિટીમાં IFSCA હેડક્વાર્ટરનો શિલાન્યાસ
દેશનાં પ્રથમ બુલિયન એક્ષચેન્જનું લોકાર્પણ

# ખેતી-પશુપાલનની પ્રગતિએ સાબરકાંઠાના વિકાસને વેગવાન બનાવ્યો



## સાબર ડેરીના રૂ. ૧૦૩૦ કરોડના પ્રકલ્પો રાષ્ટ્રને અર્પણ



Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 62 ▪ Issue : 15 ▪ Date 1 - 8 - 2022

**તંત્રી** : આર. કે. મહેતા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ વિભાગ** : એન. એમ. રાઠોડ, ગીતા દેસાઇ, બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા
નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત
અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા
ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ



- ગુજરાત ૩૬મી નેશનલ ગેઈમ્સની ભવ્ય યજમાની કરશે.
- દેશભરમાંથી ગુજરાત આવનારા ખેલાડીઓને આવકારવા રાજ્યમાં અદમ્ય ઉત્સાહ છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભારતમાં ખેલકૂદ ક્ષેત્રનો સુવર્ણકાળ આવ્યો છે.
- ફિટ ઇન્ડિયા જેવા અભિયાનથી વડાપ્રધાનશ્રીએ દેશમાં સ્પોર્ટ્સ અને ફિટનેસનો જુવાળ ઊભો કર્યો છે.
- ભારતમાં સ્પોર્ટિંગ કલ્ચર, સ્પોર્ટિંગ કોમ્યુનિટી અને ડિસિપ્લિન વિકસી રહ્યાં છે.
- ગુજરાતે વ્યાપક ફલક ઉપર સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કર્યું છે.
- ખેલકૂદના માધ્યમથી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નો સંકલ્પ સાકાર થઈ શકે છે.
- ગુજરાતની આગવી ઓળખ એવા ગીરના સિંહ અને વિવિધ રમતોના ચિહ્નોને લૉગોમાં સ્થાન મળ્યું છે.
- ગુજરાત આંતરરાષ્ટ્રીય કક્ષાની રમત સ્પર્ધાઓ અને ઑલિમ્પિક જેવી મેગા સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ યોજવા માટે સજ્જ બની રહ્યું છે.
- ગુજરાતની અસ્મિતા સાથે ખેલકૂદનો જુસ્સો લૉગોમાં ઝળકી રહ્યો છે.

(૩૬મી નેશનલ ગેઈમ્સના લોગો અનાવરણ અવસરે આપેલા વક્તવ્યના અંશો)



## વિકાસયાત્રા


10 ગીફ્ટ સિટીમાં IFSCA હેડક્વાર્ટરનો શિલાન્યાસ : દેશનાં પ્રથમ બુલિયન એક્ષચેન્જનું લોકાર્પણ

15 ગાંધીનગરમાં PM સ્વનિધિ ઉત્સવ ઉજવાયો

16 વડાપ્રધાનશ્રી દ્વારા સાબર ડેરીના રૂ.૧૦૩૦ કરોડના પ્રકલ્પો રાષ્ટ્રને અર્પણ

20 ઔડાને રૂ. ૨૧૦ કરોડનાં વિકાસકાર્યોની ભેટ ધરતાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી

22 ઈ-કોપ, ત્રિનેત્ર, વિશ્વાસ-આશ્વસ્ત બાદ ગુજરાત પોલીસનો અદ્યતન પ્રકલ્પ : e-FIR

26 ૩૬મી નેશનલ ગેઇમ્સ-૨૦૨૨નાં લોગોનું લોન્ચીંગ

28 ગુજરાત સ્ટેટ જ્યુડિશિયલ ઑફિસર્સનું પ્રથમ અધિવેશન

30 કોવિડના પ્રિકોશન ડોઝના રાજ્યવ્યાપી અભિયાનનો પ્રારંભ

31 ગુજરાતમાં ૧ કરોડ ઘરમાં રાષ્ટ્રધ્વજ લહેરાવાશે

33 ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી ૨૦૨૨-૨૦૨૭ જાહેર

35 ગુજરાત વિધાનસભામાં યોજાઇ "યુવા મોડેલ એસેમ્બલી"

6 સંવાદ

9 પદગ્રહણ

દેશના 15મા રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂ - ડી. ડી. કાતરીયા

36 ગૌરવ

37 નિર્ણય

41 ન્યૂઝ ફ્લૅશ

42 સમાચાર સંચય

47 સાફલ્યગાથા

50 પ્રેરણા

નર્મદા જિલ્લાએ પૂરું પાડ્યું ડિઝાસ્ટર મેનેજમેન્ટનું ઉત્તમ ઉદાહરણ - યાકુબ ગાદીવાલા






# વિકાસ કાર્યોથી ધમધમતું ગુજરાતનું ગ્રામીણ અર્થતંત્ર

નિરંતર વિકાસ છેલ્લા ૨૦ વર્ષથી ગુજરાતની તાસીર બની ગયો છે. ગુજરાતે દેશને વિકાસની રાજનીતિનો રાહ બતાવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળથી લઈને વર્તમાન સમય સુધી ગુજરાતે તમામ ક્ષેત્રમાં વિકાસની ઊંચાઇઓ સર કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના ઊર્જાવાન નેતૃત્વમાં આજે ગુજરાત દરેક ક્ષેત્રમાં વિકાસની બુલંદીઓ ઉપર પહોંચી રહ્યું છે.

ગુજરાતના ગીફ્ટ સિટીને વૈશ્વિક આર્થિક ગતિવિધિનું કેન્દ્ર બનાવવાનું વડાપ્રધાનશ્રીનું સ્વપ્ન પૂર્ણ થયું છે. ભારતને મહાસત્તા બનાવવાના આર્ષદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ IFSCAના મુખ્યાલયનો શિલાન્યાસ, IIBX અને NSE-IFSC-SGX કનેક્ટનું લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત ત્રણ વિદેશી બેંકોના આંતરરાષ્ટ્રીય બેંકિંગ એકમોનું ઉદ્ઘાટન તથા ન્યુ ડેવલપમેન્ટ બેંક દ્વારા ભારતીય પ્રાદેશિક કાર્યાલયની (IRO) સ્થાપના થઇ. આ તમામ પ્રકલ્પોને પરિણામે મોટા પ્રમાણમાં રોજગારીની તકો ઉભી થશે.

રાજ્યનું ડેરી માર્કેટ આજે ૧ લાખ કરોડ પર પહોંચ્યું છે. વડાપ્રધાનશ્રીએ તાજેતરમાં સાબર ડેરીના રૂ. ૧૦૩૦ કરોડના વિવિધ પ્લાન્ટના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા. આધુનિક ટેક્નોલોજીના વિનિયોગથી સાબર ડેરીની ક્ષમતા અનેક ગણી વધી ગઇ છે. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદમાં રૂ.૨૧૦ કરોડના હાઉસિંગ, ઓવરબ્રિજ, લેક રી-ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત ૧૧ જેટલા વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ- ખાતમુહૂર્ત કર્યું. ઉપરાંત તેમણે માણસામાં સાંસ્કૃતિક ભવન, આધુનિક પુસ્તકાલય અને ૨૬ હજાર બાળકોને પૌષ્ટીક ભોજન આપવાનો પ્રારંભ કરાવ્યો.

રાજ્યનાં શહેરોને લીવેબલ અને લવેબલ બનાવવા માટે રાજ્ય સરકારની પ્રતિબધ્ધતા સૌ કોઇ જાણે છે. મહેસાણામાં મોઢેરા હાઈવે પર રૂ. ૧૪૭ કરોડના ખર્ચે બનેલા સરદાર પટેલ અન્ડરપાસનું લોકાર્પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યું. અમદાવાદ, જૂનાગઢ, સુરતની ચાર ટાઉન પ્લાનિંગ સ્કીમને મંજૂરી આપી તથા રાપર, શિહોર અને થાનગઢમાં વિકાસ માટે નાણાની ફાળવણી તેમજ ''ફાટકમુકત ગુજરાત અભિયાન''ને વેગ આપતાં જૂનાગઢ શહેર અને નવ નગરપાલિકાઓમાં રેલવે ઓવરબ્રિજ નિર્માણ માટે રૂ. ૪૪૩ કરોડના કામોને મુખ્યમંત્રીશ્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી.

રાજ્યના એકમાત્ર બ્લ્યૂ ફ્લેગના વૈશ્વિક ધોરણો અન્વયે વિકસાવાઇ રહેલા શિવરાજપુર બીચના વિકાસકાર્યોનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જામનગરના બેડી બંદરને રેલવે સાથે જોડતી ટ્રેનને પ્રસ્થાન કરાવ્યું, આ પહેલથી જામનગર અને બેડી બંદરના વિકાસને નવી દિશા મળશે. યુવાઓને હીટ અને ફીટ રાખવામાં રમતગમત મહત્ત્વના છે. સાત વર્ષના લાંબા અંતરાલ બાદ યોજાઇ રહેલા ૩૬મા રાષ્ટ્રીય રમતોત્સવનું યજમાન બનવાનું સૌભાગ્ય ગુજરાતને મળ્યું છે ત્યારે તેના લોગો લોન્ચીંગ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રાષ્ટ્રીય રમતોત્સવને ભવ્યતમ સફળતા સાથે પાર પાડવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો. રાજ્યમાં શાંતિ-સલામતી સુનિશ્ચિત કરવામાં પોલીસ બેડાનો મહત્વનો ફાળો છે. નાગરિકો ઘરે બેઠા ઓનલાઈન ફરિયાદ નોંધાવી શકે, તે માટે રાજ્ય સરકારે e-FIR સેવા શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

કોરોના મુક્ત ગુજરાતના લક્ષ્ય સાથે ૧૮થી ૫૯ વર્ષની વયના ગુજરાતના ૪ કરોડ લોકોને કોવિડ વેક્સિનેશનનો પ્રિકોશન ડોઝ વિનામૂલ્યે આપવાના રાજ્યવ્યાપી અભિયાનનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રારંભ કરાવ્યો. સંવેદનશીલતાના સંવાહક એવા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના પૂર પ્રભાવિત વિસ્તારોની મુલાકાત, રાહત અને રેસ્ક્યુ કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. પશુઓમાં ઝડપથી ફેલાતા લમ્પી વાયરસને નાથવા ગામે-ગામ રસીકરણ અને પશુ સારવારના વ્યાપક પગલાં રાજ્ય સરકારે લીધા છે. ગુજરાતના પ્રત્યેક ક્ષેત્રે લેવાયેલા વિકાસલક્ષી પગલાં અને સિદ્ધીઓથી પ્રેરાઇને ગુજરાત વિકાસ મોડેલ અન્ય રાજ્યો માટે પ્રેરણાદાયી બની રહ્યું છે.

જય જય ગરવી ગુજરાત...

**- આર. કે. મહેતા** આઇ.એ.એસ.
માહિતી નિયામક



# મન કી બાત

## જુલાઈ - 2022

### લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર. 'મન કી બાત'નો આ ૯૧મો હપ્તો છે. આપણે લોકોએ પહેલાં એટલી બધી વાતો કરી છે, અલગ-અલગ વિષયો પર પોતાની વાતો મૂકી છે, પરંતુ આ વખતની 'મન કી બાત' ખૂબ જ વિશેષ છે. તેનું કારણ છે, આ વખતનો સ્વતંત્રતા દિવસ, જ્યારે ભારત તેની સ્વતંત્રતાનાં ૭૫ વર્ષ પૂરાં કરશે. આપણે બધાં ખૂબ જ અદભુત અને ઐતિહાસિક પળના સાક્ષી બનવા જઈ રહ્યા છીએ. ઈશ્વરે આપણને આ ખૂબ જ મોટું સૌભાગ્ય આપ્યું છે. તમે પણ વિચારો, જો ગુલામીના દૌરમાં જન્મ્યા હોત તો આ દિવસની કલ્પના આપણા માટે કેવી હોત? ગુલામીમાંથી મુક્તિની એ તડપ, પરાધીનતાની બેડીઓમાંથી સ્વતંત્રતાનો એ અજંપો - કેટલો મોટો રહ્યો હોત! તે દિવસો, જ્યારે આપણે, રોજેરોજ, લાખો દેશવાસીઓને સ્વતંત્રતા માટે લડતા, ઝઝૂમતા, બલિદાન આપતાં જોતા હોત. જ્યારે આપણે, રોજ સવારે એ સપના સાથે જાગી રહ્યા હોત કે મારું ભારત ક્યારે સ્વતંત્ર થશે અને બની શકે કે આપણા જીવનમાં તે પણ દિવસ આવત કે જ્યારે વંદેમાતરમ્ અને ભારત માતા કી જય બોલતાં-બોલતાં, આપણે આગામી પેઢીઓ માટે, પોતાનું જીવન સમર્પિત કરી દેત, જુવાની વ્યતિત કરી દેત.

સાથીઓ આપણે બધાં દેશવાસીઓ, શહીદ ઉધમસિંહજીની શહીદીને નમન કરીએ છીએ. હું આવા અન્ય બધાં મહાન ક્રાંતિકારીઓને મારી વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું, જેમણે દેશ માટે પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરી દીધું. સાથીઓ, એ જોઈને મને ઘણો આનંદ થાય છે કે સ્વતંત્રતાનો અમૃત મહોત્સવ એક જન આંદોલનનું રૂપ લઈ રહ્યો છે.

બધાં ક્ષેત્રો અને સમાજના પ્રત્યેક વર્ગના લોકો તેની સાથે જોડાયેલા અલગ-અલગ કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યા છે. આવો જ એક કાર્યક્રમ આ મહિનાની શરૂઆતમાં મેઘાલયમાં યોજાયો. મેઘાલયના બહાદુર યૌદ્ધા, યૂ. ટિરોતસિંહજીની પુણ્યતિથિએ લોકોએ તેમને યાદ કર્યા. ટિરોતસિંહજીએ ખાસી હિલ્સ (Khasi Hills) પર નિયંત્રણ કરવા અને ત્યાંની સંસ્કૃતિ પર પ્રહાર કરવાના અંગ્રેજોના ષડયંત્રનો પૂરજોશ વિરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં ઘણા બધા કલાકારોએ સુંદર પ્રસ્તુતિ કરી. ઈતિહાસને જીવંત કરી દીધો. તેમાં એક carnivalનું આયોજન પણ કરવામાં આવ્યું, જેમાં મેઘાલયની મહાન સંસ્કૃતિને ખૂબ જ સુંદર રીતે દર્શાવવામાં આવી. આજથી કેટલાંક અઠવાડિયાં પહેલાં, કર્ણાટકમાં, અમૃત ભારતી કન્નાડાર્થી નામનું એક અભિયાન પણ ચલાવવામાં આવ્યું. તેમાં રાજ્યનાં ૭૫ સ્થાનો પર સ્વતંત્રતાના અમૃત મહોત્સવ સાથે જોડાયેલા મોટા ભવ્ય કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા. તેમાં કર્ણાટકના મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરવાની સાથે જ સ્થાનિક સાહિત્યિક ઉપલબ્ધિઓને

પણ સામે લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

સાથીઓ, આ જુલાઈમાં એક ઘણો જ રોચક પ્રયાસ થયો છે જેનું નામ છે- આઝાદીની રેલગાડી અને રેલવે સ્ટેશન. તે પ્રયાસનું લક્ષ્ય છે કે લોકો સ્વતંત્રતાની લડાઈમાં ભારતીય રેલવેની ભૂમિકા જાણે. દેશમાં અનેક એવાં રેલવે સ્ટેશનો છે, જે સ્વતંત્રતા આંદોલનના ઈતિહાસ સાથે જોડાયેલાં છે. તમે પણ, આ રેલવે સ્ટેશનો વિશે જાણીને આશ્ચર્ય પામી જશો. ઝારખંડના ગોમો જંક્શનને, હવે સત્તાવાર રીતે, નેતાજી સુભાષચંદ્ર બોઝ જંક્શન ગોમોના નામથી ઓળખવામાં આવે છે. જાણો છો કેમ? વાસ્તવમાં, આ સ્ટેશન પર કાલકા મેલમાં સવાર થઈને નેતાજી સુભાષ બ્રિટિશ અધિકારીઓને થાપ આપવામાં સફળ રહ્યા હતા.

તમે બધાંએ લખનઉ પાસે કાકોરી રેલવે મથકનું નામ પણ ચોક્કસ સાંભળ્યું હશે. આ મથક સાથે રામપ્રસાદ બિસ્મિલ અને અશફાક ઉલ્લાહ ખાન જેવા જાંબાઝોનું નામ જોડાયેલું છે. ત્યાં ટ્રેનથી જઈ રહેલા અંગ્રેજોના ખજાનાને લૂંટીને વીર ક્રાંતિકારીઓએ અંગ્રેજોને પોતાની તાકાતનો પરિચય આપ્યો હતો. તમે જ્યારે પણ તમિલનાડુના લોકો સાથે વાત કરશો, તો તમને થુથુકડી જિલ્લાના વાન્ચી મણિયાચ્ચી જંક્શન વિશે જાણવાનું મળશે. તે મથક તમિલ સ્વતંત્રતા સેનાની વાન્ચીનાથનજીના નામ પર છે. આ એ જ સ્થાન છે જ્યાં ૨૫ વર્ષના યુવાન વાન્ચીએ બ્રિટિશ કલેક્ટરને તેનાં દુષ્કૃત્યોની સજા આપી હતી.

મારા પ્રિય દેશવાસીઓ, સ્વતંત્રતાના અમૃત મહોત્સવ અંતર્ગત, ૧૩થી ૧૫ ઑગસ્ટ સુધી, એક special movement, 'હર ઘર તિરંગા- હર ઘર તિરંગા'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ movement નો ભાગ બનીને, ૧૩થી ૧૫ ઑગસ્ટ સુધી, તમે તમારા ઘર પર તિરંગો જરૂર ફરકાવો, અથવા તેને ઘર પર લગાવો. તિરંગો આપણને જોડે છે, આપણને દેશ માટે કંઈક કરવા માટે પ્રેરે છે. મારું એક સૂચન એવું પણ છે કે ૨ ઑગસ્ટથી ૧૫ ઑગસ્ટ સુધી, આપણે બધાં, પોતાની સૉશિયલ મિડિયા પ્રૉફાઇલ પિક્ચર્સમાં તિરંગો લગાવી શકીએ છીએ. શું તમે જાણો છો, ૨ ઑગસ્ટનો આપણા તિરંગા સાથે એક વિશેષ સંબંધ પણ છે? આ દિવસે પિંગલી વેંકૈયાજીની જયંતી આવે છે, જેમણે આપણા રાષ્ટ્રીય ધ્વજની ડિઝાઈન બનાવી હતી. હું તેમને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું. પોતાના રાષ્ટ્રીય ધ્વજ વિશે વાત કરતા હું, મહાન ક્રાંતિકારી મેડમ કામાને પણ યાદ કરીશ. તિરંગાને આકાર આપવામાં તેમની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહી છે.

મારા પ્રિય દેશવાસીઓ, કોરોના વિરુદ્ધ આપણી દેશવાસીઓની લડાઈ હજુ ચાલુ છે. સમગ્ર દુનિયા આજે ઝઝૂમી રહી છે. સર્વાંગીણ આરોગ્યકાળજીમાં લોકોની વધતી રૂચિએ તેમાં બધાની ખૂબ જ મદદ કરી છે. આપણે બધાં જાણીએ છીએ કે તેમાં ભારતીય પારંપરિક પદ્ધતિઓ કેટલી ઉપયોગી છે. કોરોના વિરુદ્ધ લડાઈમાં, આયુષે તો, વૈશ્વિક સ્તર પર મહત્ત્વની ભૂમિકા નિભાવી છે. વિશ્વભરમાં આયુર્વેદ અને ભારતીય ઔષધિઓ પ્રત્યે આકર્ષણ વધી રહ્યું છે. જેના લીધે આયુષ નિકાસમાં વિક્રમી તેજી આવી છે અને તે પણ ઘણું સુખદ છે કે આ ક્ષેત્રમાં અનેક નવાં સ્ટાર્ટ અપ પણ સામે આવી રહ્યાં છે. તાજેતરમાં જ એક ગ્લૉબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ અને ઈનૉવેશન સમિટની બેઠક થઈ હતી. તમને જાણીને નવાઈ લાગશે કે તેમાં લગભગ દસ હજાર કરોડ રૂપિયાના મૂડીરોકાણનાં પ્રસ્તાવો મળ્યા છે.

મારા પ્રિય દેશવાસીઓ, 'મન કી બાત'માં આપણે દર વખતે દેશવાસીઓની એવી સફળતાની ચર્ચા કરીએ છીએ જે આપણા ચહેરા પર મધુર સ્મિત આણે છે. જો કોઈ સફળતાની વાત, મધુર સ્મિત લાવે, અને સ્વાદમાં પણ મીઠાશ ભરે તો તમે તેને જરૂર સોનામાં સુગંધ કહેશો. આપણા ખેડૂતો આ દિવસોમાં મધના ઉત્પાદનમાં આવી જ કમાલ કરી રહ્યા છે. મધની મીઠાશ આપણા ખેડૂતોનું જીવન પણ બદલી રહી છે, તેમની આવક પણ વધી રહી છે. હરિયાણામાં, યમુનાનગરમાં, એક મધમાખીપાલક સાથી રહે છે – સુભાષ કંબોજજી. સુભાષજીએ વૈજ્ઞાનિક રીતે મધમાખીપાલનનું પ્રશિક્ષણ લીધું. તે પછી તેમણે ફક્ત છ બૉક્સ સાથે પોતાનું કામ શરૂ કર્યું. આજે તેઓ લગભગ બે હજાર બૉક્સમાં મધમાખીપાલન કરી રહ્યા છે. તેમનું મધ અનેક રાજ્યોમાં સપ્લાય થાય છે.

"

**૨ ઑગસ્ટથી ૧૫ ઑગસ્ટ સુધી, આપણે બધાં, પોતાની સૉશિયલ મિડિયા પ્રૉફાઇલ પિક્ચર્સમાં તિરંગો લગાવી શકીએ છીએ**

"

જમ્મુના પલ્લી ગામમાં વિનોદકુમારજી પણ દોઢ હજારથી વધુ કૉલોનીઓમાં મધમાખીપાલન કરી રહ્યા છે. તેમણે ગયા વર્ષે, રાની માખી પાલનનું પ્રશિક્ષણ લીધું છે. આ કામથી, તેઓ વર્ષે ૧૫થી ૨૦ લાખ રૂપિયા કમાઈ રહ્યા છે.

મારા પ્રિય દેશવાસીઓ, મને હિમાચલ પ્રદેશથી 'મન કી બાત'ના એક શ્રોતા આશીષ બહલજીનો એક પત્ર મળ્યો છે. તેમણે પોતાના પત્રમાં ચંબાના 'મિંજર મેળા'નો ઉલ્લેખ કર્યો છે. વાસ્તવમાં, મિંજર મકાઈનાં ફૂલોને કહે છે. જ્યારે મકાઈમાં માંજર આવે છે, તો મિંજર મેળો યોજવામાં આવે છે અને આ મેળામાં, દેશભરના પર્યટકો, દૂર-દૂરથી ભાગ લેવા આવે છે. સંયોગથી મિંજર મેળો આ સમયે ચાલી પણ રહ્યો છે. જો તમે હિમાચલ પ્રદેશ ફરવા ગયા હો તો આ મેળાને જોવા ચંબા જઈ શકો છો. ચંબા તો એટલું સુંદર છે કે ત્યાંનાં લોકગીતોમાં વારંવાર કહેવાય છે-

'ચંબે ઈક દિન ઓણા કને મહીના રૈણા'.

અર્થાત્ જે લોકો એક દિવસ માટે ચંબા આવે છે, તેઓ ત્યાંની સુંદરતા જોઈને મહિના સુધી ત્યાં રોકાઈ જાય છે.

સાથીઓ, આપણા દેશમાં મેળાનું પણ ઘણું સાંસ્કૃતિક મહત્ત્વ છે. મેળો, જન-મન બંનેને જોડે છે. હિમાચલમાં વર્ષા પછી જ્યારે ખરીફનો પાક પાકે છે, ત્યારે સપ્ટેમ્બરમાં, શિમલા, મંડી, કુલ્લૂ અને સોલનમાં

સૈરી અથવા સૈર પણ ઉજવવામાં આવે છે. સપ્ટેમ્બરમાં જ જાગરા પણ આવનાર છે. જાગરાના મેળાઓમાં મહાસૂ દેવતાનું આહ્વાન કરીને બીસૂ ગીત ગાવામાં આવે છે. મહાસૂ દેવતાનું આ જાગર હિમાચલમાં શિમલા, કિન્નૌર અને સિરમૌર સાથે-સાથે ઉત્તરાખંડમાં પણ થાય છે.

સાથીઓ, આપણા દેશમાં અલગ-અલગ રાજ્યોમાં આદિવાસી સમાજમાં પણ અનેક પારંપરિક મેળાઓ થાય છે. તેમાંથી કેટલાક મેળા આદિવાસી સંસ્કૃતિ સાથે જોડાયેલા છે, તો કેટલાકનું આયોજન, આદિવાસી ઇતિહાસ અને વારસા સાથે જોડાયેલું છે, જેમ કે, જો તમને તક મળે તો તેલંગાણાના મેડારમનો ચાર દિવસનો સમક્કા-સરલમ્મા જાતરા મેળો જોવા જરૂર જજો. આ મેળાને તેલંગાણાનો મહાકુંભ કહેવાય છે. સરલમ્મા જાતરા મેળો, બે આદિવાસી મહિલા નાયિકાઓ, સમક્કા અને સરલમ્માના સન્માનમાં યોજવામાં આવે છે. તે તેલંગાણા જ નહીં, પરંતુ છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને આંધ્ર પ્રદેશના કોયા આદિવાસી સમુદાય માટે આસ્થાનું મોટું કેન્દ્ર છે. આંધ્ર પ્રદેશમાં મારીદમ્માનો મેળો પણ આદિવાસી સમાજની માન્યતાઓ સાથે જોડાયેલો મોટો મેળો છે. મારીદમ્માનો મેળો જેઠ અમાસથી અષાઢ અમાસ સુધી ચાલે છે આ રીતે રાજસ્થાનમાં ગરાસિયા જનજાતિના લોકો વૈશાખ શુક્લ ચતુર્દશીના દિને 'સિયાવા કા મેલા', અથવા 'મનખાં રો મેલા'નું આયોજન કરે છે.

છત્તીસગઢમાં બસ્તરના નારાયણપુરનો 'માવલી મેળો' પણ ખૂબ જ વિશેષ હોય છે. પાસે જ, મધ્ય પ્રદેશનો 'ભગોરિયો મેળો' પણ ઘણો પ્રસિદ્ધ છે. કહે છે કે, ભગોરિયા મેળાની શરૂઆત, રાજા ભોજના સમયમાં થઈ છે. ત્યારે ભીલ રાજા કાસૂમરા અને બાલૂને પોત-પોતાની રાજધાનીમાં પહેલી વાર આ મેળા યોજ્યા હતા. ત્યારથી આજ સુધી, આ મેળા, એટલા જ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. આ જ રીતે, ગુજરાતમાં તરણેતર અને માધવપુર જેવા અનેક મેળા ઘણા પ્રખ્યાત છે. મેળા, પોતાની રીતે, આપણા સમાજ, જીવનની ઊર્જાનો બહુ મોટો સ્રોત હોય છે. તમારી આસપાસ પણ આવા અનેક મેળા થતા હશે. આધુનિક સમયમાં સમાજની આ જૂની કડીઓ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને મજબૂત કરવા માટે ખૂબ જ આવશ્યક છે.

મારા પ્રિય દેશવાસીઓ, તમને ધ્યાનમાં હશે કે 'મન કી બાત'ના એક હપ્તામાં મેં કહ્યું હતું કે ભારત પાસે રમકડાં નિકાસનું powerhouse બનવાની પૂરી ક્ષમતા છે. મેં રમતગમતમાં ભારતના સમૃદ્ધ વારસાની વિશેષ રીતે ચર્ચા કરી હતી. ભારતના સ્થાનિક રમકડાં, પરંપરા અને પ્રકૃતિ બંને ને અનુરૂપ હોય છે. પર્યાવરણને અનુકૂળ હોય છે. તમને એ જાણીને પણ સારું લાગશે કે ભારતમાં હવે, વિદેશથી આવતાં રમકડાંની સંખ્યા સતત ઘટી રહી છે. પહેલાં ત્રણ હજાર કરોડ રૂપિયા થી પણ વધુ નાં રમકડાં બહારથી આવતાં હતાં, ત્યારે આજે તેની આયાત ૭૦ ટકા સુધી ઘટી ગઈ છે અને આનંદની વાત એ છે કે આ દરમિયાન ભારતે બે હજાર છસ્સો કરોડ રૂપિયાથી વધુનાં રમકડાંની વિદેશોમાં નિકાસ કરી છે. જ્યારે, પહેલાં ૩૦૦-૪૦૦ કરોડ રૂપિયાનાં રમકડાં જ ભારતથી બહાર જતાં હતાં અને તમે જાણો જ છો કે આ બધું, કોરોનાકાળમાં થયું છે. ભારતના રમકડાં ઉદ્યોગે પોતાનામાં પરિવર્તન લાવીને દેખાડ્યું છે.

> “ભારતમાં હવે, વિદેશથી આવતાં રમકડાંની સંખ્યા સતત ઘટી રહી છે. પહેલાં ત્રણ હજાર કરોડ રૂપિયાથી વધુનાં રમકડાં બહારથી આવતાં હતાં, ત્યારે આજે તેની આયાત ૭૦ ટકા સુધી ઘટી ગઇ છે”

સાથીઓ, વર્ગખંડ હોય કે રમતનું મેદાન, આજે આપણા યુવાનો, દરેક ક્ષેત્રમાં, દેશને ગૌરવાન્વિત કરી રહ્યા છે. આ મહિને, પી. વી. સિંધુએ સિંગાપુર ઑપનનો પોતાનો પહેલો ખિતાબ જીત્યો છે. નીરજ ચોપરાએ પણ પોતાનું સારું પ્રદર્શન ચાલુ રાખતાં, વર્લ્ડ ઍથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં દેશ માટે રજત ચંદ્રક જીત્યો છે. આયર્લેન્ડ પેરા બૅડમિન્ટન ઇન્ટરનેશનલમાં પણ આપણા ખેલાડીઓએ ૧૧ ચંદ્રક જીતીને દેશનું માન વધાર્યું છે. રોમમાં થયેલી વર્લ્ડ કેડેટ રેસલિંગ ચેમ્પિયનશિપમાં પણ ભારતીય ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું. આપણા એથલેટ સૂરજે તો Greco-Roman ઇવેન્ટમાં કમાલ જ કરી બતાવી. તેમણે ૩ર વર્ષના લાંબા અંતરાલ પછી આ ઇવેન્ટમાં રેસલિંગનો સુવર્ણ ચંદ્રક જીત્યો છે. ખેલાડીઓ માટે તો આ પૂરો મહિનો જ પ્રવૃત્તિઓથી ભરપૂર રહ્યો છે. હું બધા ખેલાડીઓ અને એથ્લેટને દેશવાસીઓ તરફથી શુભકામના પાઠવું છું

સાથીઓ, કેટલાક દિવસો પહેલાં જ, દેશભરમાં દસમા અને બારમા ધોરણનાં પરિણામો પણ જાહેર થયાં છે. હું એ બધા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવું છું જેમણે પોતાના કઠિન પરિશ્રમ અને લગનથી સફળતા પ્રાપ્ત કરી છે. રોગચાળાના કારણે ગત બે વર્ષ, ઘણાં પડકારરૂપ રહ્યાં છે. આ પરિસ્થિતિઓમાં પણ આપણા યુવાનોએ જે સાહસ અને સંયમનો પરિચય આપ્યો, તે ખૂબ જ પ્રશંસનીય છે. હું બધાના ઉજ્જવળ ભવિષ્યની કામના કરું છું.

મારા પ્રિય દેશવાસીઓ, આજે આપણે સ્વતંત્રતાનાં ૭૫ વર્ષ પર, દેશની યાત્રા સાથે, આપણી ચર્ચા શરૂ કરી હતી. આવતા વખતે, જ્યારે આપણે મળીશું તો આપણા આગામી ૨૫ વર્ષની યાત્રા પણ શરૂ થઈ ગઈ હશે. પોતાના ઘર અને સ્વજનોનાં ઘર પર, આપણો પ્રિય તિરંગો ફરકે, તે માટે આપણે બધાંએ જોડાવાનું છે. તમે આ વખતે સ્વતંત્રતા દિવસ કેવી રીતે મનાવ્યો, શું વિશેષ કર્યું, તે પણ મને જરૂર જણાવજો. આવતા વખતે, આપણે, આપણા આ અમૃતપર્વના અલગ-અલગ રંગો પર ફરીથી વાત કરીશું, ત્યાં સુધી મને આજ્ઞા આપજો.

ખૂબ ખૂબ ધન્યવાદ.

# દેશના ૧૫મા રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂ

✎ ડી. ડી. કાતરીયા



દેશના 15મા રાષ્ટ્રપતિ તરીકે શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ શપથ ગ્રહણ કર્યા છે. તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં દેશના ૧૫મા રાષ્ટ્રપતિ તરીકે ૬૪ વર્ષીય શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ પોતાના હરીફ ઉમેદવાર શ્રી યશવંત સિંહાને હરાવીને જીત મેળવી છે. શ્રીમતી દ્રૌપદી મુર્મૂ દેશનાં પ્રથમ સૌથી યુવા રાષ્ટ્રપતિ તરીકે તા.૨૫મી જુલાઈ, ૨૦૨૨ના રોજ હોદ્દાના ગોપનીયતાના શપથ લીધા બાદ તેઓ શ્રી રામનાથ કોવિંદનાં અનુગામી બન્યાં છે. શ્રીમતી દ્રૌપદી મુર્મૂને ૬,૭૬,૮૦૩ વેલ્યૂ મતો મળ્યા હતા. જયારે, શ્રી યશવંત સિંહાને ૩,૮૦,૧૭૭ વેલ્યૂ મતો મળ્યા હતા. આ ચૂંટણીમાં શ્રીમતી દ્રૌપદી મુર્મૂ એકંદરે ૬૪ ટકા કરતાં વધુ મત મેળવીને વિજયી બન્યાં છે. રાષ્ટ્રપતિશ્રીની ચૂંટણી માટે રિટર્નિંગ ઑફિસર તરીકે રાજ્યસભાના મહાસચિવ શ્રી પી.સી. મોદીએ ફરજો બજાવી હતી.

નવાં ચૂંટાયેલાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂ દેશનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટીલ પછી બીજા મહિલા રાષ્ટ્રપતિ છે. દેશ હાલ આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહયો છે ત્યારે શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ અનુસૂચિત જનજાતિ (સંથાલ-આદિવાસી) સમાજનાં દેશનાં પ્રથમ રાષ્ટ્રપતિ બનીને ઇતિહાસ રચ્યો છે. તેઓ ઓરિસ્સા (ઓડીસા) રાજ્યના મયૂરગંજ જિલ્લાનાં વતની છે. દેશની આઝાદી પછી, એટલે કે તા.૨૦મી જૂન, ૧૯૫૮ના રોજ જન્મેલાં શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ સને ૧૯૯૭માં પોતાની રાજકીય કારકિર્દી શરૂ કરી હતી. ઓરિસ્સા રાજ્યમાં સિંચાઈ વિભાગમાં જુનિયર આસિસ્ટન્ટ તરીકે પણ તેઓએ ફરજો બજાવી હતી. ગરીબ અને વંચિત સામાન્ય પરિવારમાં જન્મેલાં શ્રીમતી દ્રૌપદી મુર્મૂના બે પુત્રો અને પતિ શ્યામચરણ મુર્મુ અવસાન પામેલા છે, તેમજ પુત્રી ઇતિશ્રી તથા જમાઈ અને દોહિત્રી હાલ હયાત છે. અનેક ચડતી-પડતી વચ્ચે તેઓ સતત સાદગીપૂર્ણ અને સંઘર્ષપૂર્ણ જીવન જીવ્યા છે. તેઓ જીવનમાં આઘાત અને પીડાઓને હરાવી ચૂક્યાં છે.

રાજકીય કારકિર્દી જોઈએ તો શ્રીમતી દ્રૌપદી મુર્મૂ રાયરંગપુર વિધાનસભા બેઠક પરથી બે વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયાં હતાં તેમજ ઓરિસ્સામાં મંત્રી તરીકે પણ સેવાઓ આપેલી હતી. શ્રીમતી દ્રૌપદી મુર્મૂ ઓરિસ્સા વિધાનસભાનાં શ્રેષ્ઠ ધારાસભ્ય તરીકેના નીલકંઠ એવોર્ડથી સન્માનિત થયેલાં છે. શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ ઝારખંડ રાજ્યનાં રાજ્યપાલ તરીકે પણ સેવાઓ આપી છે. આમ, શ્રીમતી દ્રૌપદી મુર્મૂ સુધરાઈ સભ્ય, ધારાસભ્ય, મંત્રી, રાજ્યપાલ અને ત્યાર બાદ હવે દેશના સર્વોચ્ચ બંધારણીય પદ રાષ્ટ્રપતિપદે બિરાજમાન થયા છે.

રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં સંસદ એટલે કે રાજ્યસભા અને લોકસભાના ચૂંટાયેલા સભ્યો તેમજ દિલ્હી અને પોંડીચેરી (પુડુચેરી) સહિત દેશના તમામ રાજ્યની વિધાનસભાઓના ચૂંટાયેલા ધારાસભ્યો મતદાન માટે પાત્રતા ધરાવે છે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સંસદમાં કે રાજ્ય વિધાનસભામાં નિયુક્ત (નોમીનેટેડ) સંસદસભ્યો કે ધારાસભ્યો મતદાન કરી શકતા નથી તેમજ રાજ્યની વિધાન પરિષદોના સભ્યો મતદાન કરી શકતા નથી. આ ચૂંટણીમાં લોકસભાના ૫૪૩ અને રાજ્યસભાના ૨૩૩ એમ કુલ મળીને ૭૭૬ જેટલા સંસદસભ્યો અને ૪૦૩૩ જેટલા ધારાસભ્યો મળી એકંદરે ૪,૮૦૯ મતદાતાઓ મત આપવા માટે પાત્રતા ધરાવતા હતા. તે પૈકી ૯૯ ટકા કરતાં વધુ મતદાતાએ મતદાન કર્યું હતું.

સંસદસભ્યોએ ગ્રીન બેલેટ પેપર દ્વારા તેમજ ધારાસભ્યોએ પિંક બેલેટ પેપર દ્વારા મતદાન કર્યું હતું. એક કેન્દ્રશાસિત પ્રદેશ અને ૧૦ જેટલાં રાજ્યોમાં ૧૦૦ ટકા મતદાન થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતદાન માટે કોઈ પણ રાજકીય પક્ષ વ્હીપ જાહેર કરી શકતો નથી. રાષ્ટ્રપતિપદની ચૂંટણી સીક્રેટ બેલેટ પદ્ધતિથી તેમજ સિંગલ ટ્રાન્સફરેબલ વોટ-સિસ્ટમથી થાય છે. રાષ્ટ્રપતિપદના ઉમેદવારે ઉમેદવારીપત્ર સાથે રૂ.૧૫૦૦૦ ડીપોઝીટથી જમા કરાવવાના હોય છે. ઉમેદવારે ઉમેદવારીપત્ર સાથે ૫૦ મતદારોની દરખાસ્ત (પ્રપોઝર્સ) અને ૫૦ મતદારોનું સમર્થન (સેકન્ડર્સ) હોવું જરૂરી છે. મતદારે ચૂંટણીપંચ દ્વારા આપવામાં આવેલી ચોક્કસ રંગની માર્કર પેનથી જ મતદાન કરવાનું હોય છે. રાષ્ટ્રપતિ બનવા માટે ઇલેક્ટરોલ કોલેજ (મતદાર-મંડળ) મુજબ સાંસદો તેમજ ધારાસભ્યોના કુલ મતોના કુલ વોટ વેઈટેજના ૫૦ ટકા મિનિમમ મતો મેળવવા જરૂરી હોય છે. અલબત્ત, રાષ્ટ્રપતિપદના ઉમેદવારે ચૂંટણી જીતવા માટે કુલ ૧૦,૮૬,૪૩૧ મતો પૈકી ૫,૪૦,૦૬૫ મતો મેળવવા જરૂરી હતા. રાષ્ટ્રપતિપદની આ ચૂંટણી માટે એક સાંસદના મતનું મૂલ્ય ૭૦૦ હતું તેમજ ગુજરાત વિધાનસભાના એક ધારાસભ્યના મતનું મૂલ્ય ૧૪૭ હતું. ગુજરાત વિધાનસભાના મતદાન માટે પાત્રતા ધરાવતા તમામ ૧૭૮ સભ્યોએ મતદાન કરતાં ગુજરાતમાં ૧૦૦ ટકા મતદાન થયું હતું. ●

(લેખક નિવૃત્ત સરકારી અધિકારી છે.)



### ગીફ્ટ સિટીમાં IFSCA હેડક્વાર્ટરનો શિલાન્યાસ તથા દેશનાં પ્રથમ બુલિયન એક્ષચેન્જનું લોકાર્પણ

# ભારતને આર્થિક મહાસત્તા બનાવવામાં ગીફ્ટ સિટી ઉદ્દીપકરૂપ બનશે

ગાંધીનગર અને અમદાવાદની વચ્ચે સ્થિત ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ ટેક સિટી-ગીફ્ટ સિટી આજે ભારતની આર્થિક ગતિવિધિઓનું કેન્દ્ર બની ગયું છે. અમેરિકા, સિંગાપોર, લંડન, દુબઈ પછી ગાંધીનગર વૈશ્વિક આર્થિક ગતિવિધિઓ માટે મહત્વનું સ્થાન બનીને ઊભરી આવ્યું છે. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગીફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીય ફાઈનાન્સિયલ સર્વિસીસ ઓથોરિટીના નવા મુખ્યમથકનો શિલાન્યાસ કર્યો હતો. આ સાથે, તેમણે સોના-ચાંદીના આંતરરાષ્ટ્રીય વ્યાપાર માટે ઈન્ડિયા



ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જનો શુભારંભ તેમજ તેની સાથે, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઈન્ટરનેશનલ ફાઈનાન્સ સર્વિસીસ સેન્ટર અને સિંગાપોર એક્સચેન્જ લિમિટેડ ત્રણેયનું જોડાણના કાર્યનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આજે ભારતના આર્થિક અને ટેકનિકલ સામર્થ્યમાં વિશ્વના વધતાં જતાં વિશ્વાસ માટે અત્યંત મહત્વનો દિવસ છે. ભારત આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યો છે ત્યારે આધુનિક ભારતની સંકલ્પના સાકાર થઈ રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પ્રસંગે કહ્યું હતું કે ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટરના વડામથકનું આ ભવન સ્થાપત્યની દ્રષ્ટિએ તો શ્રેષ્ઠ હશે જ, પરંતુ ભારતને આર્થિક મહાશક્તિ બનાવવા માટેના અવિરત અવસર પૂરા પાડનારું મુખ્યમથક પણ બની રહેશે. આ સેન્ટર સંસ્થા ક્ષેત્રમાં સંશોધનોને સહાયરૂપ બનશે. એટલું જ નહીં, વૈશ્વિકકક્ષાએ સેવાઓ પૂરી પાડનાર સેન્ટર તરીકે પણ મહત્વની ભૂમિકા ભજવશે. આ સાથે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગીફ્ટ સિટીમાં ન્યૂ ડેવલપમેન્ટ બેંકની ભારતની રિજનલ ઓફિસ, ત્રણ ફોરેન બેંક, ચાર નવા ઈન્ટરનેશનલ ટ્રેડ ફાઈનાન્સિંગ સર્વિસીસ પ્લેટફોર્મના શુભારંભ તેમજ ગીફ્ટ સિટીમાં કાર્યરત પાંચ ફિન-ટેક ફોર્મ્સને ઓથોરિટી સર્ટિફિકેટ આપવાના અવસરે ૧૦૦થી વધારે બ્રોકર ડીલરને કાર્યરત કરવાના તેમજ ઈન્ડિયા આઈએનએક્સમાં ૭૫થી વધારે બોન્ડ લિસ્ટિંગ કરવાના અવસરે આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મની જાહેરાત કરતાં તેમણે કહ્યું હતું કે, આ માઈલસ્ટોન સાથે આપણે અનેક મહત્વપૂર્ણ પડાવોને પાર કર્યા છે.



તેમણે ઉમેર્યું હતું કે, ગીફ્ટ સિટીથી ભારતના ૧૩૦ કરોડ દેશવાસીઓને આધુનિક વૈશ્વિક અર્થવ્યવસ્થા સાથે જોડાવાની તક મળશે. આજે આપણો દેશ અમેરિકા, ઈંગ્લેન્ડ, સિંગાપોર જેવા દેશોની હરોળમાં ઉભો છે, જ્યાંથી વૈશ્વિક અર્થવ્યવસ્થાનું દિશાદર્શન અપાય છે. આ માટે તેમણે તમામ ભારતીયો તેમજ સિંગાપોરના દેશવાસીઓને પણ અભિનંદન આપતા કહ્યું હતું કે, આ પહેલથી બંને દેશો માટે સંભાવનાઓની નવી ક્ષિતિજો વિસ્તરી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, તેઓ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગીફ્ટ સિટીની કલ્પના કરી હતી. ગીફ્ટ સિટી સાથે દેશના સામાન્ય નાગરિકોની આકાંક્ષાઓ જોડાયેલી છે. ભારતના ભવિષ્યનું વિઝન અને સપના ગીફ્ટ સિટી સાથે જોડાયેલા છે. જાન્યુઆરી ૨૦૧૩માં ગીફ્ટ સિટી માત્ર ગુજરાતની સૌથી ઊંચી ઈમારત તરીકેની ઓળખ ધરાવતી હતી. ગીફ્ટ સિટી એ એવો વિચાર છે જે તેના સમયથી ઘણો આગળ હતો. વર્ષ ૨૦૦૮માં સમગ્ર વિશ્વ આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યો હતો અને મંદીનો સમય હતો. પરંતુ, ત્યારે ગુજરાત ફાઈનાન્સ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં નવા અને વિશાળ પગલા ભરી રહ્યું હતું. એ વખતે આવેલા ગીફ્ટ સિટીના વિચારે આજે વાણિજ્ય અને ટેકનોલોજીમાં મજબૂત ઓળખ ઊભી કરી છે. ગીફ્ટ સિટી વેલ્થ અને વિઝડમ-બુદ્ધિ અને ધનસંપદાને પ્રજ્જવલિત કરે છે.

ગીફ્ટ સિટી માત્ર વાઈબ્રન્ટ ફાઈનાન્સિયલ ટેક સિટી નહીં પણ એક સારું બિઝનેસ વાતાવરણ અને આ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને સંશોધનનું વિશાળ ક્ષેત્ર પૂરું પાડનારું કેન્દ્ર બની રહેશે. આ ક્ષેત્રના વ્યવસાયિકોને શ્રેષ્ઠ જીવન માટેના નવા નવા અવસરો આપવાનું માધ્યમ બની રહેશે. અહીં શ્રેષ્ઠ બુદ્ધિપ્રતિભા ધરાવતા લોકોને નવા અભ્યાસો અને સંશોધનોની સંભાવનાઓ રહેલી છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે ગીફ્ટ સિટી ભારતના આર્થિક ગૌરવને પુનઃ પ્રાપ્ત કરવાનું માધ્યમ પણ બની રહેશે. આપણે વિકાસની વૈશ્વિક સંભાવનાઓ સાથે મહત્વપૂર્ણ જોડાણો કરી રહ્યા છીએ અને ગીફ્ટ સિટીએ વૈશ્વિક વિકાસની સંભાવનાઓ સાથે જોડાવાનું મહત્વપૂર્ણ ગેટ-વે છે. ગીફ્ટ સિટી એ ભારત અને વિશ્વની ઈકોનોમીને એકીકૃત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે એટલું જ નહીં ભવિષ્યમાં વર્લ્ડ ઈકોનોમીના નેતૃત્વ માટે ભારતે તૈયાર થવું પડશે એમ કહીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, વિકાસ નિશ્ચિત છે. આજે ગીફ્ટ સિટીમાં જે યોજનાઓ સાકાર થઈ છે એ વૈશ્વિક અર્થવ્યવસ્થાની ભાવિ ભૂમિકાને પહોંચી વળવા સમર્થ છે.

સુવર્ણ ભારતીય મહિલાઓની આર્થિક શક્તિનો મોટું અને મહત્વનું માધ્યમ છે. સુવર્ણ ભારતની સામાજિક અને સાંસ્કૃતિક વ્યવસ્થાનો મહત્વનો હિસ્સો છે એમ કહીને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, ભારત સોના અને ચાંદીનું મોટું માર્કેટ છે પણ ભારતની ઓળખાણ માત્ર આ જ નથી. ગીફ્ટ સિટીમાં ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જનો પ્રારંભ

એ સોના-ચાંદી ક્ષેત્રે ભારતની મહત્વના માર્કેટ તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરશે. તેમણે કહ્યું હતું કે, ભારતના જ્વેલર્સને પોતાના વ્યાપાર વ્યવસાય વિસ્તારવાની નવી તકો આ માર્કેટ આપશે. એટલું જ નહીં, સોના-ચાંદીના વૈશ્વિક બજાર સાથે સીધો અને પારદર્શી વેપાર કરવાની નવી તકો પણ અહીં મળશે. ભારતના વેપારીઓ આંતરરાષ્ટ્રીય ભાવનિર્ધારણમાં મહત્વની ભૂમિકા ભજવી શકશે. એટલું જ નહીં, સોના અને ચાંદીની આંતરરાષ્ટ્રીય કિંમતોના નિયંત્રણમાં પણ મહત્વની ભૂમિકા ભજવી શકશે.

વિશ્વમાં રિયલ ટાઈમ ડિજિટલ પેમેન્ટમાં ભારત ૪૦ ટકા હિસ્સેદારી ધરાવે છે. ફાઈનાન્સ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારતની આ તાકાત દુનિયાને આકર્ષી રહી છે, એમ કહીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, ફાઈનાન્સ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં નવા-નવા સંશોધનો થવા જોઈએ. આ માટે આપણે નવા લક્ષ્યાંકો આપણી જાત સામે મૂકવા જોઈએ. ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટી ફાઈનાન્સ અને ટેકનોલોજી ક્ષેત્રની લેબોરેટરી બને.




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર માન્યો હતો અને ગુજરાત સરકારની પ્રશંસા કરતાં કહ્યું હતું કે, ગુજરાત સરકારની નીતિઓ ગીફ્ટ સિટીના વિકાસ માટે પૂરક અને પોષક બની છે. આજના અવસરને ભારતના વિકાસની અનેક નવી સંભાવનાઓ માટેનો અવસર છે એમ તેમણે કહ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગીફ્ટ સિટી એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને આપેલી અણમોલ ભેટ છે. ગીફ્ટ સિટી ગુજરાતને ટ્રેડ, બિઝનેસ અને ફાઈનાન્સિયલ સર્વિસીસ માટેનું ગ્લોબલ સેન્ટર બનાવશે. મેન્યુફેક્ચરિંગ, સિરામીક, ડાયમંડ અને ફાર્માસ્યુટિકલ સેક્ટર્સ માટે જાણીતું ગુજરાત હવે ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ હબ બની વૈશ્વિક સ્તરે જાણીતું બનશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ગીફ્ટ સિટીના વિકાસ સંદર્ભે તેમણે કહ્યું હતું કે, ગુજરાત સરકાર ૭૦૦ એકરમાં ફેલાયેલા વિશાળ ગીફ્ટ સિટીને ગ્રીન, સ્માર્ટ અને હોલીસ્ટિક સીટી તરીકે વિકસાવી રહી છે. ફાયનાન્સિયલ સર્વિસીસના વિકાસ માટે ગુજરાત સરકારે તાજેતરમાં વધારાની ૭૯ એકર જમીન ઉપલબ્ધ કરાવી છે. વડાપ્રધાનશ્રીના વિઝનને ધ્યાને રાખી રાજ્ય સરકારે ગીફ્ટ સિટીની પાસે સાબરમતી નદીતટ ઉપર રિવરફ્રન્ટનો વિકાસ કરવા માટે ગત બજેટમાં રૂ. ૩૫૫ કરોડની ફાળવણી કરી છે.

તેમણે ઉમેર્યું હતું કે, કેપિટલ માર્કેટ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે સ્ટોક એક્સચેન્જ ઉપર તેમજ એરક્રાફ્ટ લિઝિંગ અને ફાઈનાન્સિંગ બિઝનેસને પ્રોત્સાહન આપવા સરકારે સ્ટેમ્પ ડ્યુટીમા સંપૂર્ણ માફી આપી છે. વડાપ્રધાનશ્રીના દિશાનિર્દેશને પરિણામે ગીફ્ટ સિટીને ટૂંક સમયમાં મેટ્રો કનેક્ટિવિટી પણ મળી જવાની છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, સમૃદ્ધ દરિયાઈ બંદરોના પરિણામે ગુજરાત પ્રાચીન સમયથી જ ગેટ-વે ઓફ ઈન્ડિયા તરીકે ઓળખાતું આવ્યું છે. ગીફ્ટ સિટીને પરિણામે ગુજરાત, ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ માટે પણ ગેટ-વે ઓફ ઈન્ડિયા બની રહેશે. ગીફ્ટ સિટીમાં ભારતનું પ્રથમ ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ શરૂ થવાથી ગ્લોબલ બુલીયન પ્રાઈસ અને માર્કેટને પ્રભાવિત કરવાની ક્ષમતા પણ ભારતને મળશે.

## ગીફ્ટ સિટી : ભારતના અર્થતંત્રનું કેન્દ્રબિંદુ

**- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, ત્રણ શહેરો-અમદાવાદ, ગાંધીનગર અને ગીફ્ટ સિટીનો આ વિશિષ્ટ સમન્વય છે. અમદાવાદ, ગાંધીનગર અને ગીફ્ટ સિટી આ ત્રણ નગરો એકબીજાથી માત્ર 30 મિનિટના અંતરે છે. અમદાવાદ એક ગૌરવશાળી ઈતિહાસને પોતાનામાં સમાવીને બેઠું છે તો ગાંધીનગર પ્રશાસનનું કેન્દ્ર છે અને નીતિ નિર્ધારણનું મુખ્ય મથક છે. જ્યારે, ગીફ્ટ સિટી ભારતના અર્થતંત્રનું પ્રમુખ કેન્દ્ર છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, પાસ્ટ, પ્રેઝન્ટ અને ફ્યુચર એટલે કે ભૂતકાળ, વર્તમાન અને ભાવિ અહીં એકબીજાથી માત્ર 30 મિનિટના અંતરે છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને ઈઝ ઓફ લિવિંગની દિશામાં શ્રેષ્ઠ પ્રયત્નો એટલે જ ગીફ્ટ સિટી.



## ગીફ્ટ સિટીમાં ફાઇનાન્સ અને ઈન્વેસ્ટમેન્ટ ક્ષેત્રના અભ્યાસક્રમો શરૂ કરવા PMનું સૂચન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, આઠ વર્ષમાં ભારતે ફાઈનાન્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે. ભારતનો ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ વાણિજ્ય અને આર્થિક સંગઠનો સાથે જોડાઈ રહ્યો છે, ત્યારે ભારતમાં બેન્કિંગ અને ફાઈનાન્સિયલ સાક્ષરતા-શિક્ષણની વિશેષ આવશ્યકતા છે. ગીફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટી ફાઈનાન્સ ક્ષેત્રના અભ્યાસક્રમો શરૂ કરે તથા ઈન્વેસ્ટમેન્ટનું શિક્ષણ આપી શકે એ દિશામાં વિચારવું જોઈએ.

તેમણે કહ્યું હતું કે આઠ વર્ષ પહેલાં મ્યુચ્યુઅલ ફંડોમાં ભારતના રોકાણકારોનું રૂપિયા ૧૦ લાખ કરોડનું મૂડીરોકાણ હતું. જૂન ૨૦૨૨ની સ્થિતિએ આ મૂડી રોકાણમાં ૨૫૦ ટકાનો વધારો થયો છે. આજે ૩૫ લાખ કરોડ રૂપિયા મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાયા છે. નાનામાં નાનો માણસ ઈન્વેસ્ટમેન્ટ કરી રહ્યો છે ત્યારે આપણે ભારતના નાગરિકોને મૂડીરોકાણ માટે શિક્ષિત કરવાની આવશ્યકતા છે. વધુને વધુ યુવાનોને આ માટે શિક્ષિત કરવાના પ્રયત્નો થવા જોઈએ. ગીફ્ટ સિટીમાં આવા પ્રકારના અભ્યાસક્રમો નોન પ્રોફિટ મોડ પર શરૂ કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ ભારતને ગ્લોબલ ટ્રેડ કરનારું સૌથી મોટું રાષ્ટ્ર બનાવવાનું સ્વપ્ન સેવ્યું છે. ભારતને પાંચ ટ્રીલીયન ડોલર ઈકોનોમી બનાવવા વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સૌ કોઈ પ્રયાસરત છે. દેશની ૫% વસ્તી ધરાવતું ગુજરાત દેશની અર્થવ્યવસ્થામાં ૮% થી વધારે યોગદાન આપે છે.

નાણા મંત્રી શ્રી નિર્મલા સીતારમણે ગુજરાતમાં ગીફ્ટ સિટીના નિર્માણને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું દૂરંદેશીભર્યું પગલું ગણાવી જણાવ્યું કે, આ પહેલથી ગુજરાતને વૈશ્વિક નકશા પર મૂકી દીધુ છે અને ગુજરાતના વિકાસને વિશ્વના અન્ય વિકસિત દેશોની સમકક્ષ લાવી દીધો છે. ગીફ્ટ સિટી ખાતે અનેકવિધ પ્રોજેક્ટના નિર્માણના પરિણામે આ પ્રકલ્પ સમગ્ર દેશ માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે. એટલું જ નહીં, સમગ્ર વિશ્વના આર્થિક ભવિષ્યને ધ્યાનમાં રાખીને પણ એક માઈલસ્ટોન બની રહેશે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ દિશામાં ત્રણ મહત્વના નવીન પ્રકલ્પોનો પ્રારંભ થઈ રહ્યો છે જેના પરિણામે આગામી ૨-૩ વર્ષમાં ગીફ્ટ સિટી વધુ નીખરીને બહાર આવશે.

મંત્રીશ્રીએ IFSC ઝોનની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે ભારત સોનાનો બીજો સૌથી મોટો ગ્રાહક હોવાને કારણે આપણે બુલિયન એક્સચેન્જ સાથે વધુ સારી કિંમતની વાટાઘાટો કરી શકીશું. આ ઉપરાંત, NSE-IFSC-SGXનું જોડાણ વિશ્વમાં આર્થિક સ્તરે મહત્વનું ફ્રેમવર્ક સાબિત થશે. જે ભારત અને સિંગાપોર વચ્ચે ક્રોસ બોર્ડર જોડાણ તરીકે કામ કરશે.

કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રી શ્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગીફ્ટ સિટીની પરિકલ્પના આજે વાસ્તવિકતામાં પરિણમી છે. ભારત નાણાકીય ક્ષેત્રે લાઈસન્સ રાજની બેડીઓ તોડીને સિંગાપોર, હોંગકોંગ જેવા દેશોની હરોળમાં નાણાકીય સેવા પ્રદાન કરનાર દેશ બન્યો છે. મંત્રી શ્રી ચૌધરીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના સબળ નેતૃત્વમાં ગીફ્ટ સિટી-IFSC તમામ અડચણો પાર કરી આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓના કેન્દ્રોમાં ધ્રુવતારા સમાન માર્ગદર્શક બની રહેશે.

આ પ્રસંગે ગુજરાતના નાણા-ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રી શ્રી ડૉ. ભાગવત કરાડ, રાજ્ય મંત્રી મંડળના સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, આરબીઆઈના ગવર્નર શ્રી શક્તિકાંત દાસ (વર્ચ્યુઅલી), રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, એન.ડી.બીના ભારતના પ્રાદેશિક કાર્યાલયના વડા શ્રી ડી.જે. પાંડીયન, ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જના વડા શ્રી અશોક ગૌતમ, NSE IFSCના સીઇઓ શ્રી સંદીપ મહેતા, સહિત ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારીઓ, વિવિધ વૈશ્વિક બેંકોના પ્રતિનિધિઓ, ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ અને NSE IFSC-SGXના હોદ્દેદારો સહિતની ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યાં હતા. ●

# PMની ઉપસ્થિતિમાં જાહેર કરાયેલી અન્ય મહત્વપૂર્ણ ઉપલબ્ધિઓ




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "IFSCA ટાવર", IFSCA ના મુખ્યાલયની ઈમારતનો શિલાન્યાસ ઉપરાંત IIBX અને NSE IFSC-SGX કનેક્ટ પણ લોન્ચ કર્યું હતું. આ પહેલ IFSCA ની દેખરેખ હેઠળ GIFT-IFSC માં અનુકૂળ નાણાકીય ઈકોસિસ્ટમના વિકાસમાં બહુમૂલ્ય યોગદાન આપશે. વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં જાહેર કરાયેલી અન્ય મહત્વપૂર્ણ ઉપલબ્ધિઓ આ પ્રમાણે છે.

- **ન્યુ ડેવલપમેન્ટ બેંક દ્વારા ભારતીય પ્રાદેશિક કાર્યાલયની** (IRO) સ્થાપના કરાઇ હતી. **GIFT-IFSCમાં ત્રણ વિદેશી બેંકોના આંતરરાષ્ટ્રીય બેંકિંગ એકમો** ડોઈશ બેંક એજી, જેપી મોર્ગન ચેઝ બેંક અને MUFG બેંકનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું
- GIFT-IFSC ખાતે GICની સ્થાપના કરનાર **પ્રથમ વૈશ્વિક બેંક, બેંક ઓફ અમેરિકાના ગ્લોબલ ઈન-હાઉસ સેન્ટર** (GIC)ની ક્ષમતાના વિસ્તરણની જાહેરાત કરવામાં આવી હતી. બેંક ઓફ અમેરિકાએ ૧,૫૦૦ નવા કર્મચારીઓની ભરતી કરીને GIFT-IFSCમાં તેની કામગીરીને વધુ વિસ્તૃત કરવાનું નક્કી કર્યું છે.
- **ઈન્ટરનેશનલ ટ્રેડ ફાઈનાન્સિંગ સર્વિસિસ** (ITFS) પ્લેટફોર્મનું સંચાલન શરૂ કરવામાં આવ્યું હતું. IFSCA ના ITFS ફ્રેમવર્ક હેઠળ અધિકૃત આ પ્લેટફોર્મની સ્થાપના RXIL Global IFSC Ltd., Vayana (IFSC) પ્રાઈવેટ લિમિટેડ, Mynd IFSC પ્રાઈવેટ લિમિટેડ અને Kredx Ventures IFSC પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કરવામાં આવી છે.
- IFSCAના FinTech એન્ટિટીઝ ફ્રેમવર્ક હેઠળ પાંચ FinTech કંપનીઓને અધિકૃતતા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. જેમાં CropData IFSC Pvt Ltd, એજવર્વ સિસ્ટમ્સ લિમિટેડ, સિગ્ઝી ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ, UMBO IDTech પ્રાઈવેટ લિમિટેડ (Riskcovry), અને Qkrishi Quantum Pvt Ltd. નો સમાવેશ થાય છે.
- **એસોસિયેશન ઓફ નેશનલ એક્સચેન્જ મેમ્બર્સ ઓફ ઈન્ડિયા** (ANMI) અને કોમોડિટી પાર્ટિસિપન્ટ્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (CPAI) દ્વારા **૧૦૦થી વધુ બ્રોકર ડીલર્સ** વતી સંયુક્ત રીતે GIFTમાં તેમની કામગીરી સેટ કરવા માટે ઈન્ટેન્ટ લેટર સબમિટ કરવામાં આવ્યો છે.
- ઈન્ડિયા INX એ તેના એક્સચેન્જ પર ૭૫ મી બોન્ડ લિસ્ટિંગનો માઈલસ્ટોન હાંસલ કરીને આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરી છે.
- ભારત અને વિશ્વના અન્ય ભાગોમાં કોર્પોરેટ્સ, સરકારો અને સંસ્થાઓ માટે તેમના પર્યાવરણીય અને સામાજિક લક્ષ્યોને પ્રાપ્ત કરવા તથા મૂડી પ્રવાહને એકત્ર કરવા માટે **ઈન્ટરનેશનલ સસ્ટેનેબિલિટી પ્લેટફોર્મ** (ISX) **શરૂ** કરવામાં આવ્યું હતું. પ્લેટફોર્મ પર તેમના ઉત્પાદનોને સૂચિબદ્ધ કરવા માટે કંપનીઓએ NSE IFSC દ્વારા વિકસિત મજબૂત ESG બેન્ચમાર્ક ધોરણોને પૂર્ણ કરવા જરૂરી છે, જે પ્લેટફોર્મ પર સૂચિબદ્ધ ઉત્પાદનોની પારદર્શિતાને સુનિશ્ચિત કરશે. વડાપ્રધાનશ્રીએ IFSCA મુખ્યાલયનો શિલાન્યાસ તથા IIBX અને NSE IFSC-SGX કનેક્ટનું લોકાર્પણ કર્યું
- અગ્રણી આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર તરીકે GIFT-IFSCની વધતી જતી આગવી ઓળખને અનુરૂપ એક અભૂતપૂર્વ ઈમારત તરીકે જેની પરિકલ્પના કરવામા આવી છે તે **"IFSCA ટાવર"**નો બિલ્ટ અપ એરિયા 3,00,000 ચોરસ ફૂટ હશે તેમજ તેમાં વિશ્વસ્તરની આધુનિક સુવિધાઓ સાથે 27 માળનું આ ભવન આકાર લેશે.
- GIFT-IFSCમાં ભારતના પ્રથમ આંતરરાષ્ટ્રીય બુલિયન એક્સચેન્જ, **ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ** (IIBX)**નો પ્રારંભ** કરાયો છે. ભારતને વૈશ્વિક બુલિયનના ભાવમાં પ્રભાવશાળી બનાવવાના વિઝન સાથે તેની સ્થાપના કરવામાં આવી છે. આ પહેલથી ભારતને વૈશ્વિક બુલિયન માર્કેટમાં તેનું યોગ્ય સ્થાન મેળવવા અને વૈશ્વિક મૂલ્ય શૃંખલાને પ્રામાણિકતા-ગુણવત્તા સાથે સેવા આપવા માટે સશક્ત બનાવશે.
- આ કનેક્ટ હેઠળ, સિંગાપોર એક્સચેન્જના સભ્યો દ્વારા નિફ્ટી ડેરિવેટિવ્ઝ પર મૂકાયેલા તમામ ઓર્ડર NSE-IFSC**ના ઓર્ડર મેચિંગ અને ટ્રેડિંગ પ્લેટફોર્મ** પર રૂટ અને મેચ કરવામાં આવશે. GIFT-IFSC પર ડેરિવેટિવ માર્કેટમાં લિક્વિડિટીને વધારવા કનેક્ટ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ●

# ગાંધીનગરમાં PM સ્વનિધિ ઉત્સવ ઉજવાયો





ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના નાનામાં નાના વ્યક્તિની ચિંતા કરી છે. કોરોના બાદ નાનો વેપાર કરતા ફેરીયાઓ, સ્ટ્રીટ વેન્ડર્સને મદદરૂપ બનવા અને સહાય આપવા પી.એમ. સ્વનિધિ યોજનાની શરૂઆત કરી હતી. જે નાના વેપારીઓ, ફેરિયાઓ, સ્ટ્રીટ વેન્ડર્સ માટે સંજીવની સાબિત થઈ છે. તાજેતરમાં ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં પી.એમ. સ્વનિધિ ઉત્સવ ઉજવાયો હતો. જેમાં મુખ્યમંત્રીશ્રીએ નાનો વ્યાપાર ધંધો કરતા સ્ટ્રીટ વેન્ડર્સને પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત નાણાકીય સહાય દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગરીબ કલ્યાણ અભિગમને રાજ્ય સરકાર ૧૦૦ ટકા સાકાર કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પી.એમ. સ્વનિધિ ઉત્સવ અન્વયે શેરી ફેરિયાઓને લોન-ધિરાણના ચેક વિતરણ કર્યા હતાં. તેમજ આ યોજનામાં સક્રિય યોગદાન આપનારી વિવિધ બેંકના અધિકારીઓને સન્માનિત કર્યા હતાં.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે જણાવ્યુ હતુ કે, ગુજરાતમાં નાનો ધંધો-વ્યવસાય કરતા ૨.૩૫ લાખ શેરીફેરિયાઓને પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અન્વયે રૂ. ૨૬૩ કરોડની સહાય આપવામાં આવી છે. નાના વ્યવસાયકારો, ગરીબ માનવીઓ, ફેરિયાઓને કોવિડ મહામારીને કારણે આવેલા કપરા સમયમાંથી બહાર લાવી આર્થિક આધાર આપવા વડાપ્રધાનશ્રીએ 'સૌના સાથ, સૌના વિકાસની' નેમ અને પરિવારભાવથી આ યોજના શરૂ કરી છે. સમગ્ર દેશમાં આ પરિવારભાવ જાગે અને સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ સાથે સૌના પ્રયાસથી આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતનો સંકલ્પ પાર પાડવા તેમણે સૌને પ્રેરણા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીની આગેવાનીમાં દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે. આ અમૃત મહોત્સવ વર્ષમાં પી.એમ. સ્વનિધિ યોજનાથી લાભાર્થીઓને વ્યવસાયને આગળ ધપાવવાનો અમૃત અવસર મળશે.

કેન્દ્રીય રાજ્ય નાણામંત્રી શ્રી ડૉ. ભાગવત કરાડે કહ્યું કે, અંત્યોદયથી સર્વોદય માટેની કોઈ યોજના એટલે પીએમ-સ્વનિધિ યોજના. કોવિડ-19 રોગચાળા અને સતત વધતા લોકડાઉનને કારણે શેરી વિક્રેતાઓની આજીવિકા પર પ્રતિકૂળ અસર થઈ હતી. આથી, આ શેરી ફેરિયાઓને તેમનું કામ ફરી શરૂ કરવા માટે વર્કિંગ કેપિટલ લોનની જરૂરિયાતને ધ્યાનમાં રાખી આ યોજના ઘડવામાં આવી હતી. વડાપ્રધાનશ્રીએ છેવાડાના માનવીઓને આત્મનિર્ભર બનાવવા માટે તેમજ વ્યાજખોર અને શાહુકારોની ચુંગાલમાંથી છોડાવવા માટે આ મહત્વાકાંક્ષી આર્થિક ઉત્થાન માટે યોજના અમલમાં મૂકી હતી. જે અંતર્ગત હાલમાં ભારતમાં ૧ કરોડથી પણ વધુ રજીસ્ટ્રેશન થઈ ચૂક્યાં છે, જે ખરા અર્થમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયના અંત્યોદયથી સર્વોદયને સાકાર કરે છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઈ મોરડીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વૈશ્વિક મહામારીના કપરા સમયમાં લારી-ફેરી કરી ગુજરાન ચલાવતા છેવાડાના માનવીની ચિંતા કરી 'પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના' અમલમાં મૂકી હતી. શેરી-ફેરિયાઓને આત્મનિર્ભર બનાવવામાં તેમની આ યોજના ખૂબ ઉપયોગી નીવડી છે. અત્યાર સુધીમાં રાજ્ય સરકારે ૨.૬૩ લાખ અરજીઓ પૈકી ૨.૩૫ લાખ અરજદારોને ચૂકવણી કરીને સમગ્ર ભારતમાં ચોથો ક્રમ પ્રાપ્ત કર્યો છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ આ યોજનાને જનઆંદોલન ગણીને છેવાડાના નાગરિકોને બેંકિંગનો લાભ અપાવ્યો છે. અત્યાર સુધીમાં રાજ્યમાં મંજૂર કરાયેલા ૨.૬૪ લાખથી વધુ લાભાર્થીઓ પૈકી ૬૭ હજાર લાભાર્થીઓએ લોન પરત ચૂકવી દીધી છે. તેમણે આ યોજનાને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા અને તમામ જરૂરિયાતમંદ નાગરિકોને લાભ લેવા અનુરોધ કર્યો હતો.

કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી મહેન્દ્રભાઈ મુંજપરા, સાંસદ શ્રી સી. આર. પાટીલ, રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ અને ધારાસભ્યો તથા લાભાર્થી શેરી ફેરિયાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●




**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સાબર ડેરીના રૂ.૧૦૩૦ કરોડના પ્રકલ્પો રાષ્ટ્રને અર્પણ**

# ખેતી-પશુપાલનની પ્રગતિએ, સાબરકાંઠાના વિકાસને વેગવાન બનાવ્યો

રાજ્ય-રાષ્ટ્રના વિકાસમાં ડેરી વ્યવસાયનું અનેરું મહત્ત્વ છે. ગુજરાત સહકારિતા-સંસ્કારનું, સમન્વયનું શ્રેષ્ઠ પ્રતીક છે. ગુજરાત સહકારી પ્રવૃત્તિમાં અગ્રેસર રહ્યું છે. રાજ્યનું ડેરી માર્કેટ આજે 1 લાખ કરોડ પર પહોંચ્યું છે તે આવકારદાયક છે. સાથે-સાથે ડેરી વ્યવસાયમાં મહિલાઓની ભાગીદારી વધી છે. તત્કાલીન સમયે દૂધ ભરાવવાનાં નાણાં સીધાં મહિલાઓને મળે તેવો નિર્ણય કર્યો હતો તેનો સીધો લાભ મહિલાઓને મળ્યો છે અને મહિલાઓનું સશક્તીકરણ વધ્યું છે, તેમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાબર ડેરીના વિકાસના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત પ્રસંગે જણાવ્યું હતું.

સાબરકાંઠા જિલ્લાના ગઢોડા ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સાબર ડેરી પ્લાન્ટની નજીક રૂ.૬૦૦ કરોડના ખર્ચે બનનાર ૩૦ મેટ્રિક ટન પ્રતિદિનની ક્ષમતાના ચીઝ પ્લાન્ટનું ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જ્યારે રૂ.૧૨૫ કરોડના ખર્ચે નિર્મિત દૈનિક ૩ લાખ લિટર ક્ષમતાના અલ્ટ્રા હાઈ ટ્રીટમેન્ટ (UHT) ટેટ્રાપેક પ્લાન્ટનું લોકાર્પણ તેમજ રૂ. ૩૦૫ કરોડના ખર્ચે બનેલા દૈનિક ૧૨૦ ટન ક્ષમતાના પાવડર પ્લાન્ટનું લોકાર્પણ પણ વડાપ્રધાનશ્રીએ કર્યું હતું. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાનશ્રીએ સાબરકાંઠાના ગઢોડામાં સાબર ડેરી સંકુલની મુલાકાત પણ લીધી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાબર ડેરીના વિવિધ બહુહેતુક પ્લાન્ટ્સના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે ખેડૂતો-પશુપાલકોને સંબોધન કરતાં કહ્યું કે, કરોડો રૂપિયાના પ્રોજેક્ટ આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી કાર્યાન્વિત થનારા પ્રકલ્પોના કારણે સાબર ડેરીની ક્ષમતા અનેક ગણી વધશે. એટલું જ નહીં, ડેરીનું સામર્થ્ય વધારવામાં ઉપયોગી થશે અને સાથે-સાથે ડેરી સાથે સંકળાયેલા પશુપાલકોના જીવનમાં પ્રકાશ પથરાશે. ડેરીના સ્થાપક સ્વ. ભૂરાભાઈ પટેલે વર્ષો પહેલાં સેવેલું સ્વપ્ન આજે લાખો ખેડૂતોના જીવનમાં બદલાવનો પથ બન્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું.

સાબરકાંઠા જિલ્લામાં કરેલા પરિભ્રમણનો ઉલ્લેખ કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, સાબરકાંઠાનાં સંસ્મરણો આજે પણ યથાવત્ છે. જિલ્લાના અગ્રણીઓ-સાથીઓ સાથેનાં સંસ્મરણોને યાદ કરતાં શ્રી મોદીએ કહ્યું હતું કે, બે દશક પહેલાં અહીંની સ્થિતિ અલગ હતી, પરંતુ એ સ્થિતિમાં બદલાવ લાવવાનો સંકલ્પ કર્યો હતો અને આજે ખેતી-પશુપાલનની પ્રવૃત્તિને વ્યાપક બનાવી અને ડેરીએ આ વ્યવસ્થાને વધુ પ્રગતિદાયક અને મજબૂત બનાવી તે આનંદની વાત છે.

ગુજરાત દેશનું એવું રાજ્ય છે જ્યાં પશુધન માટે હેલ્થકાર્ડ, પશુ આરોગ્ય મેળા યોજ્યા હતા અને પશુઓના મોતિયાનાં ઑપરેશનની સુવિધાઓ પણ કરી હતી. આ અભિયાન આજે




પણ કાર્યરત છે. પશુઓનાં પેટનાં ઑપરેશન દરમિયાન ૧૦-૧૫ કિલો પ્લાસ્ટિક નીકળતું હતું, એટલે જ પ્લાસ્ટિક પર પ્રતિબંધની ઝુંબેશ પણ ચલાવી હતી.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, આજે ડેરીની મહિલા પશુપાલકો સાથે થયેલી વાત દરમિયાન જાણ્યું કે જિલ્લાની મહિલાઓ દૂધ ઉત્પાદનમાં ખૂબ સક્રિય છે. પશુધનની માવજતમાં માહેર મહિલાઓ પશુધનના આરોગ્યની જાળવણીમાં આયુર્વેદિક દવાઓનો ઉપયોગ કરે છે તે ખૂબ આવકારદાયક છે.

રાજ્ય-રાષ્ટ્રના વિકાસમાં વીજળીની મહત્તાનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું કે, રાજ્યમાં 24 કલાક વીજળી આપતી જ્યોતિગ્રામ યોજનાના પગલે રાજ્યના લોકોના જીવનમાં બદલાવ પણ આવ્યો છે. સાથે સાથે ગામડાંમાં મિલ્ક ચીલીંગ પ્લાન્ટ કાર્યાન્વિત થયા. તેના પગલે ગામડાંઓ અને પશુપાલકોના જીવનમાં મોટો અને પરિણામલક્ષી બદલાવ આવ્યો છે, એમ તેમણે ઉમેર્યું હતું.

દેશમાં આજે 10 હજાર કિસાન ઉત્પાદક સંઘના નિર્માણનું કાર્ય પ્રગતિમાં છે. તેના પગલે વેલ્યુ-એડેડ સપ્લાય ચેઈન સાથે ખેડૂતો સીધા જોડાશે, જેનાથી કિસાનોની આવક વધારવા પ્રયાસ કર્યો છે. ગુજરાત સહિત દેશમાં કિસાનોની આવક વધી છે અને પશુપાલન તથા મત્સ્ય-ઉત્પાદન પણ વધ્યું છે. ભૂમિહીન ખેડૂતોની આવકમાં પણ સૌથી વધુ વૃદ્ધિ થઈ છે. એટલું જ નહીં, ખાદી-ગ્રામોદ્યોગનું ટર્નઓવર રૂપિયા 1 લાખ કરોડથી વધુ છે, જેના લીધે ગામડાંઓમાં દોઢ કરોડ લોકોને રોજગારી મળી છે, એમ તેમણે ઉમેર્યું હતું.

કેન્દ્ર સરકારે છેલ્લાં 2 વર્ષમાં 3 કરોડથી વધુ કિસાનોને કિસાન ક્રેડિટ કાર્ડ આપ્યાનો ઉલ્લેખ કરીને શ્રી મોદીએ કહ્યું કે, ખેતીનો ખર્ચ ઘટાડવા પણ સરકાર કાર્યરત છે. કેન્દ્ર સરકારે નેનો ફર્ટિલાઇઝરની દિશામાં કામ હાથ ધર્યું છે, અને સાથે-સાથે કૃષિ માટે જરૂરી ખાતર ઉપલબ્ધ કરવા કેન્દ્ર સરકાર કટિબદ્ધ છે. ખેતીમાં ખાતર તરીકે વપરાતા યુરિયાનો ભાવ વધ્યો છે, પરંતુ તેનું ભારણ ખેડૂતો પર આવવા દીધું નથી. રૂ.3500ના ભાવે યુરિયા ખરીદીને સરકાર ખેડૂતોને માત્ર રૂ.300માં આપે છે. આ જ રીતે ડી.એ.પી. પ્રતિ ૫૦ કિલોએ રૂપિયા 2500નો બોજ સરકાર ઉઠાવે છે. તેનો લાભ ગુજરાતના ખેડૂતોને પણ મળે છે.

અરવલ્લી જિલ્લાના ખેડૂતોને અભિનંદન આપતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આ જિલ્લાના ખેડૂતોએ ટપક સિંચાઈથી ખેતીને પ્રાધાન્ય આપ્યું છે તે આનંદની વાત છે. સાબરકાંઠા જિલ્લામાં પણ દરેક વિસ્તારમાં પાણી પહોચ્યું છે. શહેરોમાં હર ઘર જલ અભિયાન અંતર્ગત પાણી અપાય છે.

વિકાસના પાયામાં કનેક્ટિવિટી અને માળખાગત સુવિધાઓની ભૂમિકાનો ઉલ્લેખ કરતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, સાબરકાંઠા અને આસપાસના વિસ્તારમાં કનેક્ટિવિટીનું વિસ્તૃત માળખું ઊભું કરાયું છે અને તેને પગલે રોજગારી અને પ્રવાસન વધ્યાં છે. ફોર લેન રોડ મારફતે શામળાજી દક્ષિણ ગુજરાત-મધ્ય ગુજરાત સાથે જોડાઈ જશે. હિંમતનગર-ખેડબ્રહ્મા બ્રોડગેજ રેલવે-લાઈનનું કાર્ય આવનારા દિવસોમાં પૂર્ણ થશે. હિંમતનગરથી અંબાજી ફોર લેન રસ્તો મુસાફરી માટે વધુ ઉપયોગી બન્યો છે. તો, 1300 કરોડના ખર્ચે અમદાવાદ-શામળાજીનો 6 માર્ગીય રસ્તો પણ વિકાસની ધરોહર બનશે, એવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

શ્રી મોદીએ કહ્યું હતું કે, દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે ત્યારે



સાબરકાંઠાની પાલ-દઢવાવની ઘટનાને પણ 100 વર્ષ થયાં છે. મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં એ સમયે આદિવાસી સમાજના યોદ્ધાઓએ અંગ્રેજોના પાયા હચમચાવી નાખ્યા હતા. એ સમયે અંગ્રેજોએ કરેલા હત્યાકાંડને આઝાદી પછી ભુલાવવાનો પ્રયાસ થયો પરંતુ આદિવાસી સમાજના સ્વાતંત્ર્યવીરોએ આપેલા યોગદાનને અમારી સરકારે ઉજાગર કર્યું.

આઝાદીના આ મહત્ત્વપૂર્ણ પડાવ પર શ્રીમતી દ્રૌપદી મુર્મૂ રાષ્ટ્રપતિના સર્વોચ્ચ પદે બિરાજમાન થયાં છે એ ભારત માટે ગૌરવાન્વિત ઘડી છે. કેન્દ્ર સરકારે 15 નવેમ્બરને, ભગવાન બિરસા મુંડાના જન્મદિનને, 'જનજાતિ ગૌરવ દિવસ' તરીકે જાહેર કર્યો છે. એટલું જ નહીં, કેન્દ્ર સરકાર દેશભરમાં આદિવાસી સ્વતંત્રતા સંગ્રામ સેનાનીઓની યાદમાં એક વિશેષ સંગ્રહાલય ઊભું કરવા જઈ રહી છે, એમ તેમણે ઉમેર્યું હતું.

સાબરકાંઠાની ગૌરવશાળી ભૂમિ પરથી વડાપ્રધાનશ્રીએ આહ્વાન કરતાં જણાવ્યું હતું કે, આગામી સમયમાં હર ઘર તિરંગા અભિયાનને સફળ બનાવવા સાબરકાંઠા-અરવલ્લી ઉપરાંત સમગ્ર રાજ્ય અગ્રેસર ભૂમિકા ભજવે, 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નો સંકલ્પ સાકાર કરે. સાબરકાંઠા જિલ્લો સન્માન અને ગૌરવનું પ્રતીક છે, ત્યારે આ સ્થળેથી રાજ્યની મહિલાઓની પુરુષાર્થશક્તિ એ જ મારી પ્રેરણા અને ઊર્જા છે અને આ ઊર્જાને રાષ્ટ્રના વિકાસમાં વાપરવા સંકલ્પબદ્ધ છું, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશને 'સહકારથી સમૃદ્ધિ'નો માર્ગ ચીંધનારા ગુજરાતની ધરા ઉપર દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સાબરકાંઠા-અરવલ્લીના પશુપાલકોની જીવાદોરી સમાન સાબર ડેરીના રૂ. ૧૦૩૦ કરોડના વિવિધ પ્લાન્ટનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત એ દૂધની ધારા અવિરત વહેતી રાખવાના પ્રકલ્પો પુરવાર થનારાં છે. સાબરકાંઠા, અરવલ્લી અને ઉત્તર ગુજરાત માટે આ ભેટ શ્વેતક્રાન્તિનો અમૃતકાળ બનશે, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની પાછલા બે દાયકાની વિકાસયાત્રામાં સહકારી ક્ષેત્રનું મોટું યોગદાન રહ્યું છે. આઝાદીની ક્રાન્તિથી શ્વેતક્રાન્તિ સુધી ગુજરાતની વિકાસયાત્રા અવિરત રહી છે. સાબરકાંઠાની આ એ ધરતી છે જ્યાં આદિવાસીઓએ અંગ્રેજો સામે બાંયો ચડાવી આઝાદીની ક્રાન્તિમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. પાલ-દઢવાવ ખાતેના હજારો આદિવાસીઓનું બલિદાન આજે પણ અનેક ક્રાન્તિવીરોની યાદ અપાવે છે. આખો દેશ આજે આપણા શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહ્યો છે. શ્રી નરેન્દ્રભાઈએ આવા વીર શહીદોની સ્મૃતિ અને આપણા રાષ્ટ્રિય ત્રિરંગાની આન-બાન-શાન પ્રત્યે જન-જનમાં રાષ્ટ્રભાવ જગાવવાનું આહ્વાન કર્યું છે. આવનારી તા. ૧૩થી ૧૫ ઑગસ્ટ દરમિયાન 'હર ઘર તિરંગા' કાર્યક્રમમાં જોડાઈને ગુજરાતમાં આ સાબરકાંઠા જિલ્લા સહિત તમામ જિલ્લા-નગરોમાં ૧ કરોડ ઘરો પર તિરંગો લહેરાવવાનો આપણો સંકલ્પ છે, એમ તેમણે ઉમેર્યું હતું.

આઝાદીના અમૃત પર્વે ગુજરાતને નવા ડેરી પ્લાન્ટ્સની ભેટ વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે મળી રહી હોવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે. ગુજરાતને ડબલ એન્જિન સરકારનો બમણો લાભ વિકાસ રાહે તેજ રફતારથી આગળ વધવા માટે મળી રહ્યો છે. તેના પગલે ગુજરાતે સહકારી દૂધ ઉત્પાદન ક્ષેત્રથી માંડીને ઉદ્યોગ, વેપાર, ખેતી હરેક ક્ષેત્રે વિકાસનાં નવાં પરિમાણો હાંસલ કર્યાં છે, એમ તેમણે ઉમેર્યું હતું.

દૂધ ઉત્પાદન પ્રવૃત્તિમાં પણ ગુજરાત અગ્રેસર હોવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં દૂધ ઉત્પાદકોની સંખ્યા બે દાયકામાં ૨૧ લાખથી વધીને ૩૬ લાખ સુધી પહોંચી છે.





આ જિલ્લાના સહકારી અગ્રણીઓ ભૂરાભાઈ પટેલ, ગોપાળભાઈ પટેલ અને અંબુભાઈ પટેલની દીર્ઘદ્રષ્ટિથી ૧૯૬૪માં માત્ર ૧૯ ગામડાંની દૂધમંડળીઓ અને ૫૧૦૦ લિટર દૂધ સંપાદનથી આ ડેરી શરૂ થઈ હતી. આજે ૧૮૦૦ દૂધમંડળીઓ પાસેથી રોજના ૪૦ લાખ લિટર દૂધ સંપાદન કરીને રોજ ૧૦ કરોડ રૂપિયા પશુપાલકોને વિતરણ કરનારું વિશાળ વટવૃક્ષ આ ડેરી બની છે. ગુજરાત બહાર હરિયાણાના રોહતકમાં પણ આ ડેરીનો પ્લાન્ટ કાર્યરત છે. એટલું જ નહિ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, પંજાબ, હરિયાણા અને આંધ્રપ્રદેશના પશુપાલકોનું દૂધ પણ સાબર ડેરી ત્યાંથી સંપાદન કરી તે રાજ્યોના પશુપાલકોને દૂધનાં નાણાં ચૂકવે છે તે આપણા સૌ માટે ગૌરવની વાત છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, અત્યારે ફૂડ પ્રોસેસિંગથી વેલ્યુ એડીશનનો જમાનો છે. ખેતી, પશુપાલન, દૂધ ઉત્પાદન આ ત્રણેય ક્ષેત્રોને વધુ સમૃદ્ધ કરવા વડાપ્રધાનશ્રી સતત આપણું માર્ગદર્શન કરતા રહે છે ત્યારે રૂ.૩૦૫ કરોડનો પાવડર પ્લાન્ટ, રૂ.૧૨૫ કરોડનો ટેટ્રા પેક પ્લાન્ટ અને રૂ.૬૦૫ કરોડનો ચીઝ પ્લાન્ટ એ વેલ્યુએડીશન ક્ષેત્રે સાબર ડેરીની આગવી પહેલ છે. માત્ર દૂધ, દહીં કે છાશ નહીં પણ અન્ય આવશ્યક ઉત્પાદન કરીને પશુપાલકો અને ડેરી બંનેની આવક વધારવાનો આ અભિગમ આવકાર્ય છે.

આ પ્રસંગે સાંસદ શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, દૂધ ઉત્પાદન એક અલગ વ્યવસાય તરીકે ઊભર્યું છે. સાબરકાંઠા-બનાસકાંઠા જિલ્લાઓના વિકાસના પાયામાં દૂધ ઉત્પાદક મહિલાઓનું યોગદાન અનોખું છે. ખેતીની સાથે પશુપાલન વ્યવસાયમાં મહિલાઓ આજે અગ્રેસર બની છે અને તેના પગલે પરિવારોમાં સમૃદ્ધિ વધી છે. સાબર ડેરીએ પશુપાલકોના જીવનમાં નવો ઉજાશ લાવી દીધો છે અને આજના પ્રકલ્પોના પગલે પશુપાલકોના જીવનને નવી દિશા આપશે તેવો વિશ્વાસ છે, એમ તેમણે ઉમેર્યું હતું.

સાબર ડેરીના ચેરમેન શ્રી શામળભાઈ પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૧-૦૨માં ડેરી સાથે ૨,૫૦,૦૦૦ પશુપાલકો સંકળાયેલા હતા, જે સંખ્યા ૨૦૨૧-૨૨માં વધીને ૩,૮૫,૦૦૦ સુધી પહોંચી ગઈ છે. સાબર ડેરીનું વાર્ષિક ટર્નઓવર ૨૦૦૧-૦૨માં રૂ.૩૫૧ કરોડનું હતું, જે વધીને અત્યારે રૂ.૬૮૦૫ કરોડે પહોંચી ગયું છે. અત્યારે અહીં દૈનિક ૩૩ લાખ લિટર દૂધનું પ્રોસેસિંગ કરવામાં આવે છે.સુકન્યા યોજના કાયાન્વિત કરી છે અને ડેરી હવે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા કટિબદ્ધ છે, એમ તેમણે ઉમેર્યું હતું.

પશુપાલક પરિવારોની દીકરીઓને 'સુકન્યા સમુદ્ધિ યોજના'ની લાભાર્થી દીકરીઓને પ્રશસ્તિપત્રો વડાપ્રધાનશ્રીએ એનાયત કર્યા હતા. ડેરી દ્વારા અંદાજે 20 હજારથી વધુ દીકરીઓને તેનો લાભ મળવાનો છે. દૂધ ઉત્પાદન ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર મહિલા પશુપાલકોનું પણ વડાપ્રધાનશ્રી દ્વારા પ્રશસ્તિપત્રો આપીને સન્માન કરાયું હતું.

આ અવસરે વિધાનસભા ઉપાધ્યક્ષ શ્રી જેઠાભાઈ ભરવાડ, કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર, રાજ્યના સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, રાજ્ય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, સાંસદ શ્રી રમીલાબહેન બારા, સાંસદ શ્રી દીપસિંહ રાઠોડ, ધારાસભ્યો સર્વ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, હિતુભાઈ કનોડિયા, પદાધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●





## ઔડાને રૂ. ૨૧૦ કરોડનાં વિકાસકાર્યોની ભેટ ધરતાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી

# સમતોલ વિકાસની પરિભાષા બનતું અમદાવાદ

શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને નેતૃત્વ તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં કાર્યરત વર્તમાન રાજ્ય સરકારની કર્મઠતાના કારણે ગુજરાતે વિકાસના અનેક આયામોમાં ગતિશીલતા દાખવી છે, જેના પરિણામે આજે ગુજરાત વિકાસના નકશા પર દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે. કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા અંદાજિત રૂ.૨૧૦ કરોડથી વધુના ખર્ચે વૉટર સપ્લાય, હાઉસિંગ તથા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ફ્લાય ઓવરબ્રિજ, લેક રી-ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત ૧૧ જેટલાં પ્રજાલક્ષી વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

આ લોકવિકાસલક્ષી યોજનાથી ઔડા વિસ્તારમાં રહેતાં લાખો નાગરિકોને લાભ મળશે. બોપલમાં વૉટર સિસ્ટમના લોકાર્પણ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, બોપલ અને ઘુમાના ઘર- ઘરમાં નર્મદાનું શુદ્ધ પાણી પહોંચાડવાના પ્રકલ્પનું લોકાર્પણ કરાયું છે. દોઢ વર્ષ પહેલાં આ કાર્યયોજનાનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. હવે, ૭૦ હજાર ઘરમાં પીવાનું શુદ્ધ પાણી મળવાનું છે. ઝડપી ગતિથી કામ કઈ રીતે થાય તેનું આ એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 15 વર્ષ પહેલાં અમદાવાદ અને ઔડાના વિસ્તારોને નર્મદાનું પાણી પહોંચાડવાની શરૂઆત કરેલી તે શૃંખલામાં બોપલ અને ઘુમા પણ જોડાયાં છે, એવું તેમણે ઉમેર્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ કહ્યું કે, આજે દેશના શ્રેષ્ઠ આદર્શ ગામમાં ત્રણ ગામ ગાંધીનગર લોકસભા મતવિસ્તારનાં છે, જે આપણા સૌ માટે એક ગર્વની વાત છે. એટલું જ નહીં, ગાંધીનગર મતક્ષેત્રમાં પાયાની તમામ સુવિધાઓ પહોંચાડવામાં આવી છે. ગાંધીનગર મતવિસ્તારના નાગરિકોને હર ઘર જળ યોજના દ્વારા દરેક ઘરમાં પાણી મળી રહ્યું છે. પ્રધાનમંત્રી આયુષમાન યોજનાનો પણ લાભ પહોંચાડવામાં આવી રહ્યો છે.

આ અવસરે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, આવનારા સમયમાં અમદાવાદ કોર્પોરેશન અને ઔડામાં ૧૦૦ કરોડના ખર્ચે ૧૪ નવાં તળાવોનું નિર્માણ થશે તેમજ ગાંધીનગર મતક્ષેત્રમાં નવાં ૧૨૦૦ તળાવો બનવાની શરૂઆત પણ થશે. વર્ષ ૨૦૨૪ પહેલાં ગાંધીનગર લોકસભા વિસ્તાર દેશમાં સૌથી વધુ વિકસિત લોકસભા ક્ષેત્ર બનશે, એવો તેમણે વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

અમદાવાદમાં વિકાસનાં અનેક કાર્યો તેજ ગતિએ થઈ રહ્યાં છે, આવનારા સમયમાં પણ વધુ ઝડપે થવાનાં છે. અમદાવાદના રેલવે સ્ટેશનની પણ કાયાપલટ થવાની છે અને સાબરમતી રેલવે સ્ટેશનને પણ વિવિધ ટ્રેનો મારફતે જોડવામાં આવશે, જેથી રેલયાત્રીઓને સરળતા રહે, એમ તેમણે વધુમાં કહ્યું હતું.

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના તેમજ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈના માર્ગદર્શનમાં ગુજરાત સતત વિકાસ કરી રહ્યું છે. આજે ૧૫૬ નગરપાલિકા અને ૮ મહાનગરપાલિકાનાં નાગરિકોને પાયાની તમામ સુવિધાઓ પહોંચી છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, નર્મદા આધારિત તમામ શહેરોનાં નાગરિકોને નર્મદાનું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. આજે ગુજરાતના ૧૭ જિલ્લાઓમાં સો ટકા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે, જ્યારે રાજ્યનાં ૯૬% ઘરોમાં નલ સે જલ પહોંચી ચૂક્યું છે. એટલું જ નહીં, વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં રાજ્યના દરેક ઘરમાં પાણી પહોંચાડવા ગુજરાત સરકાર કાર્યરત છે.

મંત્રીશ્રીએ ગુજરાત સરકાર દ્વારા

નાગરિકોને પહોંચાડવામાં આવતી વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓની પણ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, રાજ્યના દરેક નાગરિકને ઘરે જ આરોગ્યની સારવાર મળી રહે, ઘરે જ ટેસ્ટિંગ થાય અને ઘરે જ દવાઓ મળી રહે એ પ્રકારની તમામ આરોગ્યલક્ષી વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું હતું, જેમાં ઔડા દ્વારા સમગ્ર બોપલ વિસ્તારને નર્મદાનું પાણી મળે તેવા સંકલ્પ સાથે રૂ. ૭૭.૫૩ કરોડના ખર્ચે બનાવેલા બોપલ વૉટર સપ્લાય પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ યોજનામાં એક વૉટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર અને ૬ ઓવરહેડ ટૅન્કનો સમાવેશ થાય છે. કુલ ૭૯ કિલોમીટર લંબાઈનું ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક છે અને અંદાજિત ૫.૭૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં અંદાજે ૧.૨૫ લાખ લોકોને નર્મદાનું શુદ્ધ જળ પહોંચાડવામાં આવશે.

ઔડા દ્વારા વડાપ્રધાનશ્રીના 'ફિટ ઇન્ડિયા' અભિયાનને ગ્રામવિસ્તારોમાં લઈ જવાની સંકલ્પના સાથે રૂ. ૯.૬૯ કરોડના ખર્ચે મણિપુર-ગોધાવી વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું લોકાર્પણ કરાયું છે. આ આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ૫૦૦ વ્યક્તિની બેઠક-વ્યવસ્થા રાખવામાં આવી છે. આ ઉપરાંત સિન્થેટીક રનીંગ ટ્રેક, ઉપરાંત બાસ્કેટ બૉલ, ફૂટબૉલ, કબડ્ડી, હાઈ અને લોંગ જમ્પ જેવી રમતો માટેની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનો લાભ અમદાવાદ શહેર અને ગ્રામ્યવિસ્તારના લોકોને મળશે.

ઔડા દ્વારા પ્રધાનમંત્રીશ્રીના 'હાઉસિંગ ફોર ઑલ'ના સ્વપ્નને સાકાર કરવા રૂ. ૭.૭૩ કરોડના ખર્ચે બોપલ વિસ્તારમાં ૭૦ જેટલા EWS આવાસનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ EWS આવાસમાં બેડરૂમ, સ્ટડીરૂમ, હૉલ અને કિચન જેવી સુવિધા, લિફ્ટ, ઓપન પાર્કિંગ, RCC રસ્તાઓ, સોલાર પેનલ, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવી કૉમન ફેસિલિટીઝથી રહીશોનું જીવન સરળ અને સુખમય બનશે.

ઔડા દ્વારા ટ્રાફિકની સમસ્યા હળવી કરવા રૂ. ૭૭.૭૧ કરોડના ખર્ચે સરદાર પટેલ રીંગરોડના કમોડ સર્કલ ઉપર ૬ લેન ફ્લાય ઓવરબ્રિજ અને રૂ. ૧૪ કરોડના ખર્ચે મણિપુર-ગોધાવીમાં કેનાલ ઓવરબ્રિજના નિર્માણનું ખાતમુહૂર્ત શ્રી અમિતભાઈ શાહે કર્યું હતું.

'ગાંધીનગર લોકસભા-હરિયાળી લોકસભા'ને ચરિતાર્થ કરવા ઔડા દ્વારા 'મિશન મિલિયન ટ્રી' અભિયાન અંતર્ગત રૂ. ૧૦.૧૭ કરોડના ખર્ચે SP રીંગ રોડની ફરતે તેમજ રૂ. ૬.૦૬ કરોડના ખર્ચે ઔડા હસ્તકનાં ગામોમાં વૃક્ષો વાવવાના કામનું ખાતમુહૂર્ત શ્રી અમિતભાઈ શાહે કર્યું હતું. આ અભિયાન અંતર્ગત ૭૬ કિલોમીટર લંબાઈના SP રીંગ રોડની ફરતે અંદાજે ૩૦,૦૦૦ વૃક્ષો વાવવાનું અને તેની માવજત કરવાનું આયોજન છે. ઔડા હસ્તકનાં ગામો પૈકી ૭૫ ગામમાં અમૃતવન બનાવવાનું આયોજન છે. જ્યારે પ્રત્યેક ગામમાં ૭૫ વૃક્ષો વાવીને તેની માવજત પણ કરાશે. આમ, વાયુ-પ્રદૂષણ ઘટશે અને ગ્રામજનોનું સ્વાસ્થ્ય સુધરશે. ઔડા દ્વારા વડાપ્રધાનશ્રીના સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ઔડા વિસ્તારનાં ૫૫ ગામોના કચરાના નિકાલના કામનું ખાતમુહૂર્ત પણ મંત્રીશ્રી અમિતભાઈ શાહે કર્યું હતું. અમદાવાદ શહેરની ફરતે અમદાવાદ મહાનગરપાલિકાના સહયોગથી ઔડા વિસ્તારનાં ૫૫ ગામોના આશરે ૫૭ મેટ્રિક ટન કચરાનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ થશે. કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ સ્થળે કળશ-સ્થાપન પણ કરવામાં આવ્યું હતું.

આ અવસરે સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, સર્વે ધારાસભ્યશ્રીઓ, મેયર શ્રી કિરીટભાઈ પરમાર, મ્યુનિસિપલ કમિશનર શ્રી લોચન સહેરા, ઔડાના ચેરમેન શ્રી ડી.પી. દેસાઈ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ●





### ઈ-કોપ, ત્રિનેત્ર, વિશ્વાસ-આશ્વસ્ત બાદ ગુજરાત પોલીસનો અદ્યતન પ્રકલ્પ : e-FIR

# ગુજરાત પોલીસની સતર્કતા અને સજ્જતાથી ગુજરાત શાંત અને સમૃદ્ધ




દેશના સર્વાંગી વિકાસ માટે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત હોવી જરૂરી છે અને તેના માટે પોલીસ વિભાગનું આધુનિકીકરણ મહત્ત્વનો ભાગ ભજવે છે. ગુજરાતના આશ્વસ્ત અને વિશ્વાસ પ્રોજેક્ટે રાજ્યનાં નાગરિકોની સુરક્ષામાં વધારો કર્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યભરમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. પ્રત્યેક નાગરિક સમાજમાં શાંતિ અને સલામતીનો અહેસાસ કરી શકે તે માટે ગુજરાત પોલીસ હરહંમેશ કટિબદ્ધ છે. ગુનેગારોથી બે ડગલાં આગળ વિચારીને સતત કાર્યરત રહેતી પોલીસ નાગરિકોને પોલીસ સુધી પહોંચવામાં ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે પ્રકારનું આયોજન પણ હાથ ધરી રહી છે. તે અંતર્ગત તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાત પોલીસ e-FIR એપ્લિકેશનનું રાજ્યવ્યાપી લૉન્ચિંગ કર્યું હતું.

## આવો જાણીએ e-FIRની કાર્યપ્રણાલી

- e-FIRની આ સુવિધા ફક્ત તેવા સંજોગોમાં જ મેળવી શકાશે કે જેમાં આરોપી અજ્ઞાત હોય તથા ઘટના દરમિયાન બળનો ઉપયોગ ન થયો હોય કે ઈજા ન પહોંચી હોય. ચોક્કસ સમય-મર્યાદામાં e-FIRની પ્રાથમિક તપાસ પૂર્ણ કર્યા બાદ તેમાં તથ્ય જણાય તો તેવી ફરિયાદ FIRમાં રૂપાંતરિત કરવામાં આવશે.
- ફરિયાદીએ સિટિઝન પોર્ટલ પર રજીસ્ટર કરાવી વાહન કે ફોનચોરી અંગે ફરિયાદ સંદર્ભની વિગતો ભરીને ઓનલાઈન અપલોડ કરવાની રહેશે. ઓનલાઈન અરજી કરતી વખતે આપવામાં આવેલી અરજીની પ્રિન્ટઆઉટ પર ફરિયાદીની સહી કર્યા બાદ એ અરજીને સ્કેન કરીને અપલોડ કરવાની રહેશે. ફરિયાદીને E-Mail-SMSથી ફરિયાદ-અરજી મળ્યાની જાણ થશે.
- બનાવસ્થળની વિગતમાં ફરિયાદી દ્વારા જે પોલીસ સ્ટેશનનું નામ લખવામાં આવ્યું હોય તે પોલીસ સ્ટેશનમાં e-FIR ફોરવર્ડ થશે.જો પોલીસ સ્ટેશનનું નામ ન જણાવ્યું હોય તો જે-તે પોલીસ કમિશનર/પોલીસ અધિક્ષકની કચેરીએ e-FIR ફોરવર્ડ થશે અને પોલીસ કમિશનર/પોલીસ અધીક્ષકની કચેરી સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે તાત્કાલિક e-FIR મોકલી આપશે.
- પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અધિકારી ઈ-ગુજકોપના યુઝર આઈ.ડી. થી લૉગ-ઈન કરીને પોર્ટલ વર્કલિસ્ટમાં તે e-FIR જોઈ શકશે અને કોઈ પણ સંજોગોમાં ૨૪ કલાકની સમયમર્યાદામાં પ્રાથમિક તપાસ અર્થે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અધિકારી-કર્મચારીને મોકલવાની રહેશે. જે-તે પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા તપાસ અધિકારીને પ્રાથમિક તપાસ સોંપાશે ત્યારે તપાસ અધિકારી અને સાથોસાથ ફરિયાદીને તપાસ અધિકારી Assign થવા અંગે E-Mail અથવા SMSથી જાણ કરવામાં આવશે.
- તપાસ અધિકારીને આ પ્રકારની e-FIR મળતાં સૌપ્રથમ આ e-FIRનો જરૂરી અભ્યાસ કરશે અને અપલોડ થયાના ૪૮ કલાકની સમયમર્યાદામાં ફરિયાદીનો સંપર્ક કરીને સંબંધિત દસ્તાવેજોની ખરાઈ કરશે તેમજ વાહન કે મોબાઈલ ફોન-ચોરીના બનાવસ્થળની મુલાકાત લેશે. આ સમગ્ર પ્રક્રિયા e-FIR અપલોડ થયાના ૪૮ કલાકમાં પૂર્ણ કરીને આ

ગાંધીનગરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ગુજરાત પોલીસને અત્યાધુનિક બનાવવા તથા રાજ્યનાં નાગરિકોની સુરક્ષા-સુવિધાઓમાં વધારો થાય તેવા પ્રોજેક્ટ તૈયાર કરવા બદલ મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીને અભિનંદન પાઠવતાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસે વર્ષોથી દેશભરમાં અગ્રેસર રહેવાની પરંપરા નિભાવી છે. આ પ્રકારની ટૅક્નોલોજી આધારિત નવી પહેલ થકી મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ટીમ ગુજરાત આ પરંપરા જાળવશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે સૂચન કરતાં કહ્યું હતું કે, રેલવે સ્ટેશન, ખાનગી સોસાયટીઓ, બંદરો, યાત્રાધામો સહિતનાં તમામ સ્થળો પર લાગેલા કેમેરાઓ ખાનગી હોય તો પણ તેઓની સાથે સંપર્ક કરીને ટૅક્નોલોજીની મદદથી કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમની સિસ્ટમ સાથે જોડવા જોઈએ. સમગ્ર કેમેરાઓનું નેટવર્ક એક લિંકથી જોડાશે ત્યારે જ રાજ્યના સુરક્ષાચક્રની કલ્પના ખરા અર્થમાં રાજ્યના સુદર્શનચક્રમાં પરિવર્તિત થશે. રાજ્યના કોઈ પણ સ્થળે કોઈ ઘટના બને છે ત્યારે ત્યાં તરત જ આપણું પોલીસતંત્ર પહોંચી શકે તેવો કનેક્ટિવિટીનો વ્યાપ વધારવો જોઈએ.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ઈ-કૉપની શરૂઆત થઈ ત્યારે સમગ્ર દેશમાં આ પ્રકારની સેવાઓ આપવામાં ગુજરાત પ્રથમ રાજ્ય હતું. રાજ્યનાં તમામ પોલીસ-સ્ટેશનો કોમ્પ્યુટરરાઈઝ્ડ કરવામાં આવ્યાં હતાં અને પોલીસ કૉન્સ્ટેબલથી માંડીને પોલીસ અધિકારીઓની તાલીમમાં ખાસ કોમ્પ્યુટરની તાલીમ પણ ઉમેરવામાં આવી હતી. આજે ત્રિનેત્રની પરિકલ્પના સાકાર થઈ રહી છે, તેની શરૂઆત પણ આપણે ઈ-કૉપથી જ કરી હતી. ઈ-એફ.આઇ.આર.ની સુવિધા પણ ઈ-કૉપના સૉફ્ટવેરમાં હતી. ઈ-કૉપથી ત્રિનેત્ર સુધીની ગુજરાત પોલીસની અદ્યતન થવાની યાત્રા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને ખરા અર્થમાં સાકાર કરી રહી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ કહ્યું કે, આજે સમગ્ર દેશનાં ૯૬ ટકા જેટલાં પોલીસ સ્ટેશન ઓનલાઈન થયાં છે. ઇન્ડિયન સાયબર કો-ઓર્ડીનેશન સેન્ટરની પણ રચના કરવામાં આવી છે. આ તમામ અદ્યતન ટૅક્નોલોજી ભારત સરકારે ખરીદી છે. કોઈ રાજ્ય સરકારે આ ટૅક્નોલોજી અલગથી ખરીદવાની જરૂર નથી, માત્ર ભારત સરકાર પાસેથી એક્સ્ટેન્શન લેવાની જરૂર છે. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં ૮૦ના દાયકાથી લઈ ૨૦૨૨ સુધી બહુ મોટા સકારાત્મક ફેરફારો થયા છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં આટલું મોટું પરિવર્તન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૃષ્ટિ અને ગુનેગારો સાથેના સખ્ત વલણને પરિણામે જ શક્ય બન્યું છે. આજે રાજ્યમાં કરફ્યુ અને કોમી તોફાનો શબ્દો ભૂતકાળ બન્યા છે. રાજ્યની દરિયાઈ સીમાઓ ઘૂસણખોરીથી ત્રસ્ત હતી, આજે આ તમામ દરિયાઈ સીમાઓ સુરક્ષિત થઈ છે અને ઘૂસણખોરી સંપૂર્ણ બંધ થઈ છે. આજે રાજ્યની પોલીસે આધુનિક, ટૅક્નોસેવી અને સંવેદનશીલ બનીને રાજ્યના વિકાસની ગતિમાં વધારો કર્યો છે.

શ્રી શાહે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત તમામ રાષ્ટ્રવાસીઓને તા.૧૩, ૧૪ અને ૧૫ ઑગસ્ટ દરમિયાન પોતાના ઘર ઉપર તિરંગો લહેરાવવા અનુરોધ કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની બે દાયકાની ઊજળી વિકાસયાત્રા પાછળ રાજ્યમાં પોલીસની સુસજ્જતા અને કાયદા-વ્યવસ્થાની ઉત્તમ સ્થિતિ જવાબદાર રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે તેમના ગુજરાતના કાર્યકાળ દરમિયાન રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ ને વધુ સુદૃઢ બને તે આશયથી ટૅક્નોલોજીના માધ્યમ દ્વારા અનેકવિધ નવતર આયામો હાથ ધર્યા હતા, તેના પરિણામે આજે ગુજરાત દેશભરમાં સૌથી શ્રેષ્ઠ શાંત અને સલામત રાજ્ય બન્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજ્યની આ અવિરત વિકાસયાત્રામાં પોલીસકર્મીઓની સેવાઓનું અપ્રતિમ યોગદાન રહ્યું છે. આજથી

**અંગેનો પ્રાથમિક તપાસ અહેવાલ પોલીસ મથક ઇન્ચાર્જને મોકલી આપશે.**

- **ત્યાર બાદ પોલીસ મથક અધિકારી આ અહેવાલ મળ્યાના ૨૪ કલાકની સમયમર્યાદામાં e-FIRનો યોગ્ય નિકાલ કરશે. e-FIRની વિગત સાચી હોય તો ઈ-ગુજકોપમાં FIR દાખલ કરશે. જો બનાવની જગ્યા પોતાના પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્રમાં ન આવતી હોય તો તે FIR સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપવામાં આવશે. e-FIRમાં ખોટા દસ્તાવેજ હોય અને ખોટી વિગત હોય તો અરજી દફ્તરે કરવામાં આવશે.**
- **સિટિઝન પોર્ટલ-સિટિઝન ફર્સ્ટ મોબાઈલ એપ પરથી e-FIR અપલોડ થયાના ૭૨ કલાકમાં પોલીસ મથક અધિકારીએ તેનો નિકાલ કરવાનો રહેશે. જો ૭૨ કલાકમાં તેનો નિકાલ ન થાય તો પેન્ડિંગ e-FIR હોવા અંગેનો E-Mail અને SMS તુરંત જ ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને કરવામાં આવશે.**
- **આમ e-FIR સંદર્ભે પાંચ દિવસમાં આખરી નિર્ણય અંગેની કાર્યવાહી કરવામાં નહીં આવે તો e-FIRને ઈ-ગુજકોપ દ્વારા FIRનો ધોરણસરનો રનિંગ નંબર આપોઆપ ફાળવવામાં આવશે અને પોલીસ મથક અધિકારીએ તેની પર અન્ય સામાન્ય FIRની જેમ જ આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.**
- **આ ઉપરાંત e-FIR અંગે ૧૨૦ કલાકની સમયમર્યાદામાં ધોરણસરની કાર્યવાહી ન કરવા બદલ પોલીસ કમિશનર-નાયબ પોલીસ કમિશનર-પોલીસ અધિક્ષક કે પોલીસ સ્ટેશનના સંબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરીને તેઓ વિરુદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.**



૨૦ વર્ષ પહેલાં કાયદો-વ્યવસ્થાની નબળી સ્થિતિએ ગુજરાતનો વિકાસ રૂંધી નાખ્યો હતો, પરંતુ જ્યારથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારથી તેમણે પોલીસદળનું મનોબળ વધારવાના સતત પ્રયત્નો હાથ ધર્યા હતા, જેના પરિણામે આજની યુવા પેઢીએ ગુજરાતમાં તોફાન-કરફ્યુ જોયાં જ નથી.

તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતની પોલીસ શાર્પ, સ્માર્ટ અને સતર્ક બને તે આશયથી ટૅક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને પોલીસદળને વધુ સુસજ્જ બનાવવા માટે દૃષ્ટિવંત આયોજન કર્યું, જેના પરિણામે આજે ગુજરાત સ્માર્ટ પોલિસિંગ, પિપલ-ફ્રૅન્ડ્લી પોલિસિંગથી વિકસિત રાજ્ય બન્યું છે. હવે તો ગુજરાતને ડબલ એન્જિનની સરકારનો લાભ મળી રહ્યો છે. આ ડબલ એન્જિનની સરકારનો વધુ લાભ ગુજરાતની જનતાને ૪ નવાં રક્ષા-સુરક્ષા સુદૃઢ કરતા પ્રકલ્પોના લોકાર્પણરૂપે મળ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાત પોલીસના કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરમાં ત્રિ-નેત્રનો શુભારંભ થયો છે. વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત તૈયાર કરાયેલું આ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર ખરા અર્થમાં સરકારનું ત્રીજું નેત્ર બનીને નાગરિકોને વધુ સુરક્ષા પૂરી પાડવા મહત્ત્વની ભૂમિકા અદા કરશે. વિશ્વાસ પ્રોજેક્ટ સ્માર્ટ પોલિસિંગ માટે પોલીસદળનું મહત્ત્વનું પરિબળ પુરવાર થઈ રહ્યું છે. તેના અંતર્ગત ૭૦૦૦થી વધુ સીસીટીવી કેમેરાના રાજ્યવ્યાપી નેટવર્કથી રાજ્યનાં તમામ જિલ્લા મુખ્યમથકો ઉપરાંત સોમનાથ, દ્વારકા, અંબાજી, કેવડિયા જેવાં અગત્યનાં સ્થળોને પણ આવરી લેવામાં આવ્યાં છે. વિશ્વાસ પ્રોજેક્ટની મદદથી અત્યાર સુધીમાં ગુનાખોરીના ૩૪૦૦થી વધુ કેસ સરળતાથી ઉકેલવામાં સફળતા મળી છે. આગામી સમયમાં રાજ્યભરમાં વધુ સીસીટીવી કેમેરાનું નેટવર્ક ગોઠવવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વાહનચોરી, મોબાઇલની ચોરી કે એવી બીજી ગુનાઇત ઘટના, કે જેમાં કોઈ મારઝૂડ ન થઈ હોય, કોઈને ઈજા ન પહોંચી હોય, તેવા કેસમાં હવે નાગરિકોને પોલીસ સ્ટેશનના ધક્કા ખાવા ન પડે તે માટે ટૅક્નોલૉજીના માધ્યમ થકી રાજ્ય સરકારે ઓનલાઇન e-FIR નોંધાવવાની સુવિધા આજથી આંગળીના ટેરવે ઉપલબ્ધ કરાવી છે. રાજ્યમાં માનવ-તસ્કરીને અટકાવવા માટે પોલીસ વિભાગ દ્વારા એન્ટી હ્યુમન-ટ્રાફિકિંગ યુનિટનાં ૮૦ જેટલાં વાહનોનો શુભારંભ કરવામાં આવ્યો છે, તે આવી ગુનાખોરીને ડામવામાં ઉત્કૃષ્ટ કામગીરી કરીને માનવતાની મોટી સેવા કરશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ રાજ્યના તત્કાલીન ગૃહમંત્રી અને હાલના કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ લેવાયેલા નિર્ણયોથી માત્ર ગુજરાતને જ નહિ, સમગ્ર દેશનાં નાગરિકોને ઇ-ગવર્નન્સ મારફતે મહત્ત્વની સેવાઓનો લાભ ઘેર બેઠાં મળી રહ્યો છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશ હેઠળ ગુજરાતનાં નાગરિકોને મોબાઇલ અને વાહનચોરી જેવા ગુનાઓમાં ઘેર બેઠાં e-FIR થઈ શકે તેવી વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી છે.

ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ ઉમેર્યું કે, રાજ્યની પોલીસને આધુનિક બનાવવા ટૅક્નોલૉજીથી સજ્જ કરવામાં આવી રહી છે, આ માટે વિશ્વાસ પ્રોજેક્ટ થકી ૧,૫૦૦ જેટલા ચોરીના કેસો, ૯૫૦ અકસ્માતના કેસો તથા ૭૦૦થી વધુ અન્ય કેસોનો ઉકેલ લાવવામાં આવ્યો છે. ચોરાયેલાં વાહનો તથા આરોપીઓને પકડવા માટે ત્રિનેત્રને પરિણામે સરળતા રહેશે. મોબાઇલ-ચોરી તથા વાહન-ચોરી અંગેની ફરિયાદ હવે e-FIRના માધ્યમથી એક ક્લિકથી ઓનલાઇન કરી શકાશે. એટલું જ નહિ, આ e-FIR કર્યા બાદ પોલીસ કોઈ કારણસર ઍક્શન લઈ ન શકી તો આપોઆપ ૧૨૦ કલાકમાં એફ.આઇ.આર રજીસ્ટર થઈ જશે. આ પ્રકારની વ્યવસ્થા થકી માત્ર રાજ્યનાં નાગરિકોનો જ નહિ, પરંતુ પોલીસ વિભાગનો પણ સમય બચશે.

ગૃહ રાજ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ડ્રગ્સ માફિયાઓ પર તવાઈ લાવવા માટે ડ્રગ્સ પેડલરોની બાતમી આપનારને રિવૉર્ડ આપવાની નીતિ અમલમાં મૂકવામાં આવી છે. તેના અંતર્ગત ગુજરાતે ૧૬૦ જેટલા કેસો કરીને ૧૫૩થી વધુ ડ્રગ્સ પેડલરોને પકડીને ૬૨૫ કરોડથી વધુ કિંમતનું ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. તે ઉપરાંત મહિલાઓ અને બાળ-અત્યાચારના કેસોમાં રાજ્ય સરકારે ૫૦થી વધુ કેસોનો ઝડપી નિકાલ કર્યો છે, જે નાગરિકોની સુરક્ષા માટેની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજ કુમાર, રાજ્યના પોલીસ મહાનિદેશક શ્રી આશિષ ભાટિયા તેમજ પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિત પદાધિકારીઓ અને પોલીસકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# માણસામાં વિકાસકાર્યોનાં લોકાર્પણ - ખાતમુહૂર્ત




સરદાર પટેલ સાંસ્કૃતિક ભવન અને મહાત્મા ગાંધી પુસ્તકાલયનું લોકાર્પણ સહિતનાં વિકાસકાર્યોની ભેટ આપવા ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે માણસામાં અક્ષયપાત્ર ફાઉન્ડેશનના ગુજરાતના આઠમા રસોઈઘરનો તાજેતરમાં પ્રારંભ કરાવ્યો હતો. શાળાનાં બાળકોને પૌષ્ટિક ભોજન પૂરું પાડનાર અક્ષયપાત્ર ફાઉન્ડેશનનું ભારતમાં આ ૬૪મું અને ગુજરાતનું આઠમું રસોઈઘર છે, જે માણસા અને આસપાસની ૧૯૦ શાળાઓનાં ૨૬ હજાર બાળકોને પ્રતિદિન ગરમ ભોજન પહોંચાડશે. રસોઈઘરના પ્રારંભ પ્રસંગે શ્રી અમિતભાઈ શાહ અને મહાનુભાવોએ બાળકોને ગરમાગરમ ભોજન પીરસ્યું હતું.

શ્રી અમિતભાઈ શાહે અતિ આધુનિક રસોઈઘરનું વિસ્તૃત નિરીક્ષણ કર્યું હતું. ૧,૩૮૩ ચોરસ મીટરના બિલ્ટઅપ એરિયામાં નિર્માણ પામેલું રસોઈઘર ૪૭.૫ કિલોવૉટ ક્ષમતાનો સોલાર પ્લાન્ટ ધરાવે છે. ૧૨ હજાર લિટરની રસોઈ-ક્ષમતા માટે સૌર હાઈબ્રીડ વૉટર હીટિંગ સિસ્ટમ અને ગ્રીન એનર્જીની પહેલ કરાઈ છે, જેથી રસોઈ નિર્માણનો સમય ઘટશે અને ઊર્જા બચશે. ગુજરાતમાં હાલમાં અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, કલોલ, ભુજ અને જામનગરમાં અક્ષયપાત્ર ફાઉન્ડેશનનાં સાત કેન્દ્રીય રસોઈઘર કાર્યરત છે.

આ પ્રસંગે તેઓએ ઈસ્કોનના સ્થાપક આચાર્ય શ્રી પ્રભુપાદના જીવન પર આધારિત પુસ્તક 'સિંગ, ડાન્સ એન્ડ પ્રે'નું વિમોચન પણ કર્યું હતું. કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, પૂર્વ મંત્રી શ્રી રમણલાલ વોરા, અક્ષયપાત્ર ફાઉન્ડેશનના ચેરમેન શ્રી મધુ પંડિત દાસ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ માણસામાં રૂ. ૬ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલા ૫૩૦ સીટના અદ્યતન સરદાર પટેલ સાંસ્કૃતિક ભવનનું અને રૂ.૩૮ લાખના ખર્ચે તૈયાર થયેલા મહાત્મા ગાંધી પુસ્તકાલયનું લોકાર્પણ કર્યું હતું. મંત્રીશ્રીએ રૂ. ૧૫૩ લાખના ખર્ચે નગરપાલિકા વિસ્તારના વિવિધ રોડ રસ્તાનાં કામોનું અને રૂ. ૧૨૦ લાખના ખર્ચે નગરપાલિકાનાં વિવિધ વિકાસલક્ષી કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું.

વતનમાં આવીને પ્રસન્નતા વ્યક્ત કરતાં શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, માણસાની માટીમાં જ રમીને મોટો થયો છું. જે લાઈબ્રેરીમાં નાનપણમાં હું ભારતનો ઈતિહાસ ભણ્યો છું, એ લાયબ્રેરીનું ત્રણ માળનું બિલ્ડીંગ ખુલ્લું મૂકવાનો આનંદ-સંતોષ છે. આ તબક્કે તેમણે પોતાના દાદાજીને યાદ કરતાં કહ્યું હતું કે, મારા દાદાજી આ લાઈબ્રેરી ઘરે ચલાવતા હતા, ત્યારબાદ એ બજારમાં સ્થાપિત થઈ હતી.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, માણસાની આ લાઈબ્રેરી આજે વિશ્વની ૩૦ લાઈબ્રેરીઓ સાથે ઈલેક્ટ્રોનિકલી જોડાઈ છે. માણસાના યુવાનો બ્રિટિશ લાઈબ્રેરી, અમદાવાદની એમ. જે. લાઈબ્રેરી કે ગુજરાત વિદ્યાપીઠની લાઈબ્રેરી સાથે અહીં બેઠાં જોડાઈ શકશે.

તેમણે કહ્યું હતું કે, માણસાનાં ૧૩ તળાવોને ઈન્ટરલિંક કરીને બારે મહિના તેમાં નર્મદાનાં નીર છલોછલ રહે તેવું આયોજન છે. મલાવ, માલણ અને ચંદ્રાસર તળાવથી પાઈપલાઈન દ્વારા તમામ ૧૩ તળાવોને ઈન્ટરલિંક કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે છેલ્લાં ત્રણ વર્ષમાં રૂ. ૯૦૦૦ કરોડનાં વિકાસનાં કામો પોતાના મતવિસ્તારમાં કર્યાં છે. પુસ્તકાલય અને સાંસ્કૃતિક હૉલ માણસાવાસીઓને ગૌરવ અપાવતાં રહેશે. વિદ્યાર્થીઓ પુસ્તકાલયમાં અભ્યાસ કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર સૂત્રને સાર્થક કરવા માટે પણ આગળ આવશે.

આ કાર્યક્રમમાં શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તથા નગરજનો ઉપસ્થતિ રહ્યા હતા. ●

## સાંસ્કૃતિક ભવન અને અત્યાધુનિક લાયબ્રેરી માણસાની નવી ઓળખ બનશે






### ૩૬મી નેશનલ ગેઇમ્સ-૨૦૨૨નાં લોગોનું લોન્ચીંગ

# ગુજરાતમાં વૈશ્વિકકક્ષાનું સ્પોર્ટસ ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું થયું છે - મુખ્યમંત્રી

સાત વર્ષના લાંબા અંતરાલ બાદ યોજાઈ રહેલા ૩૬મા રાષ્ટ્રીય રમતોત્સવના યજમાન બનવાનું ગુજરાતને સૌભાગ્ય મળ્યું છે. રાજ્યમાં ખેલાડીઓ-ખેલપ્રેમીઓ અને વિવિધ સંગઠનો સહિત નાગરિકોમાં પણ આ રમતોત્સવ માટે દેશભરમાંથી ગુજરાત આવનારા ખેલાડીઓને આવકારવાનો અદમ્ય ઉત્સાહ છે. આગામી તા.૨૭ સપ્ટેમ્બરથી તા.૧૦ ઑક્ટોબર દરમિયાન યોજાનારી ૩૬મી નેશનલ ગેઈમ્સના લૉગોનું લૉન્ચિંગ તેમજ આ ગેઈમ્સના સફળ આયોજન માટે ગુજરાત સરકાર, ઈન્ડિયન ઑલિમ્પિક એસોસિયેશન તથા ગુજરાત સ્ટેટ ઑલિમ્પિક એસોસિયેશન વચ્ચે ત્રિપક્ષીય સમજૂતી કરાર MoU ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં તાજેતરમાં મહાત્મા મંદિર ખાતે સંપન્ન થયા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્પષ્ટ નિર્ધાર વ્યક્ત કર્યો હતો કે, ગુજરાતમાં યોજાનારી ૩૬મી નેશનલ ગેઈમ્સ-રાષ્ટ્રીય રમતોત્સવને ભવ્ય સફળતાપૂર્વક ગુજરાત પાર પાડશે. નેશનલ ગેઈમ્સના ભવ્ય આયોજનને પાર પાડવા આ MoU આધારસ્તંભ બની રહેશે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભારતમાં ખેલકૂદ ક્ષેત્રનો સુવર્ણકાળ આવ્યો છે. ભારતમાં સ્પોર્ટિંગ કલ્ચર, સ્પોર્ટિંગ કોમ્યુનિટી અને ડિસિપ્લિન વિકસી રહ્યાં છે. ફિટ ઇન્ડિયા જેવાં અભિયાન ચલાવીને વડાપ્રધાનશ્રીએ દેશમાં સ્પોર્ટ્સ અને ફિટનેસનો એક જુવાળ ઊભો કર્યો છે.

વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતે વ્યાપક ફલક પર સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કર્યું છે. ગુજરાત આંતરરાષ્ટ્રીય કક્ષાની રમત સ્પર્ધાઓ અને ઑલિમ્પિક જેવી મેગા સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ યોજવા માટે સજ્જ બની રહ્યું છે તેમાં આ ૩૬મી નેશનલ ગેઈમ્સ પૂરક બનશે.

મુખ્યમંત્રીશ્રીએ ૩૬મી નેશનલ ગેઈમ્સના લૉગો સંદર્ભે કહ્યું હતું કે, ગુજરાતની આગવી ઓળખ એવા ગીરના સિંહ અને વિવિધ રમતચિહ્નોને આ લૉગોમાં સ્થાન મળ્યું છે. ગુજરાતની અસ્મિતા સાથે-સાથે ખેલકૂદનો જુસ્સો આ લૉગોમાં ઝળકી રહ્યો છે. ૩૬મી નેશનલ ગેઈમ્સનો લૉગો રમતવીરોમાં નવી ઊર્જા, નવા ઉત્સાહનો સંચાર કરશે, એવી અપેક્ષા તેમણે દર્શાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ખેલકૂદ-સ્પોર્ટ્સના માધ્યમથી 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નો સંકલ્પ સુપેરે સાકાર થઈ શકે છે. સ્પોર્ટ્સ ટીમ-સ્પિરિટ

જગાવે છે. સ્પર્ધા દરમિયાન ખેલાડીનું પરફોર્મન્સ મહત્ત્વનું હોય છે. ખેલાડીનાં ભાષા, પ્રદેશ, નાત-જાત વગેરેનું કોઈ જ મહત્ત્વ હોતું નથી.

તેમણે વધુમાં કહ્યું હતું કે, આઝાદી બાદ નાનાં-મોટાં રજવાડાં, પ્રોવિન્સને એક કરીને એક ભારતનો ધ્યેય ગુજરાતના સપૂત સરદાર સાહેબે પાર પાડેલો. એ જ ગુજરાતમાં જ્યારે ૩૬મી નેશનલ ગેઈમ્સ યોજાતી હોય ત્યારે તેની ટૅગલાઇન એકતાનો મંત્ર જ આપતી હોવી જોઈએ. 'સેલિબ્રિટીંગ યુનિટી થ્રુ સ્પોર્ટ્સ' આ ટૅગલાઇન એકદમ પરફેક્ટ છે, એમ તેમણે ઉમેર્યું હતું.

રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ નેશનલ ગેઈમ્સનું યજમાનપદ ગુજરાતને મળવા બદલ ગૌરવ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં દૃઢ ઇચ્છાશક્તિથી દેશના યુવાઓ અને રાજ્યના રમતવીરોને શ્રેષ્ઠ પ્લેટફોર્મ પૂરું પાડવાના ઉદ્દેશ સાથે ભારતીય ઑલિમ્પિક એસોસિએશન, ગુજરાત સ્ટેટ ઑલિમ્પિક એસોસિએશન અને ગુજરાત સરકારના સહયોગથી ગુજરાતમાં નેશનલ ગેઈમ્સ-૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું છે.

નેશનલ ગેઈમ્સ માટેનું આયોજન સામાન્ય રીતે ત્રણ વર્ષ જેટલો સમય માગી લેતું હોય છે ત્યારે માત્ર ત્રણ માસ જેટલા ખૂબ જ ટૂંકા સમયગાળામાં ગુજરાતે આ આયોજન કરી બતાવ્યું છે, જે સમગ્ર ટીમ ગુજરાત માટે ગૌરવરૂપ બાબત છે. નેશનલ ગેઈમ્સમાં સહભાગી થનાર તમામ રમતવીરોનું ગુજરાતમાં અનોખી રીતે સ્વાગત કરાશે.

રાજ્યનાં સાડા છ કરોડ નાગરિકોનો સહયોગ આ નેશનલ ગેઈમ્સના આયોજનમાં પ્રાપ્ત થશે. આ તમામ બાબતોને પરિણામે જ નેશનલ ગેઈમ્સ-૨૦૨૨નું ગુજરાતમાં થઈ રહેલું આયોજન માત્ર ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં સર્વોત્તમ રીતે શક્ય બનશે.

મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યનાં ૧૮ હજાર ગામડાંઓમાંથી પ્રતિભાશાળી રમતવીરોને શોધી કાઢવા માટેનું અભિયાન વર્ષ-૨૦૧૦થી તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ખેલમહાકુંભ'ના માધ્યમથી શરૂ કર્યું હતું. આ અભિયાને આજે ગુજરાતના રમતવીરોને વૈશ્વિક સ્તરે ખ્યાતિ અપાવી છે. રાજ્યના રમતવીરો નેશનલ જ નહિ પરંતુ ઈન્ટરનેશનલ લેવલે પોતાનું યોગદાન આપશે અને રાજ્યનું ગૌરવ વધારશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

ઇન્ડિયન ઑલિમ્પિક એસોસિએશનના ઍક્ટિંગ પ્રેસિડેન્ટ શ્રી અનિલ ખન્નાએ જણાવ્યું કે, દેશના ઇતિહાસમાં પ્રથમ વાર એવું થવા જઈ રહ્યું છે કે ૩૬મી નેશનલ ગેઈમ્સમાં ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના રમતવીરો વિવિધ ૩૬ રમતોની સ્પર્ધામાં ભાગ લેવા જઈ રહ્યા છે. નેશનલ ગેઈમ્સના ઇતિહાસમાં આ વર્ષે સૌથી વધુ ૩૬ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૭ વર્ષના લાંબા સમય બાદ નેશનલ ગેઈમ્સ યોજાઈ રહી છે અને ગુજરાતે માત્ર ૩ મહિનાથી ઓછા સમયમાં તેનું સફળ આયોજન કરવાના પડકારને સ્વીકાર્યો છે.

ગુજરાત રાજ્ય ઑલિમ્પિક એસોસિયેશનના પ્રેસિડેન્ટ શ્રી દેવેન્દ્ર સોલંકીએ કહ્યું કે, નેશનલ ગેઈમ્સ એ ખેલાડીઓ માટે એક સ્વપ્ન છે, જે ખેલાડીઓમાં ખેલદિલી, સૌહાર્દ અને એકતાની લાગણીમાં વધારો કરે છે. ખૂબ જ ટૂંકા સમયગાળામાં યોજાનારી રમતોનાં સ્થળ અને સમય નક્કી કરી દેવામાં આવ્યાં છે. સાથોસાથ ખેલાડીઓ માટે રહેવા-જમવા સહિતની સર્વોત્તમ વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્રસચિવ શ્રી અશ્વિની કુમારે કહ્યું કે, રાષ્ટ્રીય એકતા-અખંડિતતાની ભાવના અને પારસ્પરિક મૂલ્યોના સન્માનને આપણી સંસ્કૃતિ સાંકળી રાખે છે. તેમાં રમતગમત ક્ષેત્રનું એક વિશિષ્ટ યોગદાન છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં રમતગમત ક્ષેત્રના વિકાસને આગવી ગતિ અને નવી દિશા મળી છે, તેનો તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

આ પ્રસંગે ઇન્ડિયન ઑલિમ્પિક એસોસિયેશનના સેક્રેટરી જનરલ શ્રી રાજીવ મહેતા, ગુજરાત રાજ્ય ઑલિમ્પિક સંઘના સચિવ શ્રી આઈ.ડી. નાણાવટી તથા સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયાના સચિવ શ્રી રોહિત ભારદ્વાજ સહિતના અધિકારીશ્રીઓ ઉપરાંત રાજ્ય અને જિલ્લા સ્તરના સંગઠનના પ્રતિનિધિઓ, કોચ તથા ટ્રેનરો સહિત પ્રતિભાશાળી ખેલાડીઓ અને ખેલપ્રેમીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●



# ગુજરાત સ્ટેટ જ્યુડિશિયલ ઑફિસર્સનું પ્રથમ અધિવેશન યોજાયું







અમદાવાદના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઑડિટોરિયમ ખાતે ગુજરાત સ્ટેટ જ્યુડિશિયલ ઑફિસર્સના પ્રથમ અધિવેશનમાં અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નાનામાં નાના માનવીનાં હિત અને ન્યાયને કેન્દ્રમાં રાખવાની આવશ્યકતા દર્શાવી હતી. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ દરેક કલ્યાણ યોજનામાં સમાજના નાનામાં નાના અને ગરીબ વ્યક્તિને મહત્તમ લાભ મળે તેવો જ ધ્યેય રાખેલો છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં પ્રથમ વાર આ અધિવેશનના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે, લોકશાહીમાં ગુડ-ગવર્નન્સ અને રૂલ્સ ઑફ લૉ માટે લેજીસ્લેચર, એક્ઝીક્યુટીવ અને જ્યુડિશિયરી એકબીજાને પૂરક બનીને અને સ્વતંત્ર રીતે જો કામ કરે તો દરેકને ન્યાય અને તેની પ્રક્રિયાનો લાભ ચોક્કસપણે મળે. ન્યાયની અદાલતો એ રુલ ઑફ લૉના ગાર્ડિયન તરીકે ફરજ બજાવે છે અને લોકોમાં ન્યાયતંત્ર પ્રત્યેની જે શ્રદ્ધા છે તે ટકી રહે અને તેમાં વધારો થાય તે કામ ન્યાયિક અધિકારીઓનું છે, તેવો મત તેમણે દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે કહ્યું હતું કે, ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત ગત ૨૦ વર્ષમાં દરેક ક્ષેત્રમાં વિકાસની કેડી કંડારીને ડેવલપમેન્ટનું રોલ મોડલ બન્યું છે. આની પાછળ મુખ્ય કારણ રાજ્યમાં ગુડ ગવર્નન્સ એટલે કે ઝડપી, વાજબી નિર્ણય અને સારામાં સારી પબ્લિક બિઝનેસ સર્વિસીસ તેમજ બિઝનેસ એન્વાયરમેન્ટ હોવાના કારણે ઔદ્યોગિક ક્ષેત્રમાં વિશ્વમાંથી અને અન્ય રાજ્યોમાંથી વધુમાં વધુ રોકાણ થાય છે, એમ મુખ્યમંત્રીશ્રીએ ગૌરવ સાથે જણાવ્યું હતું. એટલું જ નહિ, સક્ષમ ન્યાયપ્રણાલીનો પણ રાજ્યમાં શાંતિ અને સલામતી સુનિશ્ચિત કરવામાં મહત્ત્વનો ફાળો રહ્યો છે, તેનો મુખ્યમંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો હતો.

રાજ્ય સરકારે પણ કાયદા વિભાગ અને ન્યાયતંત્રને હંમેશા પ્રાથમિકતા આપી છે. ન્યાયતંત્રની તમામ માગણીઓને ધ્યાનમાં રાખીને સર્વ-સમાવિષ્ટ બજેટ ફાળવણી કરવામાં આવે છે. ૨૦૦૩-૨૦૦૪માં ન્યાયતંત્રનું બજેટ માત્ર રૂ.૧૪૦.૧૯ કરોડ હતું, તેમાં ગત વીસ વર્ષમાં આશરે બારસો ટકાનો જંગી વધારો કરીને આ નાણાકીય વર્ષ માટે રૂ.1740 કરોડની રકમની જોગવાઈ કરવામાં આવી છે, તેની વિગતો તેમણે આપી હતી.

કોરોનાના કપરા કાળમાં પણ લોકોને ન્યાય આપવાનું સરાહનીય કાર્ય ન્યાયપાલિકા દ્વારા કરવામાં આવ્યું હતું, તેની સરાહના મુખ્યમંત્રીશ્રીએ કરી હતી.

ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ શ્રી અરવિંદ કુમારે જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યના જ્યુડિશિયલ ઑફિસર્સને ક્વૉલિટી અને ક્વૉન્ટિટીની દૃષ્ટિએ ઉચ્ચસ્તરીય પરફોર્મન્સ કરવા માટે આહ્વાન આપ્યું હતું. લોકોને ઝડપી અને ગુણવત્તાયુક્ત ન્યાય મળે, કોઈને ન્યાય માગવા માટે પરેશાન થવું ન પડે, એ દરેક જ્યુડિશિયલ ઑફિસરની જવાબદારી છે, એવું તેમણે ઉમેર્યું હતું.

સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ જસ્ટિસ શ્રી એમ.આર શાહે જણાવ્યું હતું કે, કૉમનમેનને ન્યાય આપવો એ આપણી સૌપ્રથમ ફરજ છે. ઝડપી ન્યાય એ દરેકનો અધિકાર છે, એવું જણાવીને જસ્ટિસ શાહે કોર્ટમાં સારા પરફોર્મન્સ માટે 3 પી - પ્રિપેરેશન, પંક્ચ્યુઆલિટી અને પોલાઇટનેસનો મંત્ર આપ્યો હતો.

સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ જસ્ટિસ શ્રી જે.બી. પારડીવાલાએ વર્ચ્યુઅલ ઉદબોધનમાં જણાવ્યું હતું કે બંધારણના આમુખમાં જણાવેલાં મૂલ્યોને ચરિતાર્થ કરવાની જવાબદારી ન્યાયતંત્રની છે. કોર્ટ સામાન્ય માનવીનો આખરી આશરો હોય છે. શ્રી પારડીવાલાએ ન્યાયાલયોએ કોર્ટ ઑફ લૉ નહિ, પરંતુ કોર્ટ ઑફ જસ્ટિસની ભૂમિકા ભજવવાની છે, એવું ઉમેર્યું હતું.

કાયદા અને ન્યાયતંત્ર મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ન્યાયતંત્રની તમામ આવશ્યકતા પૂરી પાડવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. સંવેદના સાથે ન્યાય અપાય છે ત્યારે ન્યાયતંત્રનું ગૌરવ વધી જાય છે, એવું તેમણે ઉમેર્યું હતું.

આ અધિવેશનમાં સુપ્રિમ કોર્ટ તથા ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશશ્રીઓ ઉપરાંત રાજ્યના એડવોકેટ જનરલ શ્રી કમલભાઈ ત્રિવેદી, ઉપરાંત જિલ્લા અને તાલુકા સ્તરના ૭૦૦થી વધારે ન્યાયાધીશો અને ન્યાયિક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



# મહેસાણા-પાલનપુર હાઈવે પરના સરદાર પટેલ અન્ડરપાસનું લોકાર્પણ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચીંધેલા જનસેવાના માર્ગ પર ચાલવાની અમારી પ્રતિબદ્ધતા છે. તેમણે ગુજરાતને વિકાસનું રોલ મોડેલ બનાવ્યું, તેથી આજે ગુજરાત રાજ્ય દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે, તેમ મહેસાણા ખાતે રૂ.147 કરોડના ખર્ચે બનેલા મહત્ત્વપૂર્ણ સરદાર પટેલ અન્ડરપાસના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું.

રાજ્યનાં શહેરોને લિવેબલ અને લવેબલ બનાવવા માટે રાજ્ય સરકાર સતત વિકાસકાર્યો કરી રહી છે. તેના ભાગરૂપે મહેસાણામાં મોઢેરા હાઈવે પર અંડરપાસનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં પથરાયેલા કુલ પાંચ હજાર કિલોમીટર લંબાઈના નેશનલ હાઈવે વિકાસના રાજમાર્ગ બન્યા છે. રાજ્યમાં ૧.૧૫ લાખ કિલોમીટર લંબાઈના રસ્તાઓનું નેટવર્ક છે. આખા ગુજરાતમાં એક છેડાથી બીજા છેડા ઉપર ૬થી ૮ કલાકમાં સલામત અને ઝડપથી પહોંચી શકાય તેવી આપણી નેમ છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, પ્રગતિપથના ૩૭૧૦ કિલોમીટરના માર્ગોમાંથી ૯ કોરીડોરને રૂ.1600 કરોડનાં ખર્ચે ફોર-લેન બનાવવામાં આવશે, જેનાથી વિકાસની ગતિમાં વધારો થશે. તેમણે ઉમેર્યું હતું કે, કિસાનપથ યોજના હેઠળ ગામડાના ૧૦ હજાર કિલોમીટરના રસ્તાઓ અને વિકાસપથ યોજના થકી તાલુકા મથકોના ૮૦૦ કિ.મી. રસ્તાઓને સુગમ બનાવ્યા છે.

માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું હતું કે, વર્તમાન રાજ્ય સરકાર વિકાસની સંસ્કૃતિને વરેલી છે. છેવાડાના માનવીનો વિકાસ થાય તે ધ્યેય સાથે કાર્ય કરી રહી છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાતના છેવાડાનાં ગામોમાં રસ્તાનું જોડાણ મળી રહે તેમજ વરસાદી સમયમાં કોઈ ગામ વિખૂટું ના પડે અને હાલાકી ન ભોગવવી પડે તે માટે મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં સરકારે અનેક યોજના અમલી બનાવી છે. સમગ્ર ગુજરાતની કાયાપલટ થઈ રહી છે. મહેસાણા જિલ્લામાં છેલ્લાં ત્રણ વર્ષમાં રૂ.1117 કરોડનાં 656 કામો થયાં છે, જે વિકાસની ગતિ બતાવે છે.

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, છેલ્લાં 20 વર્ષોમાં રાજ્યમાં વિકાસનાં નવાં પરિમાણો ઉમેરાયાં છે, જેની સાક્ષી સમગ્ર રાજ્યની જનતા છે.

પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સરકાર સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસથી હકારાત્મક દિશામાં કામ કરી રહી છે.મહેસાણા શહેરને આજે ગુજરાતના સૌથી મોટા અંડરપાસની ભેટ મળી છે, જે આ શહેરનું ઘરેણું છે.

'સરદાર પટેલ અન્ડરપાસ'માં શહેરી ટ્રાફિકને તથા બસસ્ટેશનને અનુકૂળ રહે તેમ ત્રણ બોક્ષ બનાવ્યાં છે, જે એસ.ટી. ડેપો, મોઢેરા સર્કલ તેમજ માલ-ગોડાઉન ખાતે બનાવવામાં આવેલાં છે. આ કાર્યક્રમમાં સંસદસભ્ય શ્રીમતી શારદાબહેન પટેલ, ધારાસભ્ય સર્વેશ્રી અજમલજી ઠાકોર, કરશનભાઈ સોલંકી સહિત અધિકારીઓ, પદાધિકારીઓ, નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

## કેન્દ્ર સરકાર ગુજરાતને કોવિશિલ્ડના ૩.૫૦ કરોડ ડોઝ ઉપલબ્ધ કરાવશે

# કોવિડના પ્રિકોશન ડોઝના રાજ્યવ્યાપી અભિયાનનો પ્રારંભ



કેન્દ્ર સરકારે 'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત અમૃતકાળ પ્રસંગે તા.૧૫ જુલાઈથી ૭૫ દિવસ સુધી દેશભરમાં ૧૮+થી ૫૯ વર્ષની વયના લોકોને કોવિડ વૅક્સિનેશનનો પ્રિકોશન ડોઝ વિનામૂલ્યે આપવાની શરૂઆત કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરના સેક્ટર-૨૪ સ્થિત અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં આ રાજ્યવ્યાપી અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રી નિમિષાબહેન સુથાર તેમજ પદાધિકારીઓ, અધિકારીઓ જોડાયા હતા.

કોવિડ વૅક્સિન અમૃત મહોત્સવ અંતર્ગત તા.૧૫મી જુલાઈ, ૨૦૨૨થી ૧૮-૫૯ વર્ષ વયજૂથના લાભાર્થીઓને સરકારી કોવિડ રસીકરણ કેન્દ્રો પરથી વિનામૂલ્યે કોવિડ વૅક્સિનનો પ્રિકોશન ડોઝ અપાવાનો છે.

"આઝાદી કા અમૃત મહોત્સવ'' અંતર્ગત તમામ સરકારી રસીકરણ કેન્દ્રો પર તા. ૧૫મી જુલાઈ, ૨૦૨૨થી ૭૫ દિવસ સુધી એટલે કે તા. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધી જ આ સુવિધા ઉપલબ્ધ રહેશે. એટલું જ નહિં, ૧૮-૫૯ વર્ષની વયજૂથના અને બીજા ડોઝના ૬ મહિના પૂર્ણ થઈ ગયા હોય તેવા લોકો જ આ પ્રિકોશન ડોઝ માટે પાત્ર ગણાશે.

ગુજરાતમાં તમામ જિલ્લા/કોર્પોરેશનમાં આ વયજૂથના અંદાજે ચાર કરોડ લાભાર્થી પ્રિકોશન ડોઝ માટે યોગ્યતા ધરાવે છે તેમને આ વિનામૂલ્યે પ્રિકોશન ડોઝ સેવાનો લાભ મળી શકશે.

રાજ્યના આરોગ્ય વિભાગે આ હેતુસર અંદાજે ૩૫૦૦ કોવિડ વૅક્સિનેશન સેન્ટરો પર ૧૫ હજારથી વધુ આરોગ્યકર્મીઓ દ્વારા રસીકરણ વ્યવસ્થા સુનિશ્ચિત કરેલી છે. આ અભિયાન માટે કોવિશિલ્ડ વૅક્સિનના અંદાજે ૩.૫૦ કરોડ ડોઝ અને કોવૅક્સિનના ૫૦ લાખ ડોઝ ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારને ઉપલબ્ધ કરાવવામાં આવશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકાર રાજ્યમાં આ પ્રિકૉશન ડોઝ માટે પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને વિનામૂલ્યે વૅક્સિન આપીને રૂ. ૭૦૦ કરોડથી વધુની ભેટ "આઝાદી કા અમૃત મહોત્સવ'' અંતર્ગત ગુજરાતને આપશે.

પ્રથમ અને બીજા ડોઝની જેમ જ રાજ્યભરમાં વિવિધ સ્થળોએ સરકારી રસીકરણ કેન્દ્રો ઊભાં કરીને પાત્રતા ધરાવતા તમામને પ્રિકૉશન ડોઝ અપાશે અને આગામી ૭૫ દિવસોમાં મહત્તમ લાભાર્થીઓને રાજ્યના આરોગ્ય તંત્ર દ્વારા વૅક્સિનેશન અન્વયે આવરી લેવામાં આવશે. ●

# ગુજરાતમાં પ્રથમ વખત "શહેરી વિકાસ રાષ્ટ્રીય કોન્કલેવ''

ગુજરાતમાં પ્રથમ વખત શહેરી વિકાસ રાષ્ટ્રીય કોન્કલેવ યોજાયો હતો. અમદાવાદ રીવરફ્રંટ ખાતે યોજાયેલ આ કોન્કલેવનો શુભારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યુ કે, શહેરી વિકાસ રાષ્ટ્રીય કોન્કલેવ શહેરી સુખાકારીનો અમૃત કાળ સાબિત થશે. સાબરમતી રીવરફ્રંટને વિશ્વસ્તરીય માળખાગત સુવિધાનું શ્રેષ્ઠ નજરાણું ગણાવી તેમણે રીવરફ્રંટના ડેવલપમેન્ટને પોલોટીકલ વીલનું શ્રેષ્ઠ ઉદાહરણ હોવાનું જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, દેશને 5 ટ્રીલીયન ડૉલર ઈકોનોમી બનાવવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનને સિદ્ધ કરવા શહેરી ઈકોનોમીનો વિકાસ અતિઆવશ્યક છે. વડાપ્રધાનશ્રીએ પડકારોને તકોમાં પરિવર્તિત કરવાની શૈલી વિકસાવી છે. તેમણે ૨૦ વર્ષ પહેલા ગુજરાતના સાશનની ધુરા સંભાળી ત્યારે શહેરોની સુવિધાઓ મર્યાદિત હતી. વડાપ્રધાનશ્રીના અથાગ પરિશ્રમ અને દૂરંદેશીતાના પરિણામે આજે સ્માર્ટ સિટી અને ગુડ ગવર્નન્સની પરિપાટીએ ગુજરાતના નગરો અને શહેરોનો વિકાસ દેશ માટે રોલ મોડલ બન્યો છે. જેના પરિણામે વર્લ્ડ ક્લાસ સ્માર્ટ અને સસ્ટેનેબલ સિટીનો એક નવો યુગ નરેન્દ્રભાઇના દિશાદર્શનમાં શરૂ થયો છે. વિશ્વ ફાસ્ટટ્રેક વિકાસની ગતિ તરફ આગળ વધી રહ્યું છે અને નાગરિક કેન્દ્રી સુવિધા અને ઓનલાઇન સુવિધાઓના સમન્વય થી આજે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થઇ રહ્યો છે. ●

# 'હર ઘર તિરંગા' : ગુજરાતમાં ૧ કરોડ ઘરમાં રાષ્ટ્રધ્વજ લહેરાવાશે





આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'હર ઘર તિરંગા' ઝુંબેશ અંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નરશ્રીઓ અને પ્રશાસકો સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ કહ્યું કે, આઝાદીનો અમૃત મહોત્સવ દેશના દરેક નાગરિક માટે ગર્વની વાત છે. 'હર ઘર તિરંગા' એ દેશના દરેક નાગરિકના હૃદય અને દિમાગમાં દેશભક્તિની ભાવનાને ઉચ્ચ સ્તરે લઈ જવાનો કાર્યક્રમ છે. દેશનાં ૨૦ કરોડથી વધુ ઘરો, એટલે કે ૧૦૦ કરોડથી વધુ લોકો, ત્રણ દિવસમાં તેમના ઘરે ત્રિરંગો ફરકાવશે અને ફરીથી ત્રિરંગા દ્વારા ભારત માતાની સેવામાં પોતાને સમર્પિત કરશે.

આ કાર્યક્રમ વિશ્વનો પહેલો એવો કાર્યક્રમ હશે જે ક્યારેય કોઈ રાષ્ટ્રે તેની સ્વતંત્રતા કે અન્ય કોઈ દિવસની ઉજવણી માટે યોજ્યો હોય. આ કાર્યક્રમની સફળતા માત્ર વિચાર કે હાકલથી મેળવી શકાતી નથી, તે એકલી કેન્દ્ર કે રાજ્ય સરકાર કરી શકતી નથી. આ કાર્યક્રમને લોકો સુધી પહોંચાડવાનું કામ આપણે સૌએ કરવાનું છે, તો જ આ કાર્યક્રમ અને તેનો હેતુ પણ સફળ થશે. દરેક ઘર પર ત્રિરંગો ફરકાવવો એ પુણ્યનું કાર્ય છે અને જો આપણે આ કાર્યક્રમને સાબિત કરી દઈએ તો આ કાર્યક્રમ દેશમાં નવી દેશભક્તિ જગાવવામાં ઘણું યોગદાન આપશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હર ઘર તિરંગા કાર્યક્રમના આયોજન અંગેની આ બેઠકમાં વર્ચ્યુઅલ માધ્યમથી સહભાગી થતાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારત દેશની આન, બાન અને શાન સમા રાષ્ટ્રધ્વજ પ્રત્યે દરેક નાગરિકના મનમાં રહેલો સન્માન-ભાવ ઉજાગર થાય તેવા શુભ આશયથી હર ઘર તિરંગા કાર્યક્રમ ૧૩ થી ૧૫ ઑગસ્ટ દરમિયાન યોજવાનું આહ્વાન કર્યું છે. ગુજરાતમાં હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત એક કરોડ ઘર ઉપર રાષ્ટ્રધ્વજ-તિરંગો લહેરાવવાના નિર્ધાર સાથે રાજ્ય સરકારે વ્યાપક આયોજન કર્યું છે. ગ્રામીણ વિસ્તારમાં ૫૦ લાખ ઘર અને શહેરી વિસ્તારમાં ૫૦ લાખ ઘર એમ કુલ મળીને ૧ કરોડથી વધુ ઘરો પર ત્રિરંગો લહેરાશે તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી. ગુજરાતમાં સ્કૂલ, કૉલેજ, સરકારી કચેરી, ઉદ્યોગો, સહકારી સંસ્થાનો વગેરે સાર્વજનિક સ્થળો પર અઢી લાખની સંખ્યામાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવશે.

દરેક ઘર સુધી રાષ્ટ્રધ્વજ પહોંચે તે માટે રાજ્ય સરકારે સુપેરે આયોજન કર્યું છે. ભારત સરકારે નિશ્ચિત કરેલી એજન્સી મારફત ૫૦ લાખ રાષ્ટ્રધ્વજ ખરીદવામાં આવશે. આ ઉપરાંત GeM પોર્ટલ ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવશે. શહેરી ક્ષેત્ર માટે ૩૦ લાખ અને ગ્રામીણ વિસ્તારો માટે ૨૦ લાખ રાષ્ટ્રધ્વજ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત રાજ્યનાં ૫૦થી વધારે ખાદી ગ્રામ ઉદ્યોગ કેન્દ્ર તથા ગુર્જરી એમ્પોરિયમ પરથી રાષ્ટ્રધ્વજની ખરીદી નાગરિકો કરી શકશે. ●

# CM ડેશબોર્ડથી પ્રભાવિત થતા નીતિ આયોગના CEO





નીતિ આયોગના સી.ઇ.ઓ શ્રી પરમેશ્વરન ઐયર તાજેતરમાં ગુજરાતની એક દિવસીય મુલાકાતે આવ્યા હતા. આ મુલાકાત દરમિયાન તેમણે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે બેઠક યોજીને કૃષિ, શિક્ષણ, હાઉસીંગ વગેરે વિભાગોની વિવિધ ફ્લેગશીપ યોજનાઓ, સી.એમ. ડૅશબોર્ડ તથા જનસંવાદ કેન્દ્રની ગતિવિધિઓ પ્રત્યક્ષ નિહાળી હતી.

સી.એમ. ડૅશબોર્ડ દ્વારા રાજ્ય સરકારના વિભાગો દ્વારા હાથ ધરવામાં આવતાં વિકાસકાર્યો અને જનહિત કાર્યક્રમોનું રિયલ ટાઈમ મોનિટરીંગ ૩ હજાર જેટલા ઇન્ડીકેટર્સથી કરવામાં આવે છે, તેનાથી તેઓ અત્યંત પ્રભાવિત થયા હતા. એટલું જ નહિ, યોજનાકીય લાભ મેળવેલા લાભાર્થીઓના પ્રતિભાવ ફીડબૅક મેળવવાના હેતુસર કાર્યરત જનસંવાદ કેન્દ્રની કાર્યપદ્ધતિની પણ શ્રી પરમેશ્વરન ઐયરે પ્રશંસા કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથેની આ બેઠકમાં મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, સહિત ઉચ્ચ સનદી અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાતમાં નીતિ આયોગના સી.ઇ.ઓ.ને સી.એમ.ડૅશબોર્ડ અને જનસંવાદ કેન્દ્રની કામગીરી તથા કાર્યપદ્ધતિની તલસ્પર્શી માહિતી મુખ્યમંત્રીશ્રીનાં અધિક સચિવ શ્રી પંકજ જોષી અને સચિવ શ્રીમતી અવંતિકાસિંઘે આપી હતી. ●

# રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ સમયની માંગ - CM






ઊર્જાના વિવેકપૂર્ણ ઉપયોગ સાથે નવીન ઊર્જા સ્ત્રોત અને રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ હવેના સમયની માંગ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને પાંચ ટ્રિલીયન ડોલર ઈકોનોમી બનાવવાનું જે સપનું જોયુ છે તેમાં આ રિન્યુએબલ એનર્જી સેક્ટરનું પણ ઘણું મહત્વ છે. તાજેતરમાં ઉજ્જવલ ભારત, ઉજ્જવલ ભવિષ્ય પાવર@2047 અંતર્ગત વીજળી મહોત્સવ યોજાયો હતો. જેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીથી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈને રિવેમ્પડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ તથા નેશનલ સોલાર રૂફટોપ પોર્ટલના લોન્ચીંગ કર્યા હતા.

વડાપ્રધાનશ્રીએ આ અવસરે સુરતના કવાસ ખાતે ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ સહિત દેશના વિવિધ રાજ્યોના ઊર્જા પ્રકલ્પોના ઈ-ખાતમૂર્હત કર્યા હતા. કેન્દ્ર સરકારની મિનીસ્ટ્રી ઓફ ન્યૂ એન્ડ રિન્યુએબલ એનર્જી આયોજિત આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રીએ દેશના વિવિધ રાજ્યોના લાભાર્થીઓ સાથે સંવાદ પણ કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ આ વેળાએ પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટીમાં આયોજિત વીજળી ઉત્સવમાં સહભાગી થઈને રૂફટોપ તથા સોલાર પ્લાન્ટના ગુજરાતના લાભાર્થીઓને તથા ઝૂંપડપટ્ટી વીજળીકરણ અન્વયે વિનામૂલ્યે વીજકનેક્શન મેળવનારા લાભાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકાર રિન્યુએબલ એનર્જીને હંમેશા પ્રોત્સાહન આપતી આવેલી છે. પાછલા બે દાયકાઓમાં રિન્યુએબલ એનર્જીને પ્રોત્સાહન આપવાની દિશામાં સરકારે સોલાર પોલિસી, વિન્ડ એનર્જી પોલિસી, સ્મોલ હાઈડ્રો પોલિસી તથા હાઈબ્રીડ એનર્જી પોલિસી જેવી અનેક પોલિસીઓનો સફળ અમલ કર્યો છે. આના પરિણામે રિન્યુએબલ ઊર્જાની કુલ સ્થાપિત ક્ષમતામાં ૧૦૫ ટકાનો વધારો થયો છે. ૨૦૦૧માં આ ક્ષમતા ૧૬૫ મેગાવોટ હતી તે ૨૦૨૨માં ૧૭,૩૦૦ એ પહોંચી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં કચ્છમાં ૩૦ હજાર મેગાવોટ ક્ષમતાનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક વિકસાવવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં રિન્યુએબલ એનર્જીની ક્ષમતા ૨૦૨૫માં ૪૧ ગીગાવોટ તથા ૨૦૩૦માં ૬૬ ગીગાવોટ સુધી પહોંચાડી ગ્રીન-ક્લીન એનર્જી ઉત્પાદનની નેમ વ્યક્ત કરી હતી. ●

# ઑસ્ટ્રેલિયાનું પ્રતિનિધિમંડળ મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મુલાકાતે

ઑસ્ટ્રેલિયા ન્યૂ સાઉથ વેલ્સના મિનીસ્ટર ફોર એન્ટરપ્રાઈઝ, ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ટ્રેડ તથા મિનીસ્ટર ઑફ ટુરિઝમ એન્ડ સ્પોર્ટ્સ તેમજ મિનીસ્ટર ઑફ વેસ્ટર્ન સિડની શ્રીયુત સ્ટુઅર્ટ અયરેસ (Mr. Stuart Ayres) અને પ્રતિનિધિમંડળે તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત લીધી હતી. ગુજરાત અને ન્યૂ સાઉથ વેલ્સ વચ્ચે ૨૦૧૮માં જે સિસ્ટર સ્ટેટ તરીકે એગ્રીમેન્ટ થયેલા છે તેના પરિણામે બેય પ્રદેશો વચ્ચે સહકારિતાનો સેતુ વધુ સુદૃઢ અને વિસ્તૃત બન્યો છે તેનો આનંદ તેમણે આ મુલાકાત દરમિયાન વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ સંદર્ભમાં એમ પણ જણાવ્યું કે, શિક્ષણ, પ્રવાસન, બિનપરંપરાગત ઊર્જા સહિતનાં ક્ષેત્રોમાં ગુજરાતની જે અગ્રેસરતા છે તેમાં ન્યૂ સાઉથ વેલ્સની સહભાગિતા નવાં પરિમાણો ઉમેરી શકે તેમ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હરેક ક્ષેત્રે આત્મનિર્ભર ભારતની નેમ સાથે વૈશ્વિક પ્રવાહોને સાથે રાખીને વિકાસની નવી દિશા આપી છે. મેઈક ઈન ઈન્ડીયા, મેઈક ફોર ધ વર્લ્ડ નો એમણે જે વિચાર આપ્યો છે તે સૌની ભાગીદારીથી આગળ વધવાનો અભિગમ છે. ગુજરાત અને ન્યૂ સાઉથ વેલ્સ આ વિચારને આગળ ધપાવતાં સિસ્ટર સ્ટેટ તરીકે જે ક્ષેત્રોમાં હજુ વધુ સુદ્રઢ સેતુ સ્થાપવો હોય તેમાં આગળ વધી શકે તેમ છે.

શ્રીયુત સ્ટુઅર્ટ અયરેસ (Mr. Stuart Ayres) એ આ અંગેનો પ્રતિસાદ આપતાં ઉમેર્યુ કે, તેમના રાષ્ટ્રનું એક બિઝનેસ ડેલિગેશન દર વર્ષે ભારત અને ગુજરાતની મુલાકાતે આવશે અને પરસ્પર વ્યાપારિક વાણિજ્યીક સંબંધોને વધુ આગળ ધપાવશે. તેમણે મુખ્યમંત્રીશ્રીને સિડનીની મુલાકાતે આવવાનું ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું હતું. ગુજરાતમાં મૂડીરોકાણ અને વેપારની જે અનેક તકો રહેલી છે તેનાથી તેઓ પ્રભાવિત થયા છે. આ બેઠકમાં ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા વગેરે જોડાયા હતા. ●

### રાજ્યમાં ચીપ ઉત્પાદન ક્ષેત્રે રોકાણને આકર્ષવા

# ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી ૨૦૨૨-૨૦૨૭ જાહેર



દરેક ક્ષેત્રમાં અગ્રેસર એવા ગુજરાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ટેક્નોલોજીકલ ક્રાંતિ તરફ વધુ એક કદમ ભર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગના મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગના સચિવ શ્રી વિજય નેહરાની ઉપસ્થિતિમાં “ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી ૨૦૨૨-૨૦૨૭”ની મહત્વપૂર્ણ જાહેરાત કરી છે.




ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગના મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યુ કે, સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ઉત્પાદન ક્ષેત્રે સહાય માટે આગવી ડેડિકેટેડ પોલિસીની જાહેરાત કરનારા પ્રથમ રાજ્યનું ગૌરવ દેશભરમાં ગુજરાતે મેળવ્યું છે. રાજ્યમાં સ્થાનિક સેમિકન્ડક્ટર ચીપ ઉત્પાદન ક્ષેત્રે ઝડપી અને સમાવેશી વૃદ્ધિને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા સાથે ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી ૨૦૨૨ થી ૨૦૨૭ જાહેર કરવામાં આવી છે. આ પોલિસી થકી આગામી પાંચ વર્ષમાં બે લાખ જેટલી રોજગારીનું સર્જન થશે.

મંત્રીશ્રીએ જણાવ્યુ કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનાં દ્રષ્ટીવંત નેતૃત્વમાં સમગ્ર દેશમાં આત્મનિર્ભરતાની દિશામાં નક્કર આયોજનો થઇ રહ્યા છે ત્યારે સેમિકન્ડક્ટર ચીપ ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાના હેતુ સાથે ભારત સરકાર દ્વારા ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન( ISM)ની સ્થાપના કરવામાં આવી છે અને ભારતમાં સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષેત્રે રોકાણ આકર્ષવા માટેની નીતિ જાહેર કરવામાં આવી છે. ભારત સરકારની આ પહેલને સમાંતર ગુજરાતમાં ચીપ ઉત્પાદન ક્ષેત્રે રોકાણને આકર્ષવા મુખ્યમંત્રીશ્રી દ્વારા સેમિકન્ડક્ટર નીતિ જાહેર કરવામાં આવી છે. આ પોલિસીની જાહેરાત સાથે ગુજરાત સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ઉત્પાદન ક્ષેત્રે સહાય માટે નીતિ જાહેર કરનારું પ્રથમ રાજ્ય બન્યું છે.

ભારત સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય હેઠળ ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન દ્વારા મંજૂર કરાયેલા પ્રોજેક્ટસ માટે ભારત સરકાર દ્વારા આપવામાં આવેલી સહાય ઉપરાંત ભારત સરકાર દ્વારા આપવામાં આવતી મૂડી સહાયના ૪૦ ટકાના દરે વધારાની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે. આ પોલિસી અંતર્ગત ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિઝીયન(ધોલેરા સર) ખાતે ધોલેરા સેમિકોન સિટી સ્થાપવામાં આવશે અને પાત્રતા ધરાવતા પ્રોજેક્ટ્સને પ્રથમ ૨૦૦ એકર જમીન ખરીદી પર ૭૫% સબસિડી અને ફેબ પ્રોજેક્ટ અથવા અપસ્ટ્રીમ/ડાઉનસ્ટ્રીમ તથા ISM હેઠળ મંજૂર થયેલા અન્ય પ્રોજેક્ટ્સ માટે જરૂરી વધારાની જમીન ઉપર ૫૦ ટકા સબસિડી આપવામાં આવશે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યુ કે, આ પોલિસી અંતર્ગત પ્રોજેક્ટના હેતુ માટે જમીનના ભાડાપટ્ટા/ વેચાણ/ ટ્રાન્સફર માટે પાત્ર પ્રોજેક્ટ્સ દ્વારા સરકારને ચૂકવવામાં આવેલ ૧૦૦% સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીના એક વખતના વળતરની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્ય સરકારના વિવિધ કાયદા હેઠળ મેળવવાની થતી તમામ મંજૂરીઓ ઝડપી રીતે મળી રહે તે અર્થે સિંગલ વિન્ડો મિકેનિઝમ સ્થાપવામાં આવશે. આ નીતીનો ઉદ્દેશ્ય મોટા પાયે રોજગારી ઉભી કરવાનો છે તથા આગામી પાંચ વર્ષમાં ૨ લાખ લોકોને રોજગારી મળવાનો અંદાજ છે. ●

# "મક્કમ સરકાર અડીખમ વિકાસગાથા" પુસ્તકનું વિમોચન



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાત રાજ્યની વિકાસ યાત્રાને આગળ વધારી રહી છે. રાજ્યની વિકાસગાથાને આગળ ધપાવવામાં રાજ્યનો પાણી પુરવઠા અને જળસંપતિ વિભાગ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના સબળ નેતૃત્વ અને મંત્રી શ્રી જીતુભાઇ ચૌધરીના સીધા માર્ગદર્શન હેઠળ કાર્ય કરી રહ્યો છે. પાણી પુરવઠા અને જળસંપતિ વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરીની ઝાંખી રજૂ કરતા "મક્કમ સરકાર, અડીખમ વિકાસગાથા" પુસ્તકનું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતુ.

પાણી પુરવઠા વિભાગ દ્વારા તૈયાર કરાયેલ આ પુસ્તકમાં ગુજરાતમાં થયેલી જળક્રાંતિની વિગતો રજૂ કરાઇ છે. જેમાં રાજ્યના ગ્રામીણ વિસ્તારોના ૯૬ ટકા કરતા પણ વધારે ઘરોમાં નળ જોડાણ સંપન્ન થયું. જેમાં ખાસ કરીને ૧૦ મહિનાના ટૂંકા ગાળામાં પાણી પુરવઠા વિભાગે યુધ્ધના ધોરણે કામગીરી કરીને ૫૨૧૮ ગામોના ૭.૭૦ લાખ ઘરોને નળ જોડાણથી જોડ્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની સરકારના દસ માસના સમયગાળામાં મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને રાજ્ય મંત્રી શ્રી જીતુભાઇ ચૌધરીના સક્ષમ નેતૃત્વ અને સંકલનના પરિણામે કુલ રૂ. ૨૧૯૮.૯૨ કરોડના વિકાસ પ્રકલ્પો અને યોજનાકીય કાર્યોનું લોકાર્પણ સંપન્ન કરવામાં આવ્યું. જેમાં અસ્ટોલ, DDSA જેવી મહત્વની યોજનાઓનો પણ સમાવેશ થાય છે.

તદ્ઉપરાંત આ સમયગાળામાં રૂ. ૨૧૮૯.૮૬ કરોડની યોજનાકીય કાર્યોનું ખાતમુહૂર્ત અને રૂ. ૧૦૮૪.૭૪ કરોડના કાર્યોનું ભૂમિપૂજન કરવામાં આવ્યું છે. જેની સમગ્રતયા વિગતો આ પુસ્તકમાં સમાવિષ્ટ છે. પાણીપુરવઠા વિભાગ દ્વારા ૧૦ માસમાં રૂ. ૫૨૮૪ કરોડના ટેન્ડરને મંજૂરી આપવામાં આવી છે. જ્યારે રૂ. ૫૮૯૧ કરોડની ૧૦૪ યોજનાઓને વહીવટી મંજૂરી આપવામાં આવી છે.


આ પુસ્તકમાં પાણી પુરવઠા વિભાગના કાર્યો, સંસાધનો અને આયોજનનું સર્વગ્રાહી વ્યવસ્થાપન કરવા તથા માનવ સંશાધનો, ફરિયાદ નિવારણ, ફાયનાન્સ અને સ્ટોર ઇન્વેન્ટરીનું મોનિટરિંગ થાય અને જલ જીવન મિશનના કાર્યો પૂર્ણ કરતા તેમજ સતત મોનિટરિંગ થાય તે માટે તૈયાર કરાયેલ E.R.P. સોફ્ટવેરની કામગીરી પણ દર્શાવવામાં આવી છે. આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના કેબિનેટ મંત્રીશ્રીઓ, રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર સહિત વરિષ્ઠ સચિવશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# શિવરાજપુર બીચને વિશ્વકક્ષાના પ્રવાસનધામ તરીકે વિકસાવાશે

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મનોહર અને શાંત દરિયાકિનારે આવેલા શિવરાજપુર બીચમાં પ્રવાસન વિભાગ દ્વારા હાથ ધરાઇ રહેલા પ્રવાસન-યાત્રી સુવિધાના કામોની પ્રગતિનું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જાતનિરીક્ષણ કર્યુ હતું. પ્રવાસન અને સલામતીને ધ્યાને રાખીને બ્લ્યૂ ફ્લેગના વૈશ્વિક ધોરણો અન્વયે શિવરાજપુર બીચને પ્રવાસન વિભાગ દ્વારા વિકસિત કરવામાં આવી રહ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દ્વારકાધિશ મંદિરમાં અર્ચન-દર્શન કર્યા બાદ શિવરાજપુર બીચ પહોચ્યા હતા. તેમણે શિવરાજપુર ખાતે અંદાજે રૂ. ૨૩.૪૩ કરોડના ખર્ચે ફેઇઝ-૧ અંતર્ગત અરાઇવલ પ્લાઝા, સાઇકલ ટ્રેક, પ્રોમોનેડ, પાથ-વે, પીવાના પાણી, ટોઇલેટ બ્લોક સુવિધા જેવા પ્રગતિ હેઠળના કામોની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું.

પ્રવાસન સચિવ શ્રી હારિત શુકલાએ આ તકે મુખ્યમંત્રીશ્રીને શિવરાજપુર ડેવલપમેન્ટની



વિગતો આપતાં કહ્યું કે, ફેઇઝ-૧ ના કામો પૈકી ૫૬ ટકા કામો પૂર્ણ થઇ ગયા છે. સમગ્રતયા પ્રવાસન સુવિધાના કુલ અંદાજે રૂ.૧૩૫ કરોડના વિવિધ કામો શિવરાજપુરમાં હાથ ધરવામાં આવી રહ્યા છે તેમ પ્રવાસન સચિવે મુખ્યમંત્રીશ્રીને જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ કામો વેળાસર પૂર્ણ કરી પ્રવાસીઓને પૂરતી સુવિધા મળી રહે તે માટેના પ્રેરક સૂચનો કર્યા હતા. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હાઇ-વે થી શિવરાજપુર પહોચવા માટેના રોડની માર્ગ-મકાન વિભાગ દ્વારા થઇ રહેલી કામગીરી પણ નિહાળી હતી. ●

# ગુજરાત વિધાનસભામાં યોજાઈ "યુવા મોડેલ એસેમ્બલી"





ગુજરાત વિધાનસભા ખાતે 'ગણેશ વાસુદેવ માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરો' તથા 'ધી સ્કૂલ પોસ્ટ'ના સંયુક્ત ઉપક્રમે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબહેન આચાર્યના અધ્યક્ષસ્થાને 'યુવા મોડેલ એસેમ્બલી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યુવા મોડેલ એસેમ્બલીનો પ્રારંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરાવ્યો હતો. આ યુવા એસેમ્બલીની ખાસિયત એ હતી કે, આ મોક એસેમ્બલીમાં યુવાનોએ વાસ્તવિક વિધાનસભાના સત્ર દરમિયાન થતી તમામ કાર્યવાહી કરી હતી.

આ મોક યુવા વિધાનસભાની કામગીરી સવારે નિયમિત સમયે શરૂ થઈ હતી, જે અંતર્ગત સમગ્ર દિવસ દરમિયાન તારાંકિત પ્રશ્નોત્તરી, માગણીઓ પર ચર્ચા, સરકારી વિધેયક, બિન સરકારી કામકાજ પર ચર્ચા-વિચારણા કરાઈ હતી. સહભાગી બનેલા શાસક પક્ષ તેમજ વિપક્ષના તમામ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ધારદાર રજૂઆતો સહિત પોતાનાં મંતવ્યો વ્યક્ત કર્યાં હતાં.

મોક એસેમ્બલીમાં ૬૦ મિનિટ સુધી તારાંકિત પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું, જેમાં સભ્યશ્રીઓ દ્વારા વિવિધ વિભાગોના ૩૦ જેટલા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. આ તમામ પ્રશ્નોના સંબંધિત મંત્રીશ્રીઓ દ્વારા વિસ્તૃત જવાબો અપાયા હતા.

પ્રશ્નકાળના અંતે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની કૃષિ, નાની સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ મુદ્દે તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ જાહેર આરોગ્ય વિષયની માગણીઓ ઉપર વિસ્તૃત ચર્ચા અને મતદાન થયું હતું, જેમાં આ બંને માગણીઓ બહુમતીથી પસાર કરવામાં આવી હતી.

અંતમાં, બિનસરકારી કામકાજ અંતર્ગત સભ્ય શ્રી આર્યન મહેતા દ્વારા ગ્લોબલ વૉર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના સંકટ પર બિનસરકારી સંકલ્પ તેમજ સભ્ય શ્રી વૈદેહી પટેલ દ્વારા શાળા પ્રવેશોત્સવ અંગેના બિનસરકારી સંકલ્પ રજૂ કરાયા હતા. તેમાં પણ સૌ યુવા સભ્યશ્રીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યવાહી પૂર્ણ થયા બાદ સૌ સહભાગીઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્રનું વિતરણ કરાયું હતું.

ગુજરાત વિધાનસભા ખાતે ઐતિહાસિક 'યુવા મોડેલ એસેમ્બલી'માં એક દિવસ માટે મુખ્યમંત્રી બનેલા શ્રી રોહન રાવલે તેમનો એક દિવસનો વિધાનસભા ગૃહનો અનુભવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આજનો આ દિવસ અમારા સૌ યુવાનોના જીવનનો સૌથી અનેરો અને યાદગાર અનુભવ બની રહેશે.

તેમણે જણાવ્યું હતું કે, એક દિવસ વિધાનસભા ગૃહમાં બેસીને તેની કાર્યપ્રણાલી જાણવા અને શીખવાનો આ અનુભવ અમારા સૌના ભવિષ્યમાં માર્ગદર્શક તરીકે પુરવાર થશે. ગૃહની શરૂઆતમાં જ ગુજરાત વિધાનસભાનાં અધ્યક્ષા શ્રીમતી ડૉ. નીમાબહેન આચાર્ય, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સંસદીય બાબતોના મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ગુજરાત વિધાનસભા શાસક પક્ષના દંડક શ્રી પંકજભાઈ દેસાઈ, વિપક્ષના ઉપનેતા શ્રી શૈલેષભાઈ પરમાર દ્વારા સહભાગી થયેલા તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

શ્રી રોહને વધુમાં જણાવ્યું હતું કે, સંસદીય લોકશાહીના પવિત્ર મંદિર સમા આ વિધાનસભા ગૃહમાં નાગરિકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ પર રાજ્યની કેટલી બધી જવાબદારીઓનો ભાર હોય છે તે આજે આ જગ્યા પર બેસીને મને સમજાયું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ ગુજરાત આજે દેશમાં હર એક ક્ષેત્રે અગ્રેસર છે ત્યારે અમે સૌ યુવાઓ પણ દેશના હિતમાં પોતાનો ફાળો આપવાના પૂરા પ્રયત્નો કરીશું.

મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ કહ્યું હતું કે, આ મોક વિધાનસભામાં સહભાગી થયેલા વિદ્યાર્થીઓને આજનો અનુભવ ખૂબ જ ઉપયોગી બનતી રહેશે. આ યુવા મોડેલ એસેમ્બલીના ગુજરાત પ્રયોગમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરી તેમને પ્રોત્સાહિત કરાયા હતા. આ સમાપન કાર્યક્રમમાં વિધાનસભા અધ્યક્ષા ડૉ. નીમાબહેન આચાર્ય, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, મુખ્ય દંડક શ્રી પંકજભાઈ દેસાઈ, વિધાનસભા સચિવાલયના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા. ●

## બેડી બંદરથી કોલસાનો પ્રથમ જથ્થો રવાના

જામનગર નજીક આવેલા બેડી બંદરેથી નવી વિકસિત કરાયેલી રેલવે લાઈન મારફતે કોલસાની પ્રથમ ટ્રેનને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રવાના કરાવી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે આ રેલ જોડાણ દેશમાં એવા પ્રકારનું પ્રથમ સાહસ છે, જેમાં આઠ મહિનાના ગાળામાં પી.પી.પી. દ્વારા ઈ.પી.સી. કોન્ટ્રાક્ટના માધ્યમથી પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ કરવામા આવ્યો હોય. આ સાહસને ભારતીય રેલવે સાથે સંયુક્ત સાહસમાં ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન (G-RIDE) દ્વારા પૂર્ણ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ મલ્ટિમોડલ કનેક્ટિવિટી માટે PM ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાનના વિઝનને આગળ લઈ જશે. તે સિવાય બર્થથી ડાયરેક્ટ લોડિંગ, લોજિસ્ટિક્સનો ઓછો ખર્ચ, કાર્ગો અવરજવર માટે સંતુલિત મોડલ, કનેક્ટિવિટીની સુવિધા અને રોજગારીની નવી તકોનો વિસ્તાર થશે.

બેડી બંદર કચ્છના અખાતના દક્ષિણ કિનારે જામનગર જિલ્લામાં આવેલું છે, જેનું સંચાલન ગુજરાત મેરીટાઈમ બોર્ડ હસ્તક છે. અહીં 2250m લંબાઈના લાંબા વ્હાર્ફ સાથે, ઓલ-વેધર ટાઇડલ લાઇટરેજ સુવિધા છે, અને બાર્જ દ્વારા કાર્ગો પરિવહન સાથે લાઇટરેજ કામગીરી પણ ઉપલબ્ધ છે. બેડી એન્કરેજમાં મહત્તમ ડ્રાફ્ટ 16 મીટર છે. બંદર તેની નજીકના અંતરિયાળ વિસ્તારોમાં માર્ગ માલસામાનની અવરજવર સાથે કોલેન્ડ પેટ્રોલિયમ કોક પર વધુ નિર્ભરતા ધરાવે છે. આ SPV રેલવે પ્રોજેક્ટને જી-રાઈડ બેડી પોર્ટ રેલ લિમિટેડ દ્વારા વિકસાવવામાં આવ્યો છે, જેમાં જી.એમ.બી. અને જી-રાઈડ વચ્ચેની ભાગીદારી છે. તેમાં જી.એમ.બી.ની 74 ટકા, જ્યારે જી-રાઈડની 26 ટકા ભાગીદારી છે. અંદાજે 3 કિમીના આ પ્રોજેક્ટની કિંમત રૂ. 70 કરોડ છે.



**બેડી બંદર પર રેલ-જોડાણના ફાયદા**

- તેનાથી બંદરની ક્ષમતામાં મોટાપાયે વધારો થશે.
- મુંદ્રા, કંડલા જેવાં બંદરોનો ટ્રાફિક અહીં ડાયવર્ટ કરી શકાય છે.
- કાર્ગોનું ઈવેક્યુએશન જલદી થશે, બંદર પર ભીડ ઘટાડી શકાય છે.
- રેલવે ભાડું ઓછું હોવાથી આયાતકાર-નિકાસકારને ફાયદો થશે
- સીધી રેલ કનેક્ટિવિટી હોવાના લીધે ઉત્તર ભારત અને મધ્ય ભારતના વિસ્તારોમાંથી કાર્ગોને આકર્ષી શકાય છે.

આ પ્રોજેક્ટ ડબલ એન્જિન સરકારની ઉપલબ્ધિ સૂચવે છે અને બન્ને સરકાર રાજ્યમાં રેલવેને લગતા મહત્ત્વપૂર્ણ અને લોજિસ્ટિક પ્રોજેક્ટના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. ●

## જામનગરની જી.જી. હોસ્પિટલને મળ્યું LaQshya રી-સર્ટિફિકેશન

જામનગરની જી.જી. હૉસ્પિટલ (ગુરુ ગોવિંદસિંહજી હૉસ્પિટલ)ના પ્રસૂતિ વિભાગ અને મૅટરનિટી ઑપરેશન થીએટરમાં કેન્દ્ર સરકારનું LaQshya પ્રોગ્રામ હેઠળનું રાષ્ટ્રીય લેવલનું ઈન્સ્પેક્શન હાથ ધરવામાં આવ્યું હતું. તા.૧૦-૧૧ મે ૨૦૨૨ના રોજ દિલ્હીથી આવેલી ટીમ દ્વારા ગાયનેક વિભાગના પ્રસૂતિ રૂમ અને ઑપરેશન થીએટરની વિસ્તૃત તપાસ કરવામાં આવી હતી. આ ઈન્સ્પેક્શનના રિપોર્ટ મુજબ LaQshya પ્રોગ્રામ હેઠળ જી.જી. હૉસ્પિટલ અને શ્રી એમ.પી. શાહ મેડિકલ કૉલેજને લક્ષ્યનું નેશનલ લેવલનું રી-સર્ટિફિકેશન મળ્યું છે. આ પ્રકારે સતત બીજી વખત સર્ટિફિકેશન મેળવનાર ભારતની એકમાત્ર જામનગરની જી.જી. હૉસ્પિટલ છે.



સૌરાષ્ટ્રની સૌથી મોટી જામનગરની ગુરુ ગોવિંદસિંહજી હૉસ્પિટલ સૌરાષ્ટ્ર સહિત ગુજરાતભરના દર્દીઓને આરોગ્યલક્ષી સુવિધાઓ વિનામૂલ્યે પૂરી પાડે છે. જી.જી. હૉસ્પિટલના ગાયનેક વિભાગમાં મે-૨૦૨૨માં લેબરરૂમ (પ્રસૂતિ વિભાગ) અને મૅટરનિટી ઑપરેશન થીએટરનું લક્ષ્યનું નેશનલ લેવલનું ઈન્સ્પેક્શન હતું. LaQshyaનો ઉદ્દેશ પ્રસૂતિ વિભાગ અને મૅટરનિટી ઑપરેશન થીએટરમાં સગર્ભા માતાઓને અપાતી તમામ સેવાઓ તથા સારવારની ગુણવત્તા તેમજ તેની સુદ્રઢતાની ચકાસણી માટેનો છે.


ગાયનેક વિભાગનાં વડા ડૉ. નલિની આનંદે જણાવ્યું હતું કે, હૉસ્પિટલને LaQshya પ્રોગ્રામ હેઠળ રી-સર્ટિફિકેશન મળ્યું છે. આ અગાઉ વર્ષ ૨૦૧૭માં પ્રસૂતિ વિભાગની ગુણવત્તા તેમજ સુદ્રઢતાની તપાસ કરવામાં આવી હતી ત્યારે પ્રથમ વખત સર્ટિફિકેટ મળ્યું હતું. જી.જી. હૉસ્પિટલ અને સમગ્ર જામનગર માટે ગૌરવની વાત છે.

LaQshyaનો ઉદ્દેશ્ય પ્રસૂતિ રૂમ અને મૅટરનિટી ઑપરેશન થિયેટર (OT)માં સંભાળની ગુણવત્તામાં સુધારો કરવાનો છે. તેમજ માતૃત્વ અને નવજાત શિશુની બીમારી અને મૃત્યુદરમાં ઘટાડો, લાભાર્થીઓનો સંતોષ વધારવો, સકારાત્મક પ્રસૂતિ અનુભવ અને જાહેર આરોગ્ય સુવિધાઓમાં હાજરી આપતી તમામ સગર્ભા સ્ત્રીઓને આદરણીય પ્રસૂતિ-સંભાળ (RMC) પ્રદાન કરવાનો છે. ●

## અમદાવાદ-સુરત-જૂનાગઢની ચાર T.P. સ્કીમને મંજૂરી

ગુજરાતનાં શહેરોની વિકાસવૃદ્ધિની દિશામાં વધુ એક કદમ ભરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યનાં ત્રણ શહેરોની ચાર ટાઉન પ્લાનિંગ સ્કીમને મંજૂરી આપી છે. તેમાં અમદાવાદની એક પ્રિલિમિનરી T.P. સ્કિમ-એક ડ્રાફ્ટ T.P. સ્કિમ, અને જૂનાગઢની એક ડ્રાફ્ટ T.P. સ્કિમ તેમજ સુરત મહાનગરપાલિકાની પ્રારંભિક ટી.પી સ્કીમ નં-૪૦ ડિંડોલીનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદની મંજૂર કરેલી બે T.P. સ્કીમમાં અમદાવાદ મહાનગરપાલિકાની પ્રિલિમિનરી T.P. સ્કિમ નં. ૮૦ (વટવા-૬) અને ઔડા અંતર્ગત ડ્રાફ્ટ T.P. સ્કીમ નં. ૪૨૬ (કઠવાડા) તેમજ એક ડ્રાફ્ટ T.P. સ્કીમમાં જૂનાગઢ શહેરી વિકાસ સત્તામંડળની T.P. સ્કીમ નં. ૧૦ (શાપુર)નો સમાવેશ થાય છે.



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રિલિમિનરી TP સ્કીમ નં. ૮૦ (વટવા-૬)માં સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોનાં રહેઠાણ માટે આશરે ૪.૨૬ હેક્ટર્સ જમીન મળતાં આશરે ૩૮૦૦ જેટલા આવાસો બનશે. ખુલ્લી જગ્યા/બાગ-બગીચા તથા રમત-ગમતના મેદાન માટે ૨.૭૩ હેક્ટર્સ, જાહેર સુવિધા માટે ૫.૭૬ હેક્ટર્સ તથા આંતરમાળખાકીય સવલતોના ખર્ચને પહોંચી વળવા વેચાણ માટે આશરે ૬.૩૬ હેક્ટર્સ જમીન મળી કુલ આશરે ૧૯.૧૩ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થશે.

મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરેલી સુરત મહાનગરપાલિકાની પ્રારંભિક ટી.પી. સ્કીમ ૪૦ ડિંડોલીને પરિણામે સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોના આવાસ માટે આશરે ૨.૪૦ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થશે. આ જમીન ઉપર ૨૧૦૦ EWS આવાસો બની શકશે.

જૂનાગઢ શહેરી વિકાસ સત્તામંડળની ડ્રાફ્ટ TP સ્કીમ નં.૧૦ (શાપુર)માં સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોનાં રહેઠાણ માટે આશરે ૬.૭૫ હેક્ટર્સ જમીન મળતાં આશરે ૬૦૦૦ જેટલા આવાસો બનાવી શકાશે. મુખ્યમંત્રીશ્રીએ આ ટાઉન પ્લાનિંગ સ્કીમોને મંજૂરી આપતાં ગુજરાતનાં શહેરોનો સુનિયોજિત વિકાસ સુનિશ્ચિત થયો છે, તથા નગરો-મહાનગરોમાં ઈઝ ઑફ લિવિંગ વધુ સરળ બન્યું છે. ●

## ત્રણ નગરપાલિકા માટે રૂ.૧૦ કરોડની ફાળવણી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નગરો-મહાનગરોની આગવી ઓળખ ઊભી થાય તેવાં વિકાસકામો માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ત્રણ નગરપાલિકાઓને રૂ. ૧૦.૩૬ કરોડનાં કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે, જેમાં રાપર, થાનગઢ અને સિંહોર નગરપાલિકાનો સમાવેશ થાય છે.

આ સંદર્ભમાં કચ્છની રાપર નગરપાલિકાને આંઢવારા તળાવનો વિકાસ કરવા માટે રૂ. ૩. ૩૬ કરોડની રકમ મંજૂર કરી છે. એટલું જ નહિ, થાનગઢ નગરપાલિકાના યોગ અને નૉલેજ સેન્ટર નિર્માણના રૂ. ૨.૯૪ કરોડના તથા સિંહોર નગરપાલિકામાં ટાઉન હૉલ બનાવવાના રૂ. ૪ કરોડનાં કામો હાથ ધરવા પણ મુખ્યમંત્રીશ્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે ●

## ૧૦ નગરોમાં રેલવે ઓવરબ્રિજ નિર્માણ માટે રૂ. ૪૪૩ કરોડ ખર્ચાશે

રાજ્યના શહેરી વિસ્તારો તથા નગર-મહાનગરોમાં વાહનવ્યવહાર સરળ બનાવવા તેમજ ટ્રાફિક-જામની સમસ્યા હલ કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે રેલવે ઓવરબ્રિજ-રેલવે અંડરબ્રિજના નિર્માણનો વ્યાપ વધારવાનો અભિગમ અપનાવ્યો છે. આ હેતુસર ‘ફાટકમુક્ત ગુજરાત અભિયાન’ને વેગ આપતાં મુખ્યમંત્રીશ્રીએ જૂનાગઢ અને નવ નગરપાલિકાઓમાં રેલવે ઓવરબ્રિજ નિર્માણ માટે રૂ. ૪૪૩.૪૫ કરોડનાં કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ જૂનાગઢ મહાનગર પાલિકામાં જોષીપુરા ખાતે એક રેલવે ઓવરબ્રિજ રૂ. ૩૭.૫૫ કરોડના ખર્ચે તેમજ બસસ્ટેન્ડ પાસે ૧ રેલવે અંડરબ્રિજ રૂ. ૧૮.૮૫ કરોડના ખર્ચે બનાવવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ સાથે, અંજારમાં રૂ. ૫૫.૫૬ કરોડ, વલ્લભ વિદ્યાનગરમાં રૂ. ૪૨.૪૧ કરોડ, હળવદમાં રૂ. ૪૬.૫૦ કરોડ, ખંભાળિયામાં રૂ. ૩૭.૦૩ કરોડ, સાવરકુંડલામાં રૂ. ૬૬.૫૭ કરોડ, ધ્રાંગધ્રામાં રૂ. ૨૫ કરોડ, આંકલાવમાં રૂ. ૩૩.૨૭ કરોડ, મોરબીમાં રૂ. ૬૩.૮૫ કરોડ અને ધોરાજીમાં રૂ. ૩૫.૬૯ કરોડનાં કામોની મંજૂરી આપી છે. તેમાં સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારમાં ફોરલેન રેલવે ઓવરબ્રિજ તેમજ અન્ય ૮ નગરપાલિકા વિસ્તારોમાં ટુ લેન રેલવે ઓવરબ્રિજનું નિર્માણ હાથ ધરાશે.

સમગ્ર રાજ્યમાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે રેલવે ઓવરબ્રિજ-અંડરબ્રિજનાં ૪૨ જેટલાં કામોને રૂ. ૧૩૭૬.૪૭ કરોડના ખર્ચની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલી છે. ૨૧ કામો રેલવે સાથે ૫૦ ટકા / ૭૫ ટકા શેરિંગ અંતર્ગત મંજૂર કરવામાં આવેલાં છે. એટલું જ નહિ, રાજ્યમાં રૂ. ૪૭૩.૬૧ કરોડનાં ૧૯ જેટલાં આવાં કામો વિવિધ તબક્કે પ્રગતિમાં છે, તેમજ રૂ. ૫૨૬.૩૩ કરોડનાં ૧૨ કામોનાં ડી.પી.આર બનાવવાની પ્રક્રિયા ચાલી રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના આવા રેલવે ઓવરબ્રિજ-અંડરબ્રિજની તમામ અમલી કામગીરીઓ ‘સિંગલ ઍન્ટિટી’ અમલીકરણ સંસ્થા તરીકે GUDCને સોંપવાની પણ અનુમતિ આપી છે. ●

# શ્રવણતીર્થ દર્શન યોજના : બસભાડામાં ૭૫% સુધીની સહાય

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં રાજ્યના વરિષ્ઠ નાગરિકો-સિનિયર સિટીઝન્સને તીર્થધામોનાં દેવદર્શન કરાવવાની વિશિષ્ટ સેવાઓ માટે શ્રવણતીર્થ દર્શન યોજના શરૂ કરાઈ છે. આ યોજનાનો વધુ ને વધુ વડીલો લાભ લઈ શકે તે આશયથી રાજ્ય સરકારે યોજનાનાં ધારાધોરણોમાં નોંધપાત્ર ફેરફારો કર્યા છે. પ્રવાસન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ એસ. ટી.ની સુપર બસ (નોન એ.સી.) ઉપરાંત એસ.ટી.ની મીની બસ (નોન એ.સી.), એ.સી. કોચ, સ્લીપર કોચનું ભાડું અથવા ખાનગી બસનું ભાડું બેમાંથી જે ઓછું હોય તેની ૭૫% કે તેથી વધુ રકમની સહાય અપાશે.

તેમણે ઉમેર્યું કે, ગુજરાતનાં યાત્રાધામોના બે રાત્રિ અને ત્રણ દિવસ (૬૦ કલાક) સુધીના પ્રવાસની મર્યાદામાં આ યોજના હેઠળ લાભ આપવામાં આવતો હતો, જેના બદલે હવે ત્રણ રાત્રિ અને ત્રણ દિવસ (૭૨ કલાક) સુધીના પ્રવાસની મર્યાદામાં આ યોજના હેઠળ લાભ આપવામાં આવશે. આ ઉપરાંત ૭૫ વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિ જો એકલા પ્રવાસ કરતી હોય તો તેઓની સાથે એક એટેન્ડન્ટને તે ૬૦ વર્ષથી નીચેની ઉંમરના હોય તોપણ લઈ શકતા હતા, તેમાં સુધારો કરીને હવે ૭૦ વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિ જો એકલા પ્રવાસ કરતી હોય તો તેઓની સાથે એક ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના એટેન્ડન્ટને લઈ જઈ શકશે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડીલોએ યાત્રાની તારીખના એક અઠવાડિયા પૂર્વે અરજી કરવાની રહેશે અને મંજૂરી મળ્યા બાદ અરજીમાં દર્શાવેલા સમયગાળા દરમિયાન અથવા મંજૂરી મળ્યા બાદ બે માસમાં યાત્રા કરવાની રહેશે; અન્યથા મંજૂરી આપોઆપ રદ થયેલી ગણાશે. તે પછી યાત્રા કરવાની હોય તો, નવેસરથી મંજૂરી મેળવવાની રહેશે. આવી મંજૂરી મેળવ્યા વિના કરેલી યાત્રા માટે સહાય મળવાપાત્ર થશે નહીં.

તેમણે વધુમાં કહ્યું હતું કે, આ યોજનાનો લાભ લેવા માટે ઓછામાં ઓછા ૩૦ વરિષ્ઠ નાગરિકોના સમૂહની અરજી માન્ય ગણાતી હતી, તેના સ્થાને હવે ઓછામાં ઓછા ૨૭ વરિષ્ઠ નાગરિકોના સમૂહની અરજી માન્ય ગણી લાભ આપવામાં આવશે. તેમજ બસના ભાડાની સહાય ઉપરાંત અન્ય સગવડો જેવી કે, ભોજન તેમજ રોકાણની સુવિધા માટે યાત્રાના દિવસ મુજબ વ્યક્તિદીઠ અમુક ઉચ્ચક રકમની સહાય આપવાનો નિર્ણય કરાયો છે. જો વ્યક્તિએ આધારકાર્ડની સ્વયં-પ્રમાણિત નકલ રજૂ કરેલી હોય તો તેને બે પાસપોર્ટ સાઇઝના ફોટા રજૂ કરવાની જરૂરિયાત રહેશે નહીં, તેમ અગાઉ ઠરાવવામાં આવ્યું હતું, પરંતુ હવે લાભાર્થીએ આધારકાર્ડ ફરજિયાત રજૂ કરવાનું રહેશે.

મંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગુજરાત માર્ગ વાહન-વ્યવહાર નિગમના તમામ એસ.ટી. ડેપો ખાતેથી શ્રવણ તીર્થ દર્શન યોજના અંગેની એસ. ટી. નિગમ અથવા માન્ય ખાનગી ટ્રાવેલ્સની બસો મારફતે અરજી એસ.ટી. ડેપો ખાતેથી સ્વીકારવામાં આવતી હતી, જેમાં ડેપો મેનેજરો આ અરજીઓની ચકાસણી કરતા હતા અને પ્રવાસ પૂર્ણ થયા બાદ આ અંગેની દરખાસ્ત સંપૂર્ણ વિગતો સાથે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને મોકલતા હતા, જેના પેટે એસ.ટી.ના ડેપો મેનેજરને એસ.ટી.ની કે ખાનગી ટ્રાવેલ્સની બસ હોય તે પ્રત્યેક બસ દીઠ રૂા. ૫૦૦ની પ્રોત્સાહક રકમ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ચૂકવવામાં આવતી હતી. તેના બદલે હવે ગુજરાત વાહન-વ્યવહાર નિગમની ૧૬ વિભાગીય કચેરીઓમાં બોર્ડના એક-એક પ્રોજેક્ટ આસિસ્ટન્ટની નિમણૂંક કરવામાં આવશે. જે એસ.ટી/ખાનગી બસ મારફતે પ્રવાસની અરજીઓ સ્વીકારશે તેને મંજૂરી માટે બોર્ડ ખાતે મોકલાવશે. પ્રત્યેક બસ દીઠ રૂપિયા ૫૦૦ની પ્રોત્સાહક રકમ ગ્રુપ લીડર/કો-ઓર્ડીનેટર/તલાટી/સરપંચ/પ્રોજેક્ટ આસિસ્ટન્ટને ચૂકવવામાં આવશે. આમ, રોજગારની નવી તકો પૂરી પાડવાનો પણ રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. ●



# વનબંધુ કલ્યાણ યોજના અન્વયે વિકાસ કામો મંજૂર

વનબંધુ કલ્યાણ યોજના-૨ અંતર્ગત ચાલુ નાણાંકીય વર્ષ અંતર્ગત માર્ગ મકાન વિભાગ દ્વારા રૂ. ૨૫૭ કરોડથી વધુ રકમના વિવિધ વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યાં હોવાની માહિતી માર્ગ મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ આપી હતી.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ૧૨ જિલ્લાઓના વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓના નિર્માણ માટે મંજૂરી આપવાનો મહત્વનો નિર્ણય કરાયો છે. આ યોજના અંતર્ગત ગામમાંથી નિશાળે જવા માટે કાચો રસ્તો હોય તેવા ૧૨ જિલ્લાઓમાં ૨૪૭.૬૯ કિમી લંબાઈના ૧૮૯ કામોને રૂ.૧૩૧.૦૮ કરોડના ખર્ચે નિર્માણની મંજૂરી આપવામાં આવી છે.

જ્યારે ગામ અને નિશાળ નદીની સામ સામે હોય તેવા આદિજાતિ વિસ્તારના ૯ જિલ્લાઓમાં રસ્તાઓ પરના ૭૧ સ્ટ્રક્ચરના કામોને રૂ. ૯૨.૧૩ કરોડના ખર્ચે નિર્માણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. તેમજ દર્દીઓને આકસ્મિક સમયે ઝોળીમાં લઈ જવાની પરિસ્થિતિ ઊભી થતી હોય છે, તેનું નિરાકરણ કરી સમયસર તબીબી સારવાર મળી રહે તે માટે આદિજાતિ વિસ્તારના આઠ જિલ્લાઓમાં ૨૯.૩૦ કિલોમીટર લંબાઈના રસ્તાઓ તથા ૧૧ સ્ટ્રક્ચર બનાવવાના કામો રૂ.૩૪.૬૦ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવ્યાં છે. ●

# સ્મૉલ સ્કેલ ડિસ્ટ્રિબ્યુશન સોલાર પ્રોજેક્ટ નીતિ અંગે મહત્ત્વનો નિર્ણય



રાજ્યમાં સ્મૉલ સ્કેલ ડિસ્ટ્રીબ્યુશન સોલાર પ્રોજેક્ટ 2019ની નીતિ અન્વયે ઑગસ્ટ-2021માં 'વન ટાઇમ' એક્ઝીટ ઑપ્શન આપ્યા બાદ બીજો એક્ઝીટ ઑપ્શન આપવાનો મહત્ત્વનો નિર્ણય કરાયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ લેવાયેલા આ નિર્ણય અંગે ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સ્મૉલ સ્કેલ ડિસ્ટ્રિબ્યુશન સોલાર પ્રોજેક્ટ-2019 હેઠળ 0.5 મેગાવોટથી 4 મેગાવોટની ક્ષમતા ધરાવતા સોલાર પ્રોજેક્ટ્સ સ્થાપિત કરીને અને ઉત્પાદિત વીજળીનું વેચાણ વીજ-વિતરણ કંપનીઓ (એટલે કે ડિસ્કોમ)ને કરી શકે છે, જે અંતર્ગત કુલ ૭,૯૫૯ મેગાવોટ ક્ષમતા માટે ૧૨,૪૦૪ અરજીઓ મળી હતી, જેમાંથી ૪,૦૦૧ અરજીઓ માટે કુલ ૨,૪૯૭ મેગાવોટ ક્ષમતા માટે PPA (પાવર પરચેઝ એગ્રીમેંટ) કરવામાં આવ્યા હતા.

સૌર પ્રોજેક્ટ્સ વિકાસકર્તાઓ દ્વારા વર્ષ ૨૦૨૧માં રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે, મૂડી અને વ્યાજ સબસિડી વિના વિકાસકર્તાઓ માટે સૌર પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવાનું શક્ય બનશે નહીં, જે માગણીઓ ધ્યાને લઈને તા. ૦૯ ઑગસ્ટ, ૨૦૨૧ના રોજ GUVNL દ્વારા Exit Option આપવામાં આવેલો અને આવા એક્ઝિટ વિકલ્પના ૨,૬૦૯ વિકાસકર્તાઓને લાભ મળ્યા હતા. જે રોકાણકારો સ્મૉલ સ્કેલ ડિસ્ટ્રિબ્યુશન સોલાર પ્રોજેક્ટ-૨૦૧૯ હેઠળ તા.૦૯ ઑગસ્ટ, ૨૦૨૧ના રોજથી Exit Option દરમિયાન નિયત સમય-મર્યાદામાં Exit ના થઈ શક્યા હોય અને વિવિધ કારણસર સોલાર પ્રોજેક્ટ સ્થાપવા અસક્ષમતા દાખવેલી હોઈ દંડનાત્મક પ્રક્રિયામાંથી બહાર નીકળવા રાજ્ય સરકારને Exit Optionનો વિકલ્પ આપવા રજૂઆત કરવામાં આવી હતી. રોકાણકારોની લાગણીને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા ફરી એક વખત Exit Option આપવાનો ઉદાર નિર્ણય કરાયો છે. આ Exit Option ૧૫ દિવસ માટે ચાલુ રહેશે અને આ એક્ઝિટ વિકલ્પનો ઉપયોગ કરનારા વિકાસકર્તાઓને લાભ મળશે.

GERCના નિયમ મુજબ અને મંજૂરી લીધા પછી વસૂલવામાં આવેલી અરજી દીઠ રૂ. 1,00,000નો બિન-રિફંડપાત્ર કનેક્ટિવિટી ચાર્જ રિફંડ કરવામાં આવશે. કમિશનિંગમાં વિલંબ માટે વસૂલવામાં આવેલા રૂ.3000 પ્રતિ મેગાવોટ પ્રતિ દિવસ વિકાસકર્તાઓને પરત કરવામાં આવશે તથા કોઈ લિક્વિડેટેડ ડેમેજ અને સુપરવિઝન શુલ્ક વસૂલવામાં આવશે નહીં. તેમજ DISCOMs અને GEDA દ્વારા લેવામાં આવેલા રૂ. 5 પ્રતિ KWની અરજી ફી તથા અન્ય ચાર્જ વિકાસકર્તાઓને પરત આપવામાં આવશે. બૅન્ક-ગેરંટી તેમજ પ્રોવિઝનલ સુપરવિઝન ચાર્જ ડિસ્કોમ દ્વારા પરત કરવામાં આવશે. ●

## લમ્પી સ્કિન ડીસીઝને નાથવા સરકાર કટિબદ્ધ



રાજ્યમાં ગાય-ભેંસ વર્ગના પશુઓમાં જોવા મળી રહેલા લમ્પી સ્કિન ડીસીઝને નાથવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકાર દ્વારા વ્યાપક રસીકરણ અને સઘન સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. આ અંગે માહિતી આપતાં કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું કે, પશુપાલકોએ લમ્પી સ્કિન ડીસીઝથી ગભરાવાના બદલે તકેદારી રાખવાની જરૂર છે. હાલમાં રાજ્યના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના જિલ્લાઓમાં આ રોગનાં લક્ષણો જોવા મળ્યાં છે, જેમાં દેવભૂમિ-દ્વારકા, જામનગર, કચ્છ, રાજકોટ, પોરબંદર, સુરેન્દ્રનગર, જૂનાગઢ, મોરબી, ભાવનગર, અમરેલી અને સુરત જિલ્લાનાં પશુઓમાં આ રોગ જોવા મળ્યો છે

મંત્રીશ્રીએ પશુપાલકોને તકેદારી સાથે સતર્ક રહેવા અંગે અપીલ કરતાં જણાવ્યું હતું કે, જો કોઈ પશુઓમાં આ રોગનાં લક્ષણો જણાય તો પશુપાલકોએ એનિમલ હેલ્પલાઈન નં. ૧૯૬૨ ઉપર ફોન કરવો તથા નજીકના સરકારી પશુ દવાખાનાનો સંપર્ક કરવો, જેથી સમયસર સારવાર અને રસીકરણ કરી અન્ય પશુઓમાં આ રોગ ફેલાતો અટકાવી શકાય છે અને આ રોગ પર નિયંત્રણ મેળવી શકાય. અત્રે ઉલ્લેખનીય છે કે, લમ્પી સ્કિન ડીસીઝ એક વાયરસજન્ય રોગ છે, જેનો ફેલાવો મચ્છર, માખી, જૂ, ઈતરડી વગેરે દ્વારા તથા રોગિષ્ઠ પશુ સાથે સીધો સંપર્ક, દૂષિત ખોરાક અને પાણીથી પણ થાય છે. પશુઓમાં સામાન્ય તાવ, આખા શરીરે ગાંઠો જેવા નરમ ફોલ્લા થવા, પશુનું દૂધ ઉત્પાદન ઘટવું તથા ખાવાનુ બંધ કરવું કે ખાવામાં તકલીફ પડવી વગેરે આ રોગનાં લક્ષણો છે. ●

## નરસિંહ મહેતા સરોવરને વિકસાવાશે

આદ્ય કવિ નરસૈયાની ભૂમિ જૂનાગઢ મહાનગરમાં નરસિંહ મહેતા સરોવરના અદ્યતન વિકાસ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ. ૨૮.૮૩ કરોડની સ્પેશ્યલ ગ્રાન્ટ ફાળવી છે. મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર જૂનાગઢ મહાનગરપાલિકાને અગાઉ ફાળવેલા રૂ. ૧૯.૪૯ કરોડ ઉપરાંત આ ૨૮.૮૩ કરોડ રૂપિયા સ્પેશ્યલ ગ્રાન્ટ તરીકે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મંજૂર કર્યા છે. જૂનાગઢના નરસિંહ મહેતા સરોવરના ૯.૯ હેક્ટર વિસ્તારનો કુલ રૂ. ૪૮.૩૨ના ખર્ચે બે તબક્કામાં વિકાસ કરવામાં આવશે. તળાવના આજુબાજુના એરીયાની ગટરનું પાણી તળાવમાં ભળતુ અટકાવવા માટે ઈન્ટરસેપ્શન ડ્રેનેજ લાઈન તથા પમ્પીંગ સ્ટેશનની કામગીરી અમૃત સ્કીમ અંતર્ગત રૂ. ૧૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવી છે. આ કાર્ય પૂર્ણ થતાં જૂનાગઢ આવનારા પ્રવાસીઓને વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓ માટે એક નવું નજરાણું મળશે. ●

## કેબિનેટ બેઠકમાં લેવાયેલા મહત્ત્વના નિર્ણયો

# પૂરથી પ્રભાવિત નાગરિકોને સત્વરે સહાય



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કેબિનેટની બેઠકમાં રાજ્યમાં વરસાદની સ્થિતિ અને વરસાદને પરિણામે થયેલા નુકસાન સંદર્ભે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક સરવે કરવા માટે ટીમો બનાવી દેવામાં આવી છે. તેના પર સતત મોનિટરિંગ કરીને અસરગ્રસ્તોને સહાયરૂપ થવા વહીવટી તંત્રને સૂચનાઓ આપવામાં આવી છે. એટલું જ નહિ, વહીવટી તંત્રની સતર્કતા અને સજ્જતાને પરિણામે વરસાદના પ્રથમ રાઉન્ડમાં ઓછામાં ઓછાં માનવમૃત્યુ થયાં છે. આ બેઠકમાં તમામ વિભાગો તથા સમગ્ર વહીવટી તંત્ર ઉપરાંત રૅસ્ક્યુ કામગીરી કરીને અનેક નાગરિકોના જીવ બચાવનાર NDRF-SDRF તેમજ સ્થાનિક નાગરિકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આ બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે માહિતી આપતાં મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં કુલ સરેરાશ ૪૯૫.૭૯ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો છે, જેમાં ૨૩૭ તાલુકામાં ૧૨૫ મિ.મી. કરતાં વધુ એટલે કે પાંચ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. તેના પરિણામે રાજ્યમાં કુલ ૫૫.૪૧ લાખ હૅક્ટર વિસ્તારમાં એટલે કે ૬૪ ટકા વિસ્તારમાં વાવેતર થયું છે. તેમાં મુખ્ય પાક મગફળી ૧૫.૬૩ લાખ હૅક્ટર, કપાસ ૨૩.૧૧ લાખ હૅક્ટર, કઠોળ અને અન્ય ધાન્ય પાકો ૫.૪૫ લાખ હૅક્ટર વિસ્તારનો સમાવેશ થાય છે.

રાજ્યમાં હાલની સ્થિતિએ ભારે વરસાદના કારણે દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, ડાંગ, તાપી, સુરત તેમજ મધ્ય ગુજરાતના છોટા ઉદેપુર, નર્મદા, પંચમહાલ મળી કુલ ૮ જિલ્લાઓના ૩૮ તાલુકાઓમાં કૃષિપાકો અસરગ્રસ્ત થયા છે. અસરગ્રસ્ત તાલુકાઓમાં કુલ ૧૨૦ સરવે ટીમ દ્વારા સરવેની કામગીરી ચાલુ છે તથા ૨૯,૮૦૦ હૅક્ટર વિસ્તારમાં સરવે કામગીરી પૂર્ણ થઈ છે તથા પાણી ભરેલા વિસ્તારમાં પાણી ઊતરે તેમ તમામ વિસ્તારમાં સર્વેની કામગીરી પ્રગતિમાં છે. સરવે કામગીરી તમામ વિસ્તારોમાં પૂર્ણ થયા બાદ સરકાર દ્વારા નિયમાનુસાર ખેડૂતોને સહાય જાહેર કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યના અસરગ્રસ્ત વિસ્તારમાં જે ૬૦ હજારથી વધુ નાગરિકોને સલામત સ્થળે ખસેડીને આશ્રયસ્થાનોમાં રાખવામાં આવ્યા હતા તેમને પૌષ્ટિક ભોજન સહિતની આરોગ્યલક્ષી સુવિધાઓ સ્થાનિક તંત્ર દ્વારા પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત વરસાદના વહેતા પાણીના વહેણ સહિત અન્ય જગ્યાએ ફસાયેલા ૧,૫૧૩ જેટલા નાગરિકોને એન.ડી.આર.એફ. તથા એસ.ડી.આર.એફ.ની ટીમો સાથે સંકલનમાં રહીને વહીવટી તંત્ર દ્વારા સફળ રૅસ્ક્યુ ઑપરેશન કરીને તમામના જીવ બચાવી લેવાયા છે. એન.ડી.આર.એફ.- એસ.ડી.આર. એફ.ના જવાનોએ કાબેલિયત જિંદાદિલી અને શૌર્યતાથી નાગરિકોના જીવ બચાવ્યા છે તે બદલ આ ટીમોને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યમાં કુલ ૧૪,૬૪૨ બસરૂટમાંથી જે રૂટ બંધ થયા હતા તે તમામ રૂટ યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યા હતા. નાગરિકોને ઓછામાં ઓછી અગવડ પડે તેની ખાસ તકેદારી રાખવામાં આવી છે. રાજ્યનાં ૧૮,૦૦૦ ગામો પૈકી માત્ર ૧ ટકા ગામોમાં વીજળી બંધ હતી, તે તમામ ગામોમાં વીજળી પૂર્વવત્ કરી જી.યુ.વી.એન.એલ.ની ટીમોએ ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરી છે.

રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સમગ્ર સરકાર તમામ ગુજરાતીઓની પડખે છે, તમામ મદદ માટે તત્પર છે. નવસારી જિલ્લામાં અબોલ પશુઓ માટે સૂકા ઘાસચારાની માંગ આવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના અબોલ પશુઓને મહત્તમ પાંચ ઢોરની મર્યાદામાં પશુદીઠ ૪ કિલો સૂકું ઘાસ વિનામૂલ્યે આપવાનો નિર્ણય કર્યો અને તેનું વિતરણ શરૂ પણ કરી દેવામાં આવ્યું છે. વરસાદે વિરામ લેતાં નવસારીમાં મકાન અને આરોગ્યની સર્વે-કામગીરી ૧૩૨ ટીમો દ્વારા યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા નવસારી જિલ્લાને તાત્કાલિક ધોરણે બે એડિશનલ કલેક્ટર તેમજ પાંચ ડેપ્યુટી કલેક્ટર પણ ફાળવવામાં આવ્યા છે.

આ ઉપરાંત આરોગ્ય, મહેસૂલ સહિત સંબંધિત વિભાગોના નોડલ ઑફિસરો પણ પુન:વસનની કામગીરીમાં જોડાયા છે. રાજ્યમાં થયેલા વરસાદને પરિણામે તા.૧૯ જુલાઈની સ્થિતિએ રાજ્યની ૨૦૭ જેટલી મહત્ત્વની જળ-પરિયોજનાઓમાં ૫૪.૯૪ ટકા જેટલો જળસંગ્રહ થયો છે, જેના પરિણામે આગામી સમયમાં રાજ્યમાં પાણીની તંગી વર્તાશે નહીં. રાજ્યનાં ૨૦૬ જળાશયોમાં હાલ ૩,૧૩,૧૯૬ M.F.T. જળસંગ્રહ થયો છે, જે કુલ સંગ્રહશક્તિના ૫૬.૧૧ ટકા જેટલો છે. સરદાર સરોવર જળાશયમાં હાલ ૧,૭૭,૦૬૬ એમ.મી.એફ.ટી. જળસંગ્રહ છે, જે કુલ સંગ્રહશક્તિના ૫૨.૯૮ ટકા જેટલો જળસંગ્રહ છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત તા.૧૮મી જુલાઈ-૨૦૨૨ સુધીમાં રાજ્યના તમામ જિલ્લા અને કોર્પોરેશન મળી કુલ ૪૨ સ્થળોએ ૮૨ વંદે ગુજરાત વિકાસ યાત્રાઓએ પરિભ્રમણ કર્યું હતું. તેમાં ૨,૧૩૩ જેટલા કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમોમાં ૯,૩૬,૮૬૪ જેટલા નાગરિકો સહભાગી બન્યા હતા. આ યાત્રા દરમિયાન ૪૨,૮૮૭ જેટલાં વિવિધ વિકાસ કામોની જાહેરાત, લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયાં છે, તેમજ ૪,૨૫,૫૦૩ જેટલા લાભાર્થીઓને વિવિધ લાભો પૂરા પડાયા છે. ●

# ન્યૂઝ ફ્લેશ

- ડાંગમાં મેઘમલ્હાર પર્વ - મોન્સુન ફેસ્ટિવલનો મંત્રી શ્રી પૂર્ણેશભાઇ મોદી અને મંત્રી શ્રી નરેશભાઇ પટેલે પ્રારંભ કરાવ્યો.
- ૭૩મા વન મહોત્સવની ઉજવણી આગામી તા.૧૨મી ઓગસ્ટના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ધોળીધજા ડેમ ખાતે યોજાશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે સાંસ્કૃતિક વન-વટેશ્વર વનનું લોકાર્પણ કરવામાં આવશે. જિલ્લા મથકોએ જિલ્લા પ્રભારી મંત્રીશ્રીઓના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના કાર્યક્રમો યોજાવામાં આવશે તેમજ જિલ્લા મથકોએ રોપાઓનું વિતરણ કરાશે.
- ગુજરાતની 'કૌશલ્યા ધ સ્કીલ યુનિવર્સિટી'ને ડ્રોન પાયલટ તાલીમ માટે મંજૂરી આપવામાં આવી છે. આ પ્રકારની મંજૂરી મેળવનાર સમગ્ર દેશમાં રાજ્યશાસીત આ પ્રથમ યુનિવર્સિટી છે. જે ગુજરાત માટે ગૌરવની બાબત છે. 'કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટી'ને મંજૂરી મળતા હવે રાજ્યના યુવાધનને ઘર આંગણે પરવડે તેવી કિંમતે આ તાલીમ મળી શકશે. આ જાણકારી મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ આપી હતી.
- SGVP ગુરુકુલ છારોડી ખાતે 'દર્શનમ્' સંસ્કૃત સંસ્થાનના રિસર્ચ સેન્ટર, સ્માર્ટ ક્લાસ, કોમ્પ્યુટર લેબ, લેન્ગ્વેજ લેબ અને ખગોળ-ભૂગોળ લેબનું શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.
- ખાણ અને ખનિજ વિભાગની નવી દિલ્હીમાં યોજાયેલી છઠ્ઠી રાષ્ટ્રીય કોન્ક્લેવમાં"રાષ્ટ્રીય ખનિજ વિકાસ પુરસ્કાર"અંતર્ગત સમગ્ર દેશમાં ગુજરાતને કેટેગરી-૩ હેઠળ ગૌણ ખનિજોની ઈ-હરાજીમાં પ્રથમ ક્રમ અપાયો છે. આ સિદ્ધિ બદલ કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે રૂ. ૩ કરોડનો પુરસ્કાર રાજ્ય સરકાર વતી રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્માએ સ્વીકાર્યો હતો.
- મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ કહ્યું હતુ કે, વર્ષ ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ દરમિયાન ગૌણ ખનીજોના કુલ ૧૫૩૩ બ્લોક જાહેર હરાજીથી ફાળવવા માટે મૂકવામાં આવ્યાં હતાં. તે પૈકી ૯૭૫ બ્લોકમાં સફળતાપૂર્વક જાહેર હરાજી પૂર્ણ થઈ છે. આ હરાજીથી રાજ્ય સરકારને રોયલ્ટી તથા પ્રિમિયમ પેટે અંદાજે રૂ. ૨,૧૦૪ કરોડની જંગી આવક થશે.
- આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત તમામ સરકારી રસીકરણ કેંદ્રો પર ૧૫મી જુલાઇ, ૨૦૨૨થી શરૂ કરી ૭૫ દિવસ સુધી રસી આપવામાં આવશે. ૧૮ થી ૫૯ વર્ષ વયજૂથના અને બીજા ડોઝના ૬ મહિના પૂર્ણ કરી ચૂક્યા છે, તેવા તમામ નાગરીકો પ્રિકોશન ડોઝ લઈ શકશે.
- સુરત જિલ્લાના મહુવા તાલુકાના મિયાપુર અને રામજીફળિયાનાં અસરગ્રસ્ત વિસ્તારોનું કૃષિ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જાતનિરીક્ષણ કરી પૂરપીડિતોને ફૂડપેકેટ્સનું વિતરણ કર્યું હતું. તેમણે મિયાપુરની આંગણવાડીને સ્થળાંતર કરવા તંત્રને જણાવ્યું હતું.
- જૂનાગઢ સ્થિત પ્રાકૃતિક પ્લાસ્ટિક કાફેની પશુપાલન રાજ્યમંત્રી શ્રી દેવાભાઈ માલમે મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ પ્લાસ્ટિકના કચરાના નિકાલ માટેની જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્રની આગવી પહેલને બિરદાવી હતી. આ કાફે સંપૂર્ણ રીતે સખીમંડળની બહેનો દ્વારા સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ કાફેમાં પ્રાકૃતિક રીતે પકવેલ અનાજ-શાકભાજીમાંથી બનાવેલું ભોજન પીરસવામાં આવે છે. આ ફૂડનો લોકો ઓનલાઈન ઓર્ડર કરીને પણ સ્વાદ માણી શકે છે.
- જૂનાગઢ જિલ્લા સહિત ઘેડ વિસ્તારમાં ભારે વરસાદના પગલે અસરગ્રસ્ત ગામોની મુલાકાત લઈ પશુપાલન અને ગૌ-સંવર્ધન રાજ્યમંત્રી શ્રી દેવાભાઈ માલમે પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. ખેડૂતોના ખેતરમાં થયેલી નુકસાનીનું જાત નિરીક્ષણ કરી મંત્રીશ્રીએ વાસ્તવિક પરિસ્થિતિ જાણી હતી આ સાથે ખેડૂતોની અને લોકોના પ્રશ્નો-રજૂઆતો સાંભળ્યા હતા અને સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.
- ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજ કુમારે ભુજ ખાતે ભુજીયા ડુંગરમાં આકાર લઈ રહેલા સ્મૃતિવનની મુલાકાત લઈને સબ સ્ટેશન, મ્યૂઝીયમ, સહિતના વિવિધ વિકાસ કામોનું નિરીક્ષણ કરીને બાકી રહેલા તમામ અધુરા કામો સમયમર્યાદામાં તાકીદે પૂર્ણ કરવા સંબંધિત અધિકારીશ્રીઓ તથા એજન્સીને સૂચના આપી હતી.
- કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦માં વૈધાનિક નિયંત્રક સત્તામંડળ તરીકે ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે શરૂ કરાયેલી ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સર્વિસ સેન્ટર્સ ઓથોરિટી(IFSCA)એ નવા સીમાચિહ્નો સ્થાપિત કર્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૧૦થી વધુ એકમોએ IFSCA હેઠળ કામગીરી શરૂ કરી છે. નાણાકીય વ્યવહારોમાં આ એકમો મારફતે અત્યાર સુધીમાં ૧૪૦ ટકા વૃદ્ધિ નોંધાવી છે.
- IFSCAના નિયમનકારી કાર્યક્ષેત્ર હેઠળની ૨૨ બેંકોએ આશરે ૩૨ બિલિયન યુએસ ડોલરનો એકીકૃત એસેટ બેઝ બનાવ્યો છે, જેને કુલ મળીને આશરે ૨૦૭ બિલિયન યુએસ ડોલર બેંકિંગ વ્યવહારોની સુવિધા પૂરી પાડી છે.
- સરદાર સરોવર નર્મદા ડેમની જળસપાટી 25 જૂલાઇના રોજ બપોરે 126.66 મીટર નોંધાઈ હતી. આ સમયે સરદાર સરોવર ડેમમાં 1.30 લાખ ક્યુસેક્ટ પાણીના જથ્થાની આવક થઇ હતી. છેલ્લા દસ દિવસથી રીવર બેડ હાઉસના 200 મેગાવોટની ક્ષમતાવાળા 6 યુનિટ પ્રતિદિન 24 કલાક ઉપયોગમાં લેવાઇ રહ્યા હતા. જેને લીધે રૂ.4 કરોડની 20 મિલિયન યુનિટ વીજ ઉત્પાદન થઇ રહ્યું હતું તેમજ 45 હજાર ક્યુસેક પાણી નર્મદા નદીમાં છોડવામાં આવ્યું હતું. ●

# ગુજરાતની છ યુનિવર્સિટીમાં પ્રાકૃતિક ખેતીનો અભ્યાસક્રમ શરુ થશે



ગુજરાતની ચાર કૃષિ યુનિવર્સિટીઓ; સરદાર કૃષિ નગર, દાંતીવાડા, નવસારી કૃષિ યુનિવર્સિટી, આણંદ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી તથા ગુજરાત પ્રાકૃતિક અને જૈવિક કૃષિ યુનિવર્સિટી તેમજ ગુજરાત યુનિવર્સિટી, એમ કુલ 6 યુનિવર્સિટીમાં 'પ્રાકૃતિક ખેતી' સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં દાખલ કરી શકાશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને ગાંધીનગરના રાજભવનમાં નીતિ આયોગના વરિષ્ઠ સલાહકાર (કૃષિ) ડૉ. નીલમ પટેલ, યુનિવર્સિટીના કુલપતિઓ, કૃષિ વૈજ્ઞાનિકો અને વિષય નિષ્ણાતોની ઉચ્ચકક્ષાની બેઠકમાં પ્રાકૃતિક કૃષિના અભ્યાસક્રમને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિનો કોલેજ કક્ષાનો આ અભ્યાસક્રમ તૈયાર કરવામાં કૃષિ વૈજ્ઞાનિકો અને નિષ્ણાતોએ આંતરમનથી ઊંડું ચિંતન કરીને ભારે પરિશ્રમ કર્યો છે. પ્રાકૃતિક કૃષિ પર પીએચ.ડી. કરવા માટે વધુને વધુ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જોઈએ. ગુજરાત અને હિમાચલ પ્રદેશ પ્રાકૃતિક ખેતીના મિશનમાં નેતૃત્વ કરે એવું તેમણે આહવાન કર્યું હતું. ગુજરાત ઉપરાંત હિમાચલ પ્રદેશ અને હરિયાણામાં પણ પ્રાકૃતિક કૃષિ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં સામેલ કરાય એવુ આયોજન વિચારાયુ છે.



## અભ્યાસેતર પ્રવૃત્તિઓ શિક્ષણનો મહત્વપૂર્ણ ભાગ

વાપીની ફેલોશીપ મિશન સ્કૂલના અલંકરણ સમારોહમાં રાજ્યના નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ શૈક્ષણિક અને અભ્યાસેતર પ્રવૃત્તિઓના સંચાલન માટે ચૂંટાયેલા ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓને ચંદ્રક આપી સન્માનિત કર્યા હતા. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "અભ્યાસેતર પ્રવૃત્તિઓ પણ શિક્ષણનો મહત્વપૂર્ણ ભાગ છે. અભ્યાસેતર પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓનો શારિરીક અને માનસિક વિકાસ સારી રીતે થાય છે અને તેઓ કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમ બને છે.



## લીંબડીમાં અમુલ મિલ્ક માઇક્રો ATMનું લોકાર્પણ

સુરેન્દ્રનગરના લીંબડીમાં વન મંત્રી શ્રી કિરીટસિંહ રાણા અને સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં સુરસાગર ડેરી દ્વારા અમુલ મિલ્ક માઈક્રો એ.ટી.એમ. ડિજિટલ પેમેન્ટનું લોકાર્પણ કરાયું હતું. તેમાં કેબિનેટ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સહકારી ક્ષેત્રે ઘડેલી દૂરંદેશીભરી નીતિઓના પરિણામે ગુજરાતની ડેરીઓમાં અદ્યતન સુવિધાઓ વિકસાવવામાં આવી છે અને આ સુવિધાઓનો લાભ છેવાડાના પશુપાલકો મેળવી રહ્યા છે. રાજ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકારના પશુપાલન વિભાગ દ્વારા અમલી અનેકવિધ યોજનાઓનો લાભ લઈ પશુપાલકો દૂધ ઉત્પાદન અને આર્થિક ઉપાર્જનમાં સતત વધારો કરી રહ્યા છે.



## જામનગર-સમાણા-ફુલનાથ મેજર બ્રિજ જનસમર્પિત

જામનગર જિલ્લાના રંગમતી નદી પર સ્થિત જામનગર- સમાણા-ફુલનાથ ૧૪૪ મીટર લાંબા 'મેજર બ્રિજ'નું રાજ્યના કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. લોકાર્પણ પ્રસંગે કૃષિ મંત્રીશ્રીએ જણાવ્યું કે, જામનગર-જામજોધપુરાને જોડતા જૂના કોઝ-વે પર ચોમાસાની ઋતુમાં પાણી વારંવાર ભરાઈ જતું હતું. જેથી આજુબાજુના અનેક ગામોના લોકોને અવર-જવર કરવામાં ખૂબ હાલાકી પડતી હતી. સરકાર દ્વારા રૂ. ૬ કરોડના ખર્ચે મેજર બ્રિજની કામગીરી ઉપરાંત આર.સી.સી. પિયર, વોલ, પિયર કેપ, સોલિડ સ્લેબ, વગેરે કામગીરી પણ મંજૂર કરવામાં આવી હતી. આ મેજર બ્રિજનું લોકાર્પણ થવાથી આજુબાજુના તમામ ગામોના અનેક લોકો હવેથી બારેમાસ અવર-જવર માટે ઉપયોગ કરી શકશે.



## ઓક્યુપેશનલ હેલ્થ - ચેલેન્જીસ એન્ડ સ્ટ્રેટેજીસ વિષયક પરિસંવાદ

ઔદ્યોગિક સલામતી અને આરોગ્ય ખાતું તથા ઇન્ડિયન એસોસીએશન ઓફ ઓક્યુપેશનલ હેલ્થના સંયુક્ત ઉપક્રમે ગુજકોન-૨૦૨૨ શીર્ષક હેઠળ વડોદરામાં ઓક્યુપેશનલ હેલ્થ- ચેલેન્જીસ એન્ડ સ્ટ્રેટેજીસ વિષયક બે દિવસીય પરિસંવાદ યોજાયો હતો. જેનો પ્રારંભ કરાવતા શ્રમ રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ કહ્યું કે, ગુજરાત સરકાર 'સર્વે સંતુ નિરામયા:'ના મંત્રને વરેલી છે. ખાસ કરીને ગુજરાતના ઔદ્યોગિક એકમોમાં કામ કરતા શ્રમયોગીઓને કામ કરવા માટે સલામત અને આરોગ્યમય માહોલ મળી રહે એ માટે સતત પગલાં લેવાતા આવ્યાં છે.




## ખેડામાં વિકાસકાર્યો અંગે સમીક્ષા બેઠક

ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે વિકાસકાર્યો અંગેની બેઠક ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી. જેમાં તેમણે અધિકારીઓ અને જિલ્લા પ્રશાસનને પોતાના સૂચનો કર્યા હતા. આ બેઠકમાં વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં માળખાગત સુવિધાને ધ્યાનમાં લેતા ગામમાં વિકાસના કામોમાં અંદાજિત રૂ. ૬૭ લાખ ફાળવવામાં આવ્યા છે.



## સુરતમાં વિકાસકામોનાં ખાતમુહૂર્ત

'વંદે ગુજરાત વિકાસયાત્રા' અંતર્ગત ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ સુરતમાં રસ્તા, ગટર, લાઈટ સહિતના વિકાસકામો માટે રૂ.૧૩.૩૨ લાખના ખર્ચે બે કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, લાઈટ, વીજળી, પાણી, ગેસ, આવાસ સહિતની અનેક જનસુવિધાના આ સર્વાંગી વિકાસના લાભો અદના માનવીઓને મળી રહ્યા છે. આ પ્રસંગે મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભો એનાયત કરાયા હતા.



## ગંગાસ્વરૂપા બહેનોને સાડી તેમજ બાળકોને સુપોષણ કીટ અર્પણ

ઓલપાડમાં કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના હસ્તે ૩ હજાર ગંગાસ્વરૂપ બહેનોને સાડી તેમજ ૭૩૧ બાળકોને સુપોષણ કીટ અર્પણ કરાઈ હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર હંરહંમેશ મહિલાઓના ઉત્થાન માટે પ્રયત્નશીલ રહી છે, હવે ગંગાસ્વરૂપા સહાય યોજનાની સહાય વધારીને રૂ.૧૨૫૦ કરવામાં આવી છે. આ સહાય નિરાધાર વિધવા મહિલાઓના જીવનનિર્વાહ માટે આધારસ્થંભ બની છે.



## પાલનપુરમાં સખી મેળો અને વંદે ગુજરાત પ્રદર્શન

પાલનપુરમાં સખી મેળો અને વંદે ગુજરાત પ્રદર્શનને પ્રાથમિક શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલાએ ખુલ્લો મુકયો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું કે, આ મેળાના માધ્યમથી બહેનોને એક સારું પ્લેટફોર્મ મળી રહ્યું છે. વર્ષો જુની લાગણી અને માંગણીને ધ્યાનમાં રાખી રૂ. ૨૮૦૦ કરોડની આબુરોડ - અંબાજી - તારંગા હિલ રેલ્વે લાઈનને મંજૂરી આપી છે જેનાથી આ વિસ્તારની વિકાસયાત્રાને વધુ વેગ મળશે.



## મહીસાગરનાં મુનપુરમાં વંદે ગુજરાત વિકાસ યાત્રા

મહીસાગરમાં ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી ડો. કુબેરભાઇ ડીડોરની ઉપસ્થિતિમાં મુનપુર ગામે વંદે ગુજરાત વિકાસ યાત્રા નીકળી હતી. આ પ્રસંગે રાજયમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે છેલ્લા ૨૦ વર્ષ દરમિયાન ગુજરાતમાં જે વિકાસ થયો છે તેને જન જન સુધી પહોંચાડવા માટેનો આ ભગીરથ પ્રયાસ છે. બાકી રહેલા વિકાસ કામો પૂર્ણ કરવા માટેનો આ યજ્ઞ છે. આ રથ થકી ગામે ગામ હર ઘર સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચે તેવા પ્રયાસો થઈ રહ્યા છે.આ કાર્યક્રમમાં લાભાર્થીઓને સ્ટેજ પરથી મહાનુભાવોના હસ્તે વિવિધ લાભો આપવામાં આવ્યા હતા.



## જૂનાગઢમાં સખી મેળો

જુનાગઢમાં પશુપાલન રાજ્ય મંત્રી શ્રી દેવાભાઈ માલમે સખી મેળા તથા ગુજરાત સરકારના ૨૦ વર્ષના વિકાસની ઝાંખી રજૂ કરતા પ્રદર્શનને ખુલ્લું મૂક્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત સરકાર મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બને તે માટે પ્રતિબદ્ધ છે. આ માટે મહિલાઓના સંખીમંડળને રોજગારી આપવા અને તેમના દ્વારા ઉત્પાદિત વસ્તુઓને એક બજાર પણ મળે તે માટે સખી મેળાના માધ્યમથી પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

### આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને મશીન લર્નીંગ(ML)ના સમન્વયથી આરોગ્યક્ષેત્રે આમૂલ પરિવર્તન

# મહેસાણામાં મચ્છરના લાર્વાની નાબૂદી માટે ડ્રોનથી ઓર્ગેનિક લાર્વીસાઇડનો (BTI) છંટકાવ



આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્સ(AI) અને મશીન લર્નીંગ(ML)ના સમન્વયના પરિણામે આરોગ્યક્ષેત્રે આમૂલ પરિવર્તન આવી રહ્યું છે. તાજેતરમાં આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે મચ્છરના લાર્વાની નાબૂદી માટે ડ્રોનની મદદથી ઓર્ગેનિક લાર્વીસાઇડ (BTI) છંટકાવના પાયલોટ પ્રોજેક્ટનો મહેસાણા જિલ્લાથી પ્રારંભ કરાવ્યો હતો.

આ ડ્રોનની મદદથી ઊંચી બિલ્ડીંગ પર ભરતા પાણી, મોટા તળાવો અને ખાબોચિયા જેવી પાણીનો ભરાવો થતો હોય એ જગ્યાઓને શોધીને હેવી ડ્યુટી ઓટોમેટીક સ્પ્રે ડ્રોનના ઉપયોગથી લાર્વીસાઈડ છંટકાવની કામગીરી હાથ ધરવામાં આવશે. સામાન્ય રીતે પાણી ભરાયેલા વિસ્તારમાં મચ્છર ઈંડા મૂકે છે. આ ટેકનોલોજી દ્વારા લાર્વા મચ્છરમાં રૂપાંતરિત થાય તે પહેલા જ તેનો લાર્વીસાઈડ સ્પ્રે કરી નિયંત્રણ કરવામાં આવે છે. આ આધુનિક ડ્રોન ટેકનોલોજી દ્વારા મચ્છરજન્ય રોગનું નિયંત્રણ કરવામાં આરોગ્ય વિભાગને સહાય મળશે. એટલે કે જે વિસ્તારોમાં ગ્રાઉન્ડ સર્વેલન્સ ટીમનું પહોંચવું મુશ્કેલ છે તેવા વિસ્તારોમાં ડ્રોનની મદદથી સ્પ્રેનો છંટકાવ કરવામાં આવશે.

મહેસાણા જિલ્લા પંચાયત દ્વારા ખાનગી કંપની સહયોગ થી Artificial Intelligence / Machine Learning સેન્સર આધારિત ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરીને સર્વે અને છંટકાવ માટેનો આ પ્રોજેક્ટ પ્રાયોગિક ધોરણે હાથ ધરવામાં આવ્યો છે. ડ્રોન ટેકનોલોજીની મદદથી આ પ્રકારના વિસ્તારોનું સરવે કરીને તેના ફોટોગ્રાફ્સ લેવામાં આવે છે. જે જી.પી.એસ. આધારિત જોડાયલી સિસ્ટમથી ક્લાઉડ ઉપર તમામ ઈમેજને અપલોડ કરે છે. આરોગ્યકર્મીઓ દ્વારા ક્લાઉડને ઓપન કરીને ફોટાગ્રાફ્સ અને જે-તે વિસ્તારની સમગ્ર માહિતી એકત્રિત કરવામાં આવે છે. અન્ય તબક્કામાં આ ડ્રોનની મદદથી મચ્છરના લાર્વા અથવા જંતુનાશક દવાઓના છંટકાવ માટે જે-તે વિસ્તારમાં ડ્રોન મોકલીને તે વિસ્તારોમાં ઓર્ગેનિક લાર્વીસાઇડનો છંટકાવ કરવામાં આવે છે. મહેસાણા જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ. ઓમ પ્રકાશ, ડૉ. મહેશ કાપડિયા (CDHO) અને તેમની આરોગ્ય ટીમ દ્વારા સમગ્ર પહેલ હાથ ધરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહેસાણા જિલ્લા પંચાયત અને ખાનગી કંપની દ્વારા પ્રાયોગિક ધોરણે આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. જેની સફળતા બાદ રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ આ પ્રકારના સર્વે અને દવાઓના છંટકાવની કામગીરી હાથ ધરવામાં આવશે.

## 'આરોગ્ય કર્મીઓ દ્વારા કુપોષિત બાળકોને દત્તક લેવાનો નાવિન્ય અભિગમ''

મહેસાણા જિલ્લા પંચાયત દ્વારા સૌ પ્રથમ સુપોષિત મિશન અભિયાન અંતર્ગત કુપોષણને જાકારો આપવા માટે આરોગ્ય કર્મીઓ દ્વારા કુપોષિત બે બાળકોને દત્તક લેવાના પ્રેરણાદાયી કાર્યમમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતું કે સશક્ત માતા જ શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે. મહેસાણા જિલ્લામાં આયુષ મહિલા ડોક્ટર, આ.બી.એસ.કે મહિલા ડોક્ટર, મહિલા સી.એચ.ઓ,સ્ટાફ નર્સ, મહિલા ફિમેલ હેલ્થ વર્કર સ્ટાફ દ્વારા જિલ્લાના 0 થી 07 દિવસના બે-બે બાળકોને દત્તક લઇ કુપોષણ નિવારણ માટેની પહેલ અભિનંદનને પાત્ર છે. આ પ્રસંગે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજીત કાર્યક્રમમાં મહિલા આરોગ્ય કર્મીઓ દ્વારા બે નવા જન્મેલા બાળકોને દત્તક લેવામાં આવ્યા હતા.

# રાજ્ય દિવ્યાંગ નાણા અને વિકાસ નિગમની વેબસાઇટ લૉન્ચ



રાજ્ય સરકાર ગુજરાતના તમામ વર્ગોના આર્થિક ઉત્થાન માટે સતત પ્રયત્નશીલ છે. રાજયનાં દિવ્યાંગજનોને ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણા અને વિકાસ નિગમ દ્વારા આપવામાં આવતી વિવિધ મુદતી ધિરાણ યોજનાઓની માહિતી સુલભ રીતે પૂરી પાડવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે નવતર અભિગમ દાખવીને અનેકવિધ આયોજનો હાથ ધર્યાં છે.

તાજેતરમાં ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણા અને વિકાસ નિગમની વેબસાઇટનું લૉન્ચિંગ કરતાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમાજના તમામ વર્ગોની અને તેમાં ખાસ કરીને દિવ્યાંગજનોના સશક્તીકરણ અને તેમને પણ સમાન તક મળે તે માટે રાષ્ટ્રીય દિવ્યાંગ અને નાણા વિકાસ નિગમ, નવી દિલ્હીના માધ્યમથી વિવિધ મુદતી ધિરાણની યોજનાઓ અમલમાં મૂકી છે. આ વેબસાઇટના માધ્યમથી દિવ્યાંગજનો રાષ્ટ્રીય નિગમની મુદતી ધિરાણની યોજનાની માહિતી મેળવી શકશે. આ ઉપરાંત રાજ્ય સરકારની દિવ્યાંગજનો માટેની ધિરાણ યોજનાઓ અંગેની માહિતી તેમજ તેના માટે ઓનલાઇન અરજી કરવામાં પણ આ વેબસાઇટ મદદરૂપ થશે.

રાજ્યનાં દિવ્યાંગજનોને આ યોજનાનો લાભ મેળવવા માટેની મુખ્યત્વે પાત્રતા તરીકે લાભાર્થી ગુજરાત રાજ્યના વતની હોવા જોઈએ તથા ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતાનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ. લાભાર્થીની પસંદગી પારદર્શક ડ્રો સિસ્ટમથી કરવામાં આવશે. લાભાર્થીને નિગમ દ્વારા મંજૂર કરાયેલા અલગ-અલગ સ્વરોજગાર ધંધા માટે નક્કી કરેલી યુનિટ કોસ્ટ મુજબ પાંચ વર્ષ માટે મુદતી ધિરાણ પૂરું પાડવામાં આવશે. વ્યાજના દર રૂ. ૫૦,૦૦૦ થી ૫૦,૦૦,૦૦૦ ની લોનની રકમ માટે ૫ ટકાથી ૯ ટકા રહેશે.

**અંત્યોદય વર્ગના સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ :** સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારના હસ્તે ગાંધીનગર ખાતેથી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકના ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ દ્વારા અમલી વિવિધ આર્થિક ઉત્કર્ષ યોજનાઓના લાભાર્થીઓની પસંદગી માટે કોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રો કરાયો હતો. તેમાં વિવિધ યોજનાઓ હેઠળ ૪૨૭ લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી છે, જેમને રૂ. ૬૧૫ લાખનું ધિરાણ આપવામાં આવશે.

આ અવસરે મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સબળ નેતૃત્વમાં સમગ્ર રાષ્ટ્ર વિકાસના પથ પર સતત આગળ વધી રહ્યું છે ત્યારે રાજ્યમાં વસતા છેવાડાના માનવીઓના સર્વાંગી વિકાસના મક્કમ નિર્ધાર સાથે છેલ્લા બે દાયકાથી વંચિતોના આર્થિક ઉત્કર્ષ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. છેલ્લા બે દાયકાથી ચાલતી અવિરત વિકાસયાત્રાના ભાગરૂપે નિગમને મળેલ અરજીઓમાંથી કોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રો દ્વારા પસંદગી યાદી તૈયાર કરવામાં આવી છે.

સરળ, સહજ અને સૌમ્ય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની સરકાર ગુજરાત રાજ્યને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઈ જવાના અવિરત અથાક પ્રયાસો આદરી રહી છે. ત્યારે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ પણ એ જ દિશામાં અનુસૂચિત જાતિઓ પૈકીની અતિ પછાત જાતિઓના લોકો આર્થિક રીતે પગભર થઈ સમાજમાં માનભેર ઉન્નત જીવન જીવી શકે તે માટે સતત પ્રયત્નશીલ છે. મંત્રીશ્રીએ આ પારદર્શી પ્રક્રિયા દ્વારા પસંદગી પામેલા તમામ લાભાર્થીઓને આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે આઝાદીનાં હૃદયપૂર્વકનાં અભિનંદન પાઠવ્યાં હતાં. અને આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના નરેન્દ્રભાઈ મોદીજીના સ્વપ્નને સાકાર કરવામાં નાગરિકો પણ સહભાગી થઈ રાષ્ટ્રના વિકાસમાં સક્રિય યોગદાન આપવા બદલ પસંદગી પામેલા તમામ લાભાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના માધ્યમથી સરકારે રાજ્યના અંત્યોદય વર્ગના લોકોના આર્થિક ઉત્કર્ષ માટે નાના ધંધા, વ્યવસાય ધિરાણ યોજના, પશુપાલન ધિરાણ યોજના, પેસેન્જર વાન ધિરાણ યોજના, પેસેન્જર ઑટોરીક્ષા ધિરાણ યોજના મહિલા સમૃદ્ધિ યોજના, માઇક્રો ક્રેડિટ ફાઇનાન્સ ધિરાણ યોજના અને મોબાઇલ ફુડ કોર્ટ વાન ધિરાણ યોજના અમલમાં મૂકી છે. તેમાં રૂ. ૫૦૦૦૦થી લઈ મહત્તમ રૂ. ૭,૦૦,૦૦૦ સુધીનું ધિરાણ નજીવા વ્યાજના દરે આપવામાં આવે છે.

**અનુસૂચિત જાતિની વિવિધ યોજનાઓના લાભાર્થીઓની પસંદગી:** ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનની વિવિધ યોજનાઓના લાભાર્થીઓની પસંદગી માટે ગાંધીનગરમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઇ પરમારના હસ્તે કોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રો કરાયો હતો. તેમાં વિવિધ યોજનાઓ હેઠળ કુલ ૧,૦૫૩ લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી, જેમને રૂ. ૩૪.૭૫ કરોડનાં ધિરાણ આપવામાં આવશે. વિવિધ યોજનાઓના લાભાર્થીઓ તેમના નવા વ્યવસાયો થકી આત્મનિર્ભર બની રાષ્ટ્રના વિકાસમાં તેમનું સક્રિય યોગદાન આપશે તેવી આશા પણ મંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. ●

## દર માસે સહાય આવે અને રમીલાબહેનના હૈયામાં 'હાશ' થાય!

ઇશીતા શાહ

50 વર્ષની ઢળતી ઉંમર અને પતિના સહારા વગરનું જીવન... તેની સાથે આર્થિક તંગીને કારણે જીવન નિર્વાહ માટે લોકોના ઘરે કામ કરવું પડે! આવું જીવન એક અસહાય વિધવા માટે કેટલું કપરું હોય તેની તો કલ્પના પણ મુશ્કેલ છે. આવું જીવન અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા રમીલાબહેન જીવી રહ્યા છે. તેમની આર્થિક તંગી જોઈને એક શુભચિંતકે તેમને મુખ્યમંત્રીશ્રીની ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના વિશે જણાવ્યું. રમીલાબહેનની આ યોજનાનો લાભ લેવા માટેની અરજી સ્વીકારાઈ અને તેમના જીવનને મોટો સહારો મળ્યો. હવે રમીલાબહેનને દર મહિને રૂ. 1250 રૂપિયાનું પેન્શન મળવા લાગ્યું. આ રકમને કારણે રમીલાબહેનના માથેથી ચિંતાનો ભાર ઓછો થયો.



તેમની આર્થિક સ્થિતિ નબળી હોવાનો કારણે કમનસીબે તેમને લોકોના ઘરે કામ કરીને આવક ઊભી કરવી પડે છે. રમીલાબહેનની આ આવક સાથે તેમના જીવનનિર્વાહ કરવા માટે દર મહિને આવતી પેન્શનની રકમ ઘણી મદદરૂપ બને છે. હવે દર મહિને તેમના નાનકડા મોબાઈલની ટચુકડી સ્ક્રીન પર સહાયના પૈસા જમા થયાનો મેસેજ આવેને આગામી મહિનો શાંતિથી જીવાશે તેવી હૈયામાં 'હાશ' થાય!

રમીલાબહેનને થોડા દિવસ પહેલાં હાર્ટ અટેક આવ્યો હતો. તેમનું સ્વાસ્થ્ય સારું રહેતું નથી તેમને પગની તકલીફ પણ છે. આવી દયનીય સ્થિતિમાં દર મહિનાની પેન્શનની રકમથી રમીલાબહેન ઘણા ખુશ છે. તેઓ ભાવપૂર્વક જણાવે છે કે, "આ યોજનાનો લાભ મળ્યો તેના માટે CM સાહેબનો ઘણો આભાર માનુ છું. હું માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈના કલ્યાણ માટે દરરોજ પ્રાર્થના કરું છું." ●

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાથી ભરૂચના સમની ગામની દીકરી ડૉક્ટર બનશે

ભરૂચ જિલ્લાનું નાનકડું ગામ સમની. ગામમાં અત્યાર સુધી કોઈ દીકરી ડૉક્ટર નહોતી. સરકારની મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY)ને કારણે હવે આ ગામમાંથી પ્રથમ વખત કોઈ દીકરી ડૉક્ટર બનવા જઈ રહી છે. આ યોજનાનો લાભ મળવાને કારણે ગામની દીકરી જાનકીનું સપનું સાકાર થશે અને પરિવારનું નામ પણ રોશન થશે. સમની ગામની દરેક દીકરી માટે જાનકી એક પ્રેરણાનો મુખ્ય સ્ત્રોત બનશે.

જાનકીનું સપનું હતું MBBS કરવાનું સાથે પિતાની પણ ઇચ્છા હતી કે દીકરી ભણીગણીને પગભર બની સમાજ સાથે પરિવારનું નામ રોશન કરે, પરંતુ આ સ્વપ્નમાં પિતાની આર્થિક સ્થિતિ અવરોધ બને તો! સ્વાભાવિક છે કે દીકરી સાથે પરિવાર આખાયનું સપનું તૂટી જાય, પરંતુ ભરૂચ જિલ્લાની કુશળ અને સ્વપ્નદૃષ્ટા દીકરી જાનકીનું MBBS થવાનું સપનું ગુજરાત સરકારની MYSYને કારણે તૂટતા બચ્યું છે.

જાનકીએ પાલનપુરની બનાસ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં એડમિશન મેળવી આ યોજના માટે અરજી કરી. તેમની અરજી મંજૂર થઈ અને 2,12,000 રૂપિયાની સ્કોલરશિપથી તેના સપનાંને વાસ્તવિક દિશા મળી.

**ગામની પ્રથમ દીકરી હશે જે ડૉક્ટર બનશે**

જાનકીના પિતા ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેમની આવક એટલી બધી નહોતી કે દીકરીને MBBSનો અભ્યાસ કરાવી શકે. પિતાની એક જ અભિલાષા કે દીકરીને સારી કોલેજમાં ભણાવી ડૉક્ટર બનાવે.હાલ જાનકી MBBSનાં ચોથા વર્ષમાં અભ્યાસ કરી રહી છે. જાનકી સમની ગામની પ્રથમ દીકરી હશે જે ડૉક્ટર બનશે. તે નાના એવા ગામ માટે ઘણા ગૌરવની વાત છે.

આર્થિક પડકારને કારણે હાયર એજ્યુકેશન પૂરું ન કરી શકતા વિદ્યાર્થીઓ માટે સરકારની MYSY યોજનાની શરૂઆત વર્ષ 2015થી થઈ છે. અત્યાર સુધી આ યોજના માટે સરકારે 3,31,507થી વધારે વિદ્યાર્થીઓને રૂ. 1362.42 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવી છે. ડિપ્લોમા, એન્જિનિયરિંગ, ફાર્મસી અને મેડિકલ સહિતના કોર્સ માટે આ યોજનાનો લાભ લઈશકાય છે. આ યોજનાની વધુ વિગત મેળવવા માટે તમે mysy.guj.nic.in પર વિઝિટ કરી શકો છો. ●

# મેન્સ્ટ્રુઅલ કપના ઉપયોગ માટે મહિલાઓને પ્રોત્સાહિત કરવા - 'પ્રોજેક્ટ ધરતી'

પ્રાચી / રાજ લક્કડ



કાત્યાઈની તિવારી - બહેન, તમે પીરિયડમાં થાવ ત્યારે તમે શેનો ઉપયોગ કરો ?

મહિલા - શરમાઈને જવાબ નથી આપતાં.

કાત્યાઈની તિવારી - બહેન, તમે શરમ ના રાખો, તમે બોલશો તો અમે તમારી મદદ કરી શકશું.

મહિલા - ઓલા નેપકિન કે કપડું વાપરીએ (ખૂબ જ શરમાઈને....ગંભીરતાથી)

વર્તમાન સમયમાં શહેરી વિસ્તારોને બાદ કરતાં ગ્રામવિસ્તારોની મહિલાઓમાં માસિકધર્મ બાબતે વાત કરવામાં પણ સંકોચ થતો જોવા મળે છે. આવા માહોલની વચ્ચે સમગ્ર ગુજરાતમાં રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા પ્રથમ વખત પર્યાવરણ બચાવવા સાથે મહિલાઓમાં જાગૃતિ અર્થે મહિલાઓને સેનેટરી પેડ કે કપડાના ઉપયોગને બદલે મેન્સ્ટ્રુઅલ કપનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરાઈ રહી છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવ ચૌધરી જણાવે છે કે, ભારતભરમાં મહિલાઓ માટે કામ કરતી સંસ્થા 'લાલ સખી' ગ્રુપ સાથે સંપર્ક થયો અને જિલ્લા પંચાયત દ્વારા રૂ. ૧.૫૦ લાખની રકમ સ્વ-ભંડોળમાંથી ફાળવીને રાજકોટ જિલ્લાના નાગલપર અને પીપળિયા એમ બે ગામડાંઓમાં પાયલોટ પ્રોજેક્ટ સ્વરૂપે 'પ્રોજેક્ટ ધરતી' શરૂ કરાયો છે. 'પ્રોજેક્ટ ધરતી' અંતર્ગત ગ્રામ્યવિસ્તારોમાં મહિલાઓમાં માસિક ધર્મ સમયે ઉપયોગમાં લેવાતાં કાપડ અને સેનેટરી પેડના કારણે તેમના સ્વાસ્થ્ય ઉપરાંત પ્રકૃતિને પણ નુકસાન થતું હોવાથી જનજાગૃતિ લાવવાનો પ્રયાસ રાજકોટ જિલ્લા પંચાયતે કર્યો છે. રાજકોટ-અમદાવાદ હાઈવે પર પીપળિયા ગામની આજુબાજુનાં ગામોમાં ઘરેઘરે જઈ મહિલાઓને મેન્સ્ટ્રુઅલ કપનો ઉપયોગ અને તેના ફાયદા સમજાવાય છે. આ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત એક ટાર્ગેટ રાખવામાં આવ્યો કે, ૬ મહિનામાં ૨૦૦ મહિલા આ કપનો ઉપયોગ કરતી થાય, ત્યાર બાદ તાલુકા દીઠ બે કે તેથી વધુ ગામ પસંદ કરીને મોટા પાયે અમલીકૃત કરવામાં આવશે. હાલમાં ૯૦ બહેનોએ આ નવતર પ્રયોગને અપનાવી લીધો છે અને ૩૦૦થી વધુ મહિલાઓને કપના ઉપયોગ અંગે માહિતગાર કરવામાં આવી છે.

આ કપ બજારમાં ૪૦૦થી ૫૦૦ રૂપિયામાં મળે છે, પરંતુ રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા માત્ર ૨૫૦ રૂપિયામાં આપવામાં આવે છે, એ પણ ૧૦, ૨૦ કે ૫૦ રૂપિયાના હપ્તે, એટલે કે જ્યારે શક્ય બને ત્યારે રૂપિયા ચૂકવી શકે તેવી સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે.

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત વ્યાવસાયિક સંસાધન કર્મચારી તરીકે કામ કરતાં કાત્યાઈની તિવારી કહે છે કે, કાપડ અથવા સેનેટરી પેડના ઉપયોગના કારણે અનેક મહિલાઓને સ્વાસ્થ્યને લગતી ગંભીર સમસ્યાઓ ઉદ્દભવતી હોય છે, જેના વિશે તેઓ પરિવારજનોને કહેવામાં પણ ખચકાટ અનુભવતી હોય છે. મને પોતાને પેડ અને કાપડના ઉપયોગના કારણે પાંચ વર્ષ પહેલાં શરીરમાં ગાંઠ થઈ હતી, જેનું ઑપરેશન કરીને ગાંઠને દૂર કરવામાં આવી હતી, અને તે પ્રક્રિયા ખૂબ જ પીડાદાયક હતી. મારા પતિ મારી સાથે હતા, ઑપરેશન બાદ તેઓએ મારા સ્વાસ્થ્યનો ખ્યાલ કરીને મારા માટે સુરક્ષિત એવા મેન્સ્ટ્રુઅલ કપનો ઉપયોગ કરવા અંગે ડૉક્ટર પાસેથી જાણકારી મેળવીને મને માહિતગાર કરી તેમજ ઓનલાઈન મેન્સ્ટ્રુઅલ કપ મંગાવી આપ્યો. આ ઘટના મને જીવનભર યાદ રહેશે. ઘણી બહેનો માટે પીરિયડ દરમિયાન સેનેટરી પેડ કે કાપડ ઘાતક સાબિત થાય છે. જ્યારે સિલીકોન મટીરિયલમાંથી બનતા 'મેન્સ્ટ્રુઅલ કપ' સેનિટરી પેડની સરખામણીએ આરામદાયક છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મેન્સ્ટ્રૂઅલ કપ સિલિકોનનો બનેલો હોય છે. મેન્સ્ટ્રુઅલ કપ ત્રણ સાઈઝમાં આવે છે, જેમાં નાની, મીડિયમ અને મોટી સાઈઝનો સમાવેશ થાય છે. ૧૮ વર્ષથી ઓછી ઉંમરની યુવતી માટે નાની સાઈઝનો કપ ઉપયોગમાં આવે છે. ૧૮થી ૩૦ વર્ષની મહિલાઓ માટે મીડિયમ સાઈઝનો કપ ઉપયોગમાં આવે છે અને જે મહિલાઓ ૨૫ વર્ષથી વધુ ઉંમર ધરાવે છે અને તેઓ માતા બની ગઈ હોય તો તેમના માટે મોટી સાઈઝનો કપ ઉપયોગમાં આવે છે. કપનો ઉપયોગ કરતાં પહેલાં તેને ગરમ પાણીમાં ઉકાળી ૫ મિનિટ રાખી સાફ કર્યા બાદમાં તેનો ઉપયોગ કરી શકાય છે. કપનો ઉપયોગ કરતી વખતે એને દિવસમાં ૪થી ૫ વખત, ૪થી ૫ કલાકના અંતરાલે ગરમ પાણીથી સાફ કરવાનો રહેશે. મેન્સ્ટ્રૂઅલ કપનો ઉપયોગ કરવાથી સ્ત્રીઓના સ્વાસ્થ્ય અને પર્યાવરણનું સંરક્ષણ અને સંવર્ધન થાય છે. સાથેસાથે નાણાની બચત પણ થાય છે.

આમ જોઈએ તો, સ્ત્રીઓના સ્વાસ્થ્ય અને પર્યાવરણના બચાવ માટે મેન્સ્ટ્રૂઅલ કપ આવનારા સમયની જરૂરિયાત બની રહેશે. મેન્સ્ટ્રૂઅલ કપના ઉપયોગ માટે મહિલાઓની તથા પરિવારજનોની બહુમતિ અને સહમતિ બંને અનિવાર્ય છે. ●

# બોટાદ જિલ્લામાં વર્ષાઋતુમાં "જ્ઞાનઋતુ"નાં વધામણા

રાધિકા વ્યાસ

મહાત્મા ગાંધીજીએ પુસ્તક વિશે કહ્યું છે કે, પુસ્તક મનુષ્યના જીવનની સંજીવની જડીબુટી અને દિપકની પ્રજ્વલિત જ્યોતિ છે. જે રીતે વ્યાયામથી શરીરને લાભ થાય છે તેવી જ રીતે સારા પુસ્તકના વાંચનથી મસ્તિષ્કને લાભ થાય છે. એવું કહેવાય છે કે, 'લીડર' બનવું હોય તો પહેલાં 'રીડર' બનો. ત્યારે રાજ્યસરકાર દ્વારા પુસ્તકાલય પ્રવૃત્તિને વેગ મળે તે માટે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે અનેક પ્રકાશનો બહાર પાડવામાં આવે છે જેના થકી બાળકોથી લઈ વડીલોની જ્ઞાન પીપસા પણ સંતોષાય છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરતાં વિદ્યાર્થીઓ માટે પણ રાજ્ય સરકાર દ્વારા અનેક પુસ્તિકાઓ બહાર પાડવામાં આવે છે. આવા અનેક સરકારી પ્રકાશનો એક જ સ્થળે મળી શકે તે માટે બોટાદ રોજગાર વિનિમય કચેરી તેમજ જિલ્લા માહિતી કચેરી દ્વારા 'પહેલ' નામે પુસ્તક પરબનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પુસ્તક પરબમાં માહિતી ખાતા અને સરકારી મુદ્રણાલય દ્વારા પ્રકાશિત થતાં તમામ પુસ્તકો ઉપલબ્ધ છે. બોટાદ જિલ્લાનું ટેક્સટાઈલ ક્ષેત્રનું અગ્રગણ્ય એકમ સ્કાય સ્પિનટેક્સ પ્રા.લી. દ્વારા પુસ્તકો અને અન્ય આનુષંગિક ખરીદીઓ માટે સહયોગ પ્રાપ્ત થયો છે જે વહીવટીતંત્રના જનભાગીદારી માટેનાં શ્રેષ્ઠતમ પ્રયાસોનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ છે.

બોટાદ કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા રોજગાર અધિકારી શ્રી પ્રશાંત ત્રિવેદી અને સહાયક માહિતી નિયામક શ્રી રાધિકા વ્યાસ દ્વારા આરંભાયેલા નવતર પ્રયોગ




વાંચનાલય અને પુસ્તક પરબનો કલેક્ટર શ્રી બિજલ શાહના વરદહસ્તે અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી પી.ડી.પલસાણાની પ્રેરક ઉપસ્થિતીમાં શુભારંભ કરવામાં આવ્યો હતો. સરકારી પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારોને એક જ સ્થળ પર જરૂરી તમામ પુસ્તકો મળી જાય અને પરીક્ષાલક્ષી તૈયારીઓ સરળ બનાવવાના હેતુથી પુસ્તક પરબ "પહેલ"ની શરૂઆત કરવામાં આવી છે. જેનો બોટાદવાસીઓ ઉત્સાહભેર બહોળી સંખ્યામાં લાભ લઈ રહ્યાં છે. પુસ્તકાલયના ઉદ્ઘાટન બાદના પ્રથમ જ સપ્તાહમાં બોટાદના અંદાજે ૫૦૦થી વધુ વાંચનયોગીઓએ આ પુસ્તક પરબની મુલાકાત લીધી છે.

આ પુસ્તક પરબ વિશે બોટાદ કલેક્ટર શ્રી બિજલ શાહે બંને કચેરીની આ પ્રસંશનીય કામગીરીને બિરદાવતા જણાવ્યુ કે, આ પ્રકલ્પ થકી જિલ્લાના યુવાનો ઉજ્જવળ કારકિર્દીના સોપાનો સર કરી શકશે તેમજ વાંચનરસિકોને પુસ્તકો પોતાના ઘરે લઈ જઈને વાંચવાનો અવસર મળી રહ્યો છે.







જિલ્લા વિકાસ અધિકારી શ્રી પી.ડી. પલસાણાએ જિલ્લા માહિતી કચેરી અને જિલ્લા રોજગાર વિનિમય કચેરીને શુભકામના પાઠવી જણાવ્યું હતું કે, યુવાનોને વાંચન પ્રત્યે રૂચિ વધારવા અને પુસ્તકો સરળતાથી મળી રહે તે માટે આ પ્રશંસનીય પહેલથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનોને નવી દિશા મળશે. આ વાંચનાલયનો જિલ્લા સેવા સદનમાં કાર્યરત સરકારી કચેરીઓના કર્મયોગીઓને પણ લાભ મળશે. અસ્થિવિષયક દિવ્યાંગતા ધરાવતા ફરઝાનાબેન વડદરિયા જણાવે છે કે, પુસ્તકોથી મારા જીવનમાં અનેક હકારાત્મક પરિવર્તનો આવ્યા છે. પુસ્તકોથી સારી વિચારધારા અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. માહિતી કચેરી અને જિલ્લા રોજગાર વિભાગની આ પહેલ ખુબ જ પ્રશંસનીય છે. અમારા જેવા અનેક વાંચકોને મોટો ફાયદો થશે.

આશિષ કણઝારીયા જણાવે છે કે, મારા જેવા અનેક કારકિર્દી ઈચ્છુક યુવાનો માટે આ પુસ્તકાલય ભેટ સમાન છે. અહીં શાંતિથી બેસી કલાકો સુધી પુસ્તકોનું વાંચન થઈ શકે છે.

જિલ્લા સેવા સદનના ડી.આઈ.એલ.આર કચેરીમાં સર્વેયર તરીકે ફરજ બજાવતા વંદનાબેન દેસાણી તથા નિકિતાબેન વાઘેલા પણ વિશ્રાંતિકાળ દરમિયાન નિયમિતપણે "પહેલ"ની મુલાકાત લઈ રહ્યા છે. સરકારી કર્મયોગી તરીકે આ પુસ્તકપરબ સાથેનો અનુભવ જણાવતા તેઓ કહે છે કે, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનોને તો આ પુસ્તકો ખુબ જ મદદરૂપ બની શકે તેમ છે. આ ઉપરાંત ખાતાકીય પરીક્ષામાં સરકારી કર્મચારીઓ માટે પણ આ પુસ્તકરૂપી ખજાનો ખૂબ જ મુલ્યવાન સાબિત થશે. ●

# નર્મદા જિલ્લાએ પૂરું પાડ્યું ડિઝાસ્ટર મેનેજમેન્ટનું ઉત્તમ ઉદાહરણ





✎ યાકુબ ગાદીવાલા

સમયસૂચકતા અને દૂરંદેશીપણાની મિસાલ ગત જૂલાઇ માસમાં નર્મદા જિલ્લામાં જોવા મળી. નર્મદા જિલ્લામાં ભારે વરસાદને પગલે પૂરની ગંભીર સ્થિતિનું નિર્માણ થયું હતું. આ સમયે રાજ્ય સરકારની મદદથી સમગ્ર બચાવ અને રાહત કામગીરીને સફળતાપૂર્વક પૂર્ણ કરનાર નર્મદા જિલ્લા વહીવટી તંત્રે ડિઝાસ્ટર મેનેજમેન્ટનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સમગ્ર મિશનની દિલધડક દાસ્તાન નર્મદા જિલ્લાના સમાહર્તા અને એનડીઆરએફ, એસડીઆરએફના બચાવકર્મીઓ તેમજ બચી જનાર લોકોના મોઢેથી જ જાણીએ.

સમગ્ર નર્મદા જિલ્લામાં અભૂતપૂર્વ વરસાદના કારણે કરજણ ડેમનાં દરવાજા ખોલવા પડ્યા હતા. તો બીજી તરફ ભારે વરસાદને પગલે ઘણાં વિસ્તારોમાં પાણી ભરાયાં હતા. પૂરની પરિસ્થિતિ વચ્ચે રાજ્ય સરકાર સાથે સંકલન સાધી નર્મદા જિલ્લા તંત્ર, NDRF અને SDRFએ રાજપીપળામાં પૂરના પાણીમાં ફસાયેલા 25 લોકોને દિલધડક ઓપરેશન કરી બચાવી લીધા.

આ સમગ્ર દિલઘડક રેસ્ક્યૂ ઓપરેશન અંગે નર્મદા કલેક્ટર શ્રી ડી.એ.શાહે જણાવ્યું હતું કે, "જિલ્લામાં અભૂતપૂર્વ વરસાદ થતાં કરજણ ડેમના દરવાજા ખોલતા રાજપીપળાનાં હેલીપેડ પર ચાર અને સ્મશાન આગળ ૨૧ વ્યક્તિઓ ફસાયા હતા. ભારે વરસાદ અને અંધારાને લીધે બચાવકાર્ય સંભવિત ન હતું. જિલ્લા વહીવટી તંત્રએ સરકારને વિનંતી કરતાં રાજ્ય સરકારે હેલિકોપ્ટર તેમજ ડ્રોનની મંજૂરી આપી હતી. દરમિયાન સંકલન સાધી કરજણ ડેમનો આઉટફ્લો ઘટાડીને ૨૦ હજાર ક્યુસેક કર્યો. આ નિર્ણયથી રાજપીપળામાં પાણીનું લેવલ આઠેક ફૂટ ઘટ્યું. આ સાથે NDRF-SDRFની ટીમે મોડી રાત્રે રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી હેલીપેડ પરથી ચાર અને સ્મશાન પાસેથી ૨૧ લોકોને બચાવી લીધા. આ રેસ્ક્યૂ ટીમોએ ઝીરો કેઝ્યુલીટી સાથે બચાવ કામગીરીનો રાજ્ય સરકારનો લક્ષ્ય સિદ્ધ કર્યો.

NDRF ટીમ લીડર શ્રી દિપક બાબુએ જણાવ્યું હતું કે, કરજણ નદીમાં પૂર આવતા પ્રથમ રાજપીપળા હેલીપેડ સ્થળે ચાર વ્યક્તિઓને બચાવવા કવાયત હાથ ધરાઇ હતી. જોકે ખેતરોમાં કાદવ-કીચડ હોવાથી અને રોડ પર ફેન્સિંગ,સિંચાઇ માટે પાઇપ હોવાથી હેલીકોપ્ટરથી એરલિફ્ટની તૈયારી કરી ત્યારે જિલ્લા પ્રસાશન દ્વારા ડેમમાંથી પાણીની જાવક ઓછી કરાયા બાદ અમારી ટીમે રેસ્ક્યુ ઓપરેશન ચલાવી ચારેય લોકોને સુરક્ષિત બચાવી લેવાયાં હતાં. તદ્ઉપરાંત, અન્ય ૯ લોકોને પણ રોપની મદદથી તેમજ ફસાયેલા લોકોને લાઈફ જેકેટ પહેરાવીને બચાવ કર્યો હતો.

SDRF ટીમના શ્રી શૈલેષકુમાર નાઇએ જણાવ્યુ હતું કે, અમારી ટીમે રાતના અંધારામાં બેથી અઢી કિલોમીટર પાણીના પ્રવાહમાં જઇ એક નવજાત શીશુ અને સાડા ત્રણ વર્ષની બાળકી મળી કુલ ૧૪ લોકોને બચાવી લીધાં. તો બીજી બાજુ કેટલાક નાગરિકોએ જીવ બચાવવા ઝાડ, ખેતરોમાં આશરો લીધો હતો, જેને અમારી ટીમે બચાવ્યાં હતા.



રેસ્ક્યુ ટીમનો આભાર વ્યક્ત કરતાં રાજપીપળાના શ્રી ધર્મેશભાઈ પટેલે જણાવ્યું કે, તેઓ ખેતરે કામ કરતા હતા ત્યારે ડેમમાંથી છોડતા કરજણ નદીમાં જળસ્તર અચાનક વધતા અમે ઝાડ ઉપર આશરો લીધો હતો. ત્યાર બાદ સામે કિનારે રહી એનડીઆરએફની ટીમ મને સધીયારો આપતી હતી. પાંચ કલાકની પ્રતીક્ષા કર્યા બાદ તેમને મોતના મુખમાંથી બચાવી લેવાયા હતા.

પૂરની આફતમાંથી ઉગરી જનાર શ્રી જયંતીભાઇ માછીએ જણાવ્યું હતું કે, રાજપીપળા હેલીપેડ પાસે પશુ ચરાવતી વખતે નદીનું જળસ્તર વધી જતાં પશુઓ સાથે ફસાઇ ગયો હતો. આખરે કલાક બાદ ચાર સુરક્ષિત બચાવી લેવાયા હતા. જે બદલ તેમણે કલેકટર અને વહિવટીતંત્ર તેમજ રેસ્ક્યુટીમનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો. કલેકટર અને જિલ્લા પોલીસ વડાએ આ જીવનરક્ષક અને પ્રસંશxસનીય સેવાઓ બજાવનાર જવાનોને પ્રશસ્તિ પત્રો એનાયત કર્યાં હતા. કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, સંકટની ઘડીમાં અપ્રતિમ સાહસ તેમજ વ્યસાયિક કુશળતાનો અભૂતપૂર્વ સમન્વય કરી બચાવકાર્ય હાથ ધર્યું તે અન્ય જવાનોને પ્રોત્સાહન આપનારું છે. કુદરતી આફતનાં સમયમાં સંકલન સાથે સમયસૂચકતા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. નર્મદા જિલ્લા વહીવટી તંત્રે રાજ્ય સરકાર સાથે સંકલન સાધીને ગુજરાતના સામર્થ્યનું એક ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું છે. ●

મચ્છરનો
નાનો ડંખ
મોટું જોખમ

# સમય છે, સમજદાર બનવાનો... મચ્છરજન્ય રોગો સામે મક્કમતાથી લડવાનો...



**આપણા સૌની જવાબદારી, આપણા સૌની ભાગીદારી**

**તમને ખબર છે, મલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા ફેલાવતા મચ્છર તમારા ઘરમાં કે ઘરની આસપાસ પણ હોઈ શકે છે**

## મચ્છરજન્ય રોગોથી સુરક્ષા માટે આટલું અવશ્ય કરો

- આપના ઘર કે ધંધાના સ્થળે મચ્છરજન્ય રોગોથી બચવા દર અઠવાડિયામાં અનુકૂળ એક દિવસે મચ્છર નાબૂદી દિવસ તરીકે ઝુંબેશ હાથ ધરી પાણી સંગ્રહના તમામ પાત્રો જેવા કે માટલાં, બેડાં, પવાલી, ડ્રમ, કેરબા, ટાંકી, પક્ષીચાટ, ફ્રીજની ટ્રે તથા અન્ય પાત્રોને ખાલી કરી સાફ કરી સૂકવીને પાણી ભરવું.
- હંમેશા મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો. મચ્છર પ્રતિકારક ધૂપ - અગરબત્તી, સ્પ્રે કે અન્ય મચ્છર પ્રતિરોધક વેપોરાઇઝરનો ઉપયોગ કરો.
- પીવા અને અન્ય વપરાશ માટે રાખેલા પાણીના પાત્રોને હવાયુક્ત ઢાંકેલા રાખો. ઇલેક્ટ્રિક મોસ્કીટો રેકેટનો ઉપયોગ કરવો.
- કોઇપણ વ્યક્તિને તાવ આવે તો તાત્કાલિક લોહીની તપાસ અવશ્ય કરાવી સંપૂર્ણ સારવાર લેવી.
- હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી માટે આરોગ્ય કર્મચારી આપના ઘરની મુલાકાતે આવે ત્યારે પુરતો સાથ અને સહકાર આપવો.
- ઘર કે ઓફિસના બારી-બારણાં ઉપર જાળી અવશ્ય લગાવો

**મચ્છર ઉત્પત્તિના મુખ્ય સ્થાનો શોધો અને નાશ કરો**




**સમયસર ઉપચારથી મલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા સંપૂર્ણપણે મટી શકે છે.**

**તકેદારી એ જ સાચી સમજદારી...**

# हर घर तिरंगा





## દેશનું ગૌરવ, દેશનું અભિમાન તિરંગો હર ઘરની શાન

**Published on Date 1-8-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.

**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Director of Information on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦